# કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ : આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક
વર્ષ ૬૩મું · ડિસેમ્બર ૧૯૯૦

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક



શ્રીલંકાના ડાઈ ડરામણા દેવનું એક મહોરું

સળંગ અંક
૭૫૫



**જિસસના જન્મની વધાઈ :** ૧૪મી સદીના ઈટાલિયન કલાકાર આંદ્રેઇ વાનીનું એક ચિત્ર. હાલ તે વૉશિંગ્ટન ડી. સી.ની નૅશનલ ગૅલેરી ઑવ આર્ટ્માં છે. તેમાં જેરુસલામના તબેલા પાસે જૉસેફની પાસે બાળ ઈસુને ખોળામાં લઈને માતા મેરી બેઠાં છે. ત્રણ રાજવીઓ આ દૈવી બાળકને વિવિધ ભેટ ધરી તેમનું સ્વાગત કરે છે, જ્યારે ડાબી બાજુ, પૂર્વના દેશોના વિદ્વાનો આ નવજાતક અવતારના દર્શન માટે આવેલા દર્શાવ્યા છે.

◁ **પૂઠા ઉપરનું ચિત્ર :** વનવાસી આદિ પ્રજાઓના ધાર્મિક વિધિઓ, લોકનૃત્યો, નાટચપ્રયોગો, તેમજ બાળકોના મનોરંજન સુધી વિવિધ પ્રકારનાં મહોરાં (માસ્ક)નો ઉપયોગ આજે યે દુનિયાભરમાં પ્રચલિત છે. એનું રૂપ બિહામણું પણ હોય તેમજ સૌમ્ય પણ. ઘાસપાન, વાંસ-કાષ્ટ કે કાગળ યા ધાતુ સુધીના પદાર્થોમાંથી તે બને છે. એમાં દેવ-દૈત્યોની કાલ્પનિક મુખાકૃતિ યે હોય અને વિવિધ પક્ષી-પ્રાણીઓના આકારો પણ હોય. કેવળ શોભનાર્થે પણ તે વપરાય છે.

## વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઓર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બૅંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બૅંક કમિશનના રૂ. ૧૦-૦૦ ઉમેરવા, અન્યથા બૅંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ હાલમાં રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫ તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી દસેક દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઓફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોની પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

**તમામ પત્રવ્યવહારનું સરનામું**
**'કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧**

## નવું લવાજમ

**'કુમાર'ના લવાજમમાં ૧૯૯૧થી થોડો વધારો કરવો પડ્યો છે, તેને સહુ ગ્રાહકો સહ્ય ગણશે તેવી અમારી શ્રદ્ધા છે. હવેથી વાર્ષિક લવાજમ રૂપિયા ૭૫ અને આજીવન લવાજમ રૂપિયા ૭૫૦ રહેશે. સહુ ગ્રાહકો અને એજન્ટોએ આની નોંધ લેવી.**

# સાંકળિયું

ડિસેમ્બર ૧૯૯૦
સળંગ અંક ૭૫૫

**ચિત્રો**
શ્રીલંકાનું મહોરું — પૂઠું
જિસસના જન્મની વધાઈ (આંદ્રેઈ વાની) — મુખચિત્ર
**કાવ્યો**
વાર્ધક્ય (જયન્ત પાઠક) — ૨૫૫
શબ્દવેધ (કૃષ્ણ દવે) — ૨૫૫
અનામી તરુ (જગદીશ ત્રિવેદી) — ૨૫૫
ઉપેક્ષિતા (મણિલાલ હ. પટેલ) — ૨૫૫
**ચરિત્ર**
વી. શાંતારામ (બિ.ટાં.) — ૨૫૬
**વાર્તા-લઘુકથા-નાટિકા**
બીજી જ વાત (અશોકપુરી ગોસ્વામી) — ૨૬૧
તંતુ (રમેશ ત્રિવેદી) — ૨૬૪
રાજા મિડાસ (ચિનુ મોદી) — ૨૬૯
**લેખો**
નાયગરા (ભોળાભાઈ પટેલ) — ૨૬૫
ઈશાવાસ્ય ઉપનિષદ (રાજેન્દ્ર શાહ) — ૨૬૮
બૅક લિફ્ટ અને ફુટવર્ક (કુમારપાળ દેસાઈ) — ૨૭૪
આરોગ્યસૂત્ર ('પુનર્વસુ') — ૨૭૦
સુખ એટલે જે પાડોશી પાસે છે તે (વિનોદ ભટ્ટ) — ૨૭૬
કથાસરિત્સાગર (કનુભાઈ જાની) — ૨૭૮
અંગ્રેજી સાહિત્યનું આચમન (મધુસૂદન પારેખ) — ૨૮૦
વી. શાંતારામની વિદાય (પીયૂષ વ્યાસ) — ૨૮૩
૬૦ હજાર વર્ષના અબોલા તૂટે છે! (સુશ્રુત પટેલ) — ૨૮૪
ભ્રાન્તિમૂલક ન્યૂટ્રિનો (છોટુભાઈ સુથાર) — ૨૮૬
પ્રદૂષણ અને પ્રાણીઓ (ડૉ. નગીન મોદી) — ૨૮૭
**વિભાગો**
વાચકો લખે છે... — ૨૫૪
સાહિત્યસંપર્ક (લૉરેન્સ ડરેલ, અવલોકનો) — ૨૮૯
માધુકરી (મોર્ટિમર વ્હીલર, વિજયાલક્ષ્મી પંડિત, બા. દોશી) — ૨૯૦
છેલ્લું પાનું — ૨૯૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત.
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કૉમ. સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૭૫, પરદેશમાં રૂ. ૨૫૦
છૂટક નકલ રૂ. ૭-૦૦ + ટ. ખ. રૂ. ૨-૦૦

# વાચકો લખે છે...

હમણાં સો એક જેટલાં જૂના-નવાં 'કુમાર'ની ફાઈલો બંધાવી, એક પછી એક બહુ નિરાંતે વાંચું છું. કેટલુંક તો બીજી ત્રીજી વાર વાંચું છું છતાં તદ્દન નવું જ વાંચતો હોઉં તેમ લાગે છે. સ્વ.ર.મ.રા અને સ્વ.બચુભાઈ આપણને કેવો સમૃધ્ધ વારસો આપતા ગયા છે ! ગુજરાત આ વિભૂતિઓની કદર ક્યારે કરશે ? બે એક પેઢી સત્વશીલ ભાવકોની યે મરી ખૂટવા આવી. હવે આવી સંપાદનક્ષમતા 'ન ભૂતો ન ભવિષ્યતિ' જ લાગે છે.

નવું 'કુમાર'પાંખુ લાગ્યું. મોટા અક્ષરો, વચ્ચે વચ્ચે ખાલી પડતી જગ્યા-વધુકી જગ્યા - વગેરે અગાઉના 'કુમાર'થી સાવ જુદું છે.મુદ્રણની મર્યાદાઓ હશે, પણ અક્ષર નાના-ઝીણાં રાખી વધુ લખાણ સમાવી ન શકાય ?...ખરેખર તો 'કુમાર'નું ફેર-પ્રાકટ્ય એ જ વિસ્મયકારક ઘટના છે. સૂચનો તો સૌને કરતાં આવડે, પણ કરતાં કેટલી પાણ્યે સો થાય એ ખબર પડે.... થઈ શકે તો 'કુમાર'ની છપાઈને વધુ કૉમ્પેક્ટ બનાવો. ...પાનાંની છપાઈમાં બાંધણી તરફ વધુ માર્જિન રહે તો ફાઈલ બનાવતાં લખાણ દબાય નહિ.

**જનક ત્રિવેદી (અમરેલી)**

'કુમાર'ના ઓક્ટોબર '૯૦ના અંકમાં શ્રી કૃષ્ણમૂર્તિ વિષેના લેખમાં (મારા મતે) સુરુચિભંગ કરનારી એક ક્ષતિ તરફ આપનું ધ્યાન દોરું છું. 'કૃષ્ણમૂર્તિ મદ્રાસી હોવા છતાં સુંદર હતા' એ મતલબનું એક વિધાન છે. આમાં 'મદ્રાસી હોવા છતાં'એ શબ્દો ન હોત તો સારું થાત. બીજું લેખ સાથે લેખકનું નામ પણ મૂકવાનું રહી ગયું છે.

**ચન્દ્રવદન હી. પાઠક (વડોદરા)**

'કુમાર'ના એક કોલમમાં લીટી દીઠ ૪૦ થી ઓછા અક્ષરો છે, અન્ય કેટલાંક સામયિકોમાં ૪૫ જેટલાં અને છતાં સુવાચ્ય અક્ષરો જોયા છે...કમ્પ્યુટર પાસેથી કામ લેતાં કી-બોર્ડ પર આંગળાં કેવા ફરે છે તે ઉપર ચોખ્ખાઈનો આધાર છે...પાન ૨૧૩ પર પહેલા કોલમમાં 'પારસી કુટુંબમાં કર્મકંઠની ૯૯ ડિસેમ્બરે....'તથા પાન ૨૧૮ પર વચલા કોલમમાં 'ઉધ્રવમૂલ' છપાયું છે. (પૃ. ૨૧૩ ઉપર શ્યાવક્ષ ચાવડાની એ જન્મતારીખ ૧૯૧૪ની ૧૧ ડિસેમ્બરે. પાન ૨૧૮ પર 'ઉધ્રવમૂલ' એ 'ઉર્ધ્વમૂલ' છે. - સં.)

લેખોમાં ડૉ. સુશ્રુત પટેલનો લેખ પંચતારક રહ્યો. તેમાં વચ્ચેનું વિષયાંતર પણ ગમ્યું. ચિત્રોની છપાઈ કુમાર કક્ષાની નહિ. અમેરિકન દ્રશ્યાવલી હૂબહૂ છે. સૂરતથી મુંબઈની હાઈવે પરની કંટાળાભરી સફરનો થાક આ લેખ વાંચી ઊતરી ગયો.

**રમેશ શાહ (સૂરત)**

'કુમારે' શરૂ થયાના આરંભના વર્ષોના લગભગ ૨૦૦ જેટલા જૂના અંકો સારી સ્થિતિમાં મારી પાસે છે. યોગ્ય કિંમતે મારે તે આપી દેવાના છે. ઈચ્છુકો આ સરનામે સંપર્ક સાધી શકે : ચંદ્રિકાબેન સી. માઉ, તરુણાનિવાસ, મલ્લ ફળિયું, અંજાર (કચ્છ), ૩૭૦ ૧૧૦.

'કુમાર'નવા કવિઓ, કવિપેઢીઓ અને કવિતાને ઘડ્યા છે. એટલે લખવાનું મન થાય છે કે 'ગઝલો' પ્રગટ કરતાં પહેલાં એ ગઝલોમાં ગઝલિયત, ગઝલની અસલયિત છે કે કેમ તેની ચકાસણી કરવી જોઈએ. આપણે ત્યાં રદીફ - કાફિયા અને ગઝલનો છંદોલય સાચવતી કૃતિઓને 'ગઝલ'માની લેવાનું વલણ સર્વત્ર વ્યાપક બન્યું છે. વિચારવા જેવું છે કે, એ તો ગઝલનાં બાહ્ય લક્ષણો છે. કૃતિ એના અંતસ્તત્ત્વથી જ પૂર્ણ બને ચે. ચૌદ લીટીની કોઈ પણ રચના સોનેટ નથી બની જતી. એ રચના કદાચ 'કાવ્ય' હોય. એ રીતે 'રદીફ-કાફિયા'વાળી રચનાઓમાં કદાચ કાવ્યત્વ હોય, 'કુમાર'માં પ્રગટ થયેલી ભાનુપ્રસાદ ત્રિવેદીની અને હર્ષદ ચંદારાણાની 'ગઝલ' તરીકે ઓળખાવાયેલી રચનાઓમાં 'કાવ્યત્વ' છે. કૃતિઓ સારી છે પણ એને 'ગઝલ' કહી શકાશે ? મારે મતે એમાં ગઝલની અસલિયત નથી. ગઝલરીતિમાં, તગ્ઝૂલ અને તસવ્વુફ અનિવાર્ય પણે આવવાં જોઈએ. તો જ એ કૃતિઓ ગઝલ કહેવાય. ગઝલના સ્વરૂપ સાથે જોડાયેલી એ પ્રથમ અનિવાર્ય શરત છે.

'ઘાયલ', 'અનિલ', 'બેફામ', 'મરીઝ'જેવા ગઝલકારોએ વારંવાર આ વાત કહી છે. પણ પ્રયોગો અને આધુનિકતાને નામે આપણે ત્યાં ભળતી જ કૃતિઓ લખાઈ છે. આનાથી ગમે તેવા આધુનિકતાને નામે આપણે ત્યાં ભળતી જ કૃતિઓ લખાઈ છે. આનાથી ગમે તેવા ગલઝકારો બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા ને પરિણામે લા.ઠા.એ.એને માટે 'સેન્ટિમેન્ટલ ટ્રેશ' એવો પ્રયોગ કરવો પડ્યો. અલબત્ત લા.ઠા. ગઝલના આધ્યાત્મિક પરિણામને સમજીને આમ કહેતા હશે કે કેમ ? એવો મને પ્રશ્ન રહે છે. ગઝલને એનું આધ્યાત્મિક (મેટાફિઝિક્સ) પરિણામ હોય છે. ગઝલકારમાં પણ એવા આધ્યત્મવિશેષની તરસ કે અનુભૂતિ ના હોય તો ગઝલમાં અસલિયત - સચ્ચાઈ આવતાં નથી. ગઝલ આ અર્થમાં જીવનરીતિ છે, માત્ર કાવ્યપ્રકાર નહીં, આ વાત પણ ઘાયલ તથા અદમ વારંવાર કહે છે.

**ડૉ. મણિલાલ હ. પટેલ**
**(વલ્લભવિદ્યાનગર)**

ખોવાયેલું 'કુમાર' ફરી મળ્યું. અનેરો આનંદ થયો. 'કુમાર' હવે 'અમર' બની રહે એવી પ્રાર્થના. પ્રોફેસર ફિરોઝ કાવસજી દાવરનો કમલા પરીખનો લેખ ઉત્તમ રીતે રજૂ થયો છે. 'કુમાર'ના જૂના અંકોમાંથી ચયન કરી ગ્રંથ રૂપે પ્રકાશન કરવાની યોજનાને ખૂબ સારો આવકાર મળશે. 'કલાવાર્તા', 'મારી માન્યતા' વિભાગોને પણ ગ્રંથરૂપે પ્રગટ કરવાનું વિચારશો.

**હરિભાઈ દા. ટંડેલ (એરૂ)**

થોડા વર્ષો પહેલાં 'કુમાર'નું પ્રકાશન બંધ થયાના સમાચાર જાણેલા ત્યારે ખૂબ જ ગ્લાનિ અનુભવી હતી. મારા જીવનમાં કલાસંસ્કાર રેડવામાં 'કુમાર' તથા પૂ. રવિભાઈનો મોટો ફાળો રહેલો છે. જયારે પુનઃ 'કુમાર'ના પ્રાગટ્ય થયાના સમાચાર જાણ્યા ત્યારે માંદગીના બિછાનેથી ખૂબ જ આનંદ થએલો.

**લક્ષ્મીપ્રસાદ ના. સેવક**
**અમદાવાદ**

## વાર્ધક્ય/જયન્ત પાઠક

(મંદાક્રાન્તા - સ્રગ્ધરા - સૉનેટ)

ધીમાં ધીમાં ડગ નિયત તે નિત્યને સ્થાન પ્હોંચે;
સીસું જાણે ભર્યું ન ! - ફસડાઈ પડે બાંકડા પે;
વચ્ચે વચ્ચે કરચલી તણી કાંટમાંથી કઠોર
કાઢે ડોકું સ્મિતકુસુમ, ને પાછું અંધારું ઘોર !
બોલે બોલે શ્વસન વધતું-બોલવું એનું એ જ;
શ્રોતા હો કે સ્વગત-ઉરને ખોલવું, હેતુ એ જ;
બોખા મોંને ઘણુંક દળવાનું ગમે, રે અશક્ત,
ટેકો લૈને ટકત ખુરશીહાથનો પાંડુ હસ્ત!
ઓહો, તે આ ચરણ પૃથિવીને દડો માનનારા!
આ બાહુ તે દુરિતદળને મુઠ્ઠી દેખાડનારા!
આ તે ચ્હેરો સતત દ્યુતિથી સૂર્યની શોભનારો!
આ બોલે તે વશીકરણના મંત્રનો બોલનારો!
'કાચો ચાવી જઉં' વદત તે દાંત ક્યાં શ્વેત શ્વેત!
ક્યાં તે આદર્શ-આકર્ષણ, કયહીં અપનું આપ માટેનું હેત!

## શબ્દવેધ/કૃષ્ણ દવે

(ગઝલ)

મારી વ્યથાકથાને મેં કાન લગી તાણી,
લ્યો તીરથીય તગતગ સંધાન કરી વાણી.
એકાદ લક્ષ્ય જેવું છે આંખમાં સનાતન,
બાકી બધીય ચીજો છે પાર્થ-શી અજાણી.
ક્યાં મત્સ્ય ભેદવાં છે પ્રતિબિંબ જોઈ મારે?
હુ ભેદવા મથું છું ફરતો બળદ ને ઘાણી!
બુદબુદ અવાજ પરથી ના શબ્દવેધ કર તું,
એ અંધને અકારણ કેવું નડેલ પાણી!
વીંધાઉં છું ક્ષણેક્ષણ તો યે અડગ ઊભો છું,
આ લોહીની ક્ષણેક્ષણ કરવાની હોય લ્હાણી.

## અનામી તરુ/જગદીશ ત્રિવેદી

(વસંતતિલકા)

થોભી જરી રમતમાં બીજ એક વાવી
ચાલ્યો ગયો સરકી દૂર-સુદૂર ક્યાંયે;
સીંચ્યાં હશે વિજનમાં જલ આવી કોણે ?
ધીરે ધીરે ધરતીનો પટ ભેદી ફાલ્યું
કોઈ અનામી તરુ - કે ખરતાં ન જેનાં
પર્ણો કદી - દિનદિને નવલાં પ્રફુલ્લે !

## ઉપેક્ષિતા/મણિલાલ હ. પટેલ

(ગાન)

મેહુલો ગાજે રે સમી સાંજનો
ઢળતી રાતોમાં ચમકે વીજ
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
અધીરા અધીરા વાતા વાયરા
આવી અષાઢીલી બીજ
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
ભીંજે ડુંગર ભીંજે ઝાડવાં
કોરી મારા કાળજાની કોર
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
સૂનાં આંગણ સૂના ઓરડા
ઝરૂખે ટાંકેલા બોલે મોર
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
દશે રે દિશાથી મેઘો ઊમટ્યો
ભીતરે ભૂકંપ થાય
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
સીમમાં સોરું હું સૈયર એકલી
ભાગોળે મેળો ભરાય
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
કૂણી કૂંપળ કૂણાં કાળજાં
એથી કૂણેરા કોડ
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
વલખે હૈયું ને વરસે આંખડી
તરસે પારેવાંની જોડ
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
આડા ડુંગર ઊભી વાટડી
કાળી ઘટાળી ડંખે રાત
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
વેરી નીંદર વેરી જીવડો
એથી વેરી છે નર-જાત
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
ખાલી ખોળો ને ખાલી ખોરડાં
આધી નદીઓ ભરપૂર
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...
ઝાંખું જીવતર ઝાંખો દીવડો
હોવું લાગે ઘણું દૂર
આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં...



ચલચિત્રને કેવળ વ્યવસાય ગણીને ચાલનારાઓમાં આ સમૂહ માધ્યમની અસરકારક હેતુલક્ષિતા પારખીને નિજી ચાલે વિહરવાનું પસંદ કરનાર, એક પછી એક કલાત્મક ચિત્રોનું સર્જન કરી કુશળ અભિનેતા, વ્યવહારકુશળ સંચાલક, મહાન દિગ્દર્શક તરીકે ભારતીય ફિલ્મ-ઉદ્યોગમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર, 'રાજકમલ' સ્ટૂડિઓના સ્થાપક અને આ માધ્યમમાં ઊંડી કલાસૂઝ દાખવનારા નૉન-મૅટ્રિક ડૉક્ટર

# વી. શાંતારામ

હિન્દી ફિલ્મઉદ્યોગ માટે વિક્રમ સંવતના આ નવા વર્ષનો પ્રારંભ કંઈક અપશુકનિયાળ જેવો નીવડ્યો. બ્રિજ સદાના, ઓમ શિવપુરી, વિનોદ મહેરા, મનમોહન કૃષ્ણ અને શશધર મુખરજી જેવી આ ઉદ્યોગની નામી વ્યક્તિઓનાં અવસાન ઉપરાંત મોટી ખોટ તો વી. શાંતારામ જેવા પ્રતિભાવંત દિગ્દર્શક, ફિલ્મનિર્માતા અને કલાકાર હોવા સાથે ફિલ્મનિર્માણનાં બધાં જ પાસાંના જાણકાર, અને તેમાં આગવી દેણગી કરનારની ચિરવિદાયથી પડી છે. ગયા ઑક્ટોબરની ૨૮ તારીખે રાત્રે હિન્દી ફિલ્મઉદ્યોગના પિતામહ સમા વી. શાંતારામના જવાથી આ ક્ષેત્રે પડેલો અવકાશ સહેજે જલ્દી નહિ પુરાય.

વી. શાંતારામ એટલે કે વણકુદ્રે શાંતારામનો જન્મ કોલ્હાપુરમાં ૧૮ નવેમ્બર ૧૯૦૧ના રોજ થએલો. પિતા રાજારામ હુબલીના ડેઝન સિનેમાઘરમાં ડોરકીપર હતા. કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ભણતરની સાથેસાથે શાંતારામે બચપણથી જ નાનાંમોટાં પરચુરણ કામ કરી ઘરમાં મદદરૂપ થવા માંડ્યું હતું. રજાઓમાં એ કોલ્હાપુરના 'વ્યંકટેશ' અને 'વિદ્યાવિલાસ' પ્રેસમાં કમ્પોઝિટર તરીકે કામ કરતા. અવકાશ મળે તો પિતા ડોરકીપર હોઈ એ ફિલ્મ જોવા બેસી જતા. એક વાર શાળાના વાર્ષિકોત્સવમાં રાખેલા 'તોતાયાચે બંડ' નાટકમાં લાવણી ગાતા બાલાજી પેંઢારકર સાથે એમણે મંજીરાં વગાડી સાથ આપેલો ત્યારે એમનું એ વાદન વખણાયું પણ હતું. તેર વર્ષની વયે એ સમયના વિખ્યાત ગાયક-કલાકાર બાલ ગાંધર્વના 'ગાંધર્વ નાટક મંડળમાં' જોડાયા હતા. અહીં એમને નાનીનાની ભૂમિકાઓ કરવી પડતી, ને તેમાં ક્યારેક દાસી વગેરે જેવાં સ્ત્રીપાત્રો પણ ભજવવા પડતાં.

બીજી બાજુ એમનું ભણતર પણ ચાલુ જ હતું, પણ મૅટ્રિકની પ્રિલિમિનરિ પરીક્ષામાં બેસવા મળ્યું નહિ અને કૌટુંબિક સ્થિતિને કારણે ભણતર છોડી તેઓ હુબલીના એક વર્કશૉપમાં રોજના આઠ આનાના દરે કામે લાગી ગયા.

દરમિયાન કોલ્હાપુરની 'મહારાષ્ટ્ર ફિલ્મ કંપની'ની મૂગી ફિલ્મ 'સૈરન્ધ્રી' તૈયાર થઈ. આ કંપનીમાં એક્ટર અને મૅનેજર તરીકે કામ કરતા બાબુરાવ પેંઢારકર એ ફિલ્મ લઈને હુબલી આવ્યા. શાંતારામના એ મસિયાઈ ભાઈ, એટલે એમણે પોતાની માસીના કુટુંબને આ ફિલ્મ જોવા બોલાવ્યું અને એ રીતે શાંતારામને મળવાનું પણ થયું. આમાંથી એમણે શાંતારામને ફિલ્મ કંપનીમાં જોડાવા માટે પૂછ્યું, અને શાંતારામે હા કહી દીધી. છ મહિના વગરપગારે માત્ર અનુભવ જ લેવાનો અને પછી પગાર વિષે વિચારાય એ શરતે શાંતારામ પિતાની અનુમતિ મેળવી ત્યાં જોડાઈ ગયા. બાલાજી પેંઢારકર, બાબુરાવ પેંઢારકર અને માસ્ટર વિનાયક વગેરે સંબંધીઓ સાથે કામ કરવાનું મળતાં અહીં કંઈક જીવ ઠર્યો.

પણ અહીંનું કામકાજ સરળ નહોતું. ઝાડુ મારવાથી માંડી કૅમેરા ઊંચકીને તેની હેરફેર કરવા જેવાં મજૂરીના કામથી માંડી બધાં જ કામ કરવા પડતાં. પણ એમાં એમને સ્ટૂડિઓના એકેએક કામનો જાત-અનુભવ મળ્યો અને તે આગળ જતાં એમને ઘણો કામ લાગ્યો.



શાંતારામનાં માતાપિતા

એકાદ વર્ષની એમની આ નિષ્ઠાભરી કામગીરી જોઈ બાબુરાવ પેન્ટરે એમને 'સુરેખાહરણ'માં કૃષ્ણની ભૂમિકા આપી. ૧૯૨૧માં આ ફિલ્મ પછી 'સુરેખા-અભિમન્યુ'નામથી રજૂ થએલી. બે વર્ષ પછી 'માયા બજાર' યાને 'વત્સલા-હરણ'નામે આ ફિલ્મ ફરી બની હતી. એમાં પણ શાંતારામે કૃષ્ણનું પાત્ર ભજવેલું. તે પછી તો 'દામાજી'નામની ફિલ્મમાં તો એમણે એક પઠાણ ઉપરાંત બીજી પણ નાની નાની ભૂમિકાઓ ભજવેલી. ત્યાર બાદ 'સિંહગઢ', 'શહાબાશાહ', 'મહારથી કર્ણ', 'બાજી દેશપાંડે', 'મુરલીવાલા' અને 'મિડનાઈટ ગર્લ' વગેરે મૂંગી ફિલ્મોમાં ગણનાપાત્ર પાત્રો ભજવ્યાં હતાં. પરંતુ આ બધાંમાં 'સાવકારી પાશ' નામની ફિલ્મમાં ગરીબ ખેડૂતોનું શોષણ કરતા વ્યાજખોર શાહુકાર સામે બંડ ઉઠાવના કિસાન યુવાનનું એમણે ભજવેલું પાત્ર વિશેષ ઉલ્લેખનીય રહ્યું હતું.

આમ, ફિલ્મના કસબીઓ અને કલાકારો સાથે જ એમને વસવાનું થતાં ફિલ્મનિર્માણનાં પ્રત્યેક પાસાનો એમને જે અનુભવ મળ્યો તેના થકી આ માધ્યમ દ્વારા પોતાની અભિવ્યક્તિને વ્યક્ત કરવાના એમના ખયાલોમાં સ્પષ્ટતા આવી હતી. અદાકારીથી જ તૃ" ન થતા તેઓ બાબુરાવ પેન્ટરને ફોટોગ્રાફિમાં પણ મદદ કરતા, અને એ કામમાં પણ એમની પ્રતિભા સૌએ પિછાની લીધી. એકવાર અચાનક બાબુરાવ પેન્ટર બિમાર થઈ જતાં એમણે બનાવવા માંડેલી 'નેતાજી પાલકર'નું દિગ્દર્શન એમણે પૂરા વિશ્વાસથી શાંતારામને સોંપ્યું. એ સમયમાં ફિલ્મમાં રાત્રિનાં દૃશ્યો સંધ્યાસમયે કે રાતે જ ઉતારાતાં હતાં, પણ શાંતારામે બુદ્ધિ લડાવી પ્રકાશની જુદી જ વ્યવસ્થા ગોઠવી બપોરના સમયમાં યે રાતનાં દૃશ્યો ઝડપી બતાવ્યાં. 'નેતાજી પાલકર'નો સારી એવી સફળતા મળી, અને આમ, પોતાના દિગ્દર્શનવાળી એ પહેલીજ ફિલ્મ દ્વારા એમણે પ્રતિભાશાળી દિગ્દર્શકોની હરોળમાં પોતાનું સ્થાન બનાવી લીધું. સ્વતંત્રપણે કામ કરવાની એમનામાં શ્રદ્ધા પ્રકટી અને એથી પ્રેરાઈને ૧૯૨૯માં મહારાષ્ટ્ર ફિલ્મકંપનીની ૫૦ રૂપિયા સુધી પહોંચેલા પગારની નોકરી છોડી એમણે, પોતાની જેમ જ આ કંપનીમાં કચવાએલા વી. દામલે, શેખ ફતેહલાલ અને કેશવરાવ ધાયબર સાથે કોલ્હાપુરમાં એક તબેલામાં 'પ્રભાત ફિલ્મ કંપની'ની સ્થાપના કરી. સેકન્ડહેન્ડ કેમેરા, ઉછીની મૂડી અને જાતમહેનત જિંદાબાદ.

પહેલી જ ફિલ્મ બની 'ગોપાલકૃષ્ણ'. સુરેશ અને કમલાદેવીની મુખ્ય ભૂમિકાવાળી 'પ્રભાત'ની એ પહેલી જ ફિલ્મે કંપનીની આર્થિક સ્થિતિ તર કરી દીધી. (ઇ. ૧૯૩૮માં શાંતા આપ્ટે અને રામ મરાઠેને લઈને પ્રભાતે ફરીવાર 'ગોપાલકૃષ્ણ' બનાવેલી અને એને પણ સારો આવકાર મળેલો. આ ફિલ્મ સવાક્ હતી.) કંપનીની પ્રતિષ્ઠા પણ સ્થપાઈ ગઈ અને નાણાંનો તો પ્રશ્ન જ રહ્યો નહિ. પછી તો 'પ્રભાતે' 'રાનીસાહિબા', 'ખૂની ખંજર', 'ઉદયકાલ', 'ચંદ્રસેના' અને 'જુલુમ' નામની છ મૂંગી ફિલ્મો બનાવી, જેમાંની પ્રથમ પાંચનું દિગ્દર્શન શાંતારામે અને 'જુલુમ'નું કેશવરાવ ધાયબરે કરેલું. દામલે અને ફત્તેહલાલ પણ દિગ્દર્શન કરતા. એકાદ દાયકા સુધી તો 'પ્રભાત'ની ફિલ્મોનાં ક્રેડિટ ટાઈટલોમાં આ બધાંનાં નામો પણ મુકાતાં, પણ નિર્માણનો મોટો યશ તો શાંતારામને જ ઘટતો હતો. આગળ જતાં શાંતારામે કંપનીને કોલ્હાપુરથી પૂણે અને પછી મુંબઈમાં ફેરવી ત્યારે ય પોતાના સક્રિય દિગ્દર્શન વિના યે એમણે કામ જારી રાખેલું.

શાંતારામને સરકારી તંત્ર સાથે બહુ ઓછા મતભેદો થએલા. છતાં ૧૯૩૦માં એમણે જ્યારે 'સ્વરાજ્ય તોરણ' નામની શિવાજી તરીકેના પોતાના મુખ્ય પાત્રવાળી ફિલ્મ બનાવી ત્યારે અંગ્રેજ સેન્સર બોર્ડે સ્વરાજ્ય શબ્દથી ભડકી જઈ તેની સામે વાંધો લીધેલો. શાંતારામે 'ઉદયકાલ' (અંગ્રેજીમાં 'થંડર ઑવ ધ હિલ્સ')નામ આપી એ ફિલ્મ રજૂ કરી.

શાંતારામની અને 'પ્રભાત'ની ફિલ્મોનું એક લાક્ષણિક તત્ત્વ હતું હેતુલક્ષિતા. તેમનાં ચિત્રો પાછળ કેવળ વ્યાવસાયિક દૃષ્ટિકોણ નહોતો, પણ તત્કાલીન સમાજ પ્રત્યેની ફરજનો પણ ખ્યાલ રખાતો. આ રીતે 'ગોપાલકૃષ્ણ'માં કંસનો વધ નહિ, પણ તેને અંગ્રેજ સરકારના પ્રતીક રૂપે નિરૂપાયો હતો. 'રાની સાહિબા' એ સમયની બાળકો માટેની સફળ ફિલ્મ હતી. 'ખૂની ખંજર' સ્ટંટ ફિલ્મ હતી અને તેમાં માસ્ટર વિઠ્ઠલે મુખ્ય ભૂમિકા ભજવેલી. આગળ જતાં માસ્ટર વિઠ્ઠલ એક લોકપ્રિય સ્ટંટ હીરો તરીકે ખ્યાતિ પામ્યો હતો. છેલ્લે કદાચ એણે 'રામશાસ્ત્રી'માં કામ કરેલું. 'ચંદ્રસેના'માં પૌરાણિક કથામાં દારૂની લતનાં માઠાં પરિણામોની રજૂઆત હતી, જ્યારે 'ઉદયકાલ'માં શિવાજીના સ્વાતંત્ર્ય સંઘર્ષને આપણી સ્વરાજ્યની ભાવના અને આંદોલનો સાથે ગૂંથી લીધો હતો. આ ફિલ્મમાં ખસતા સેટ્સનો પણ શાંતારામે પ્રયોગ કર્યો હતો.

આ પછી 'જુલમ'એ પ્રભાતની છેલ્લી મૂંગી ફિલ્મ બની હતી. સવાક્ ફિલ્મનો યુગ આ વખતે દેશમાં ૧૯૩૧માં આરંભાઈ ગયો હતો અને 'આલમઆરા' પ્રથમ બોલપટ બની હતી. જો કે આમ તો દેશમાં ૧૯૩૪ સુધી મૂંગી ફિલ્મો બનતી રહેલી. જર્મની અને ઇંગ્લેન્ડથી બોલતી ફિલ્મો માટેની સાધનસામગ્રી લાવીને 'પ્રભાત'ના સ્ટૂડિઓને નવેસરથી સજ્જ કરવામાં આવ્યો હતો. દુર્ગા ખોટે અને જી. તાંબેને લઈને પ્રભાતે હિંદીમાં 'અયોધ્યા કા રાજા' અને મરાઠીમાં 'અયોધ્યા ચા રાજા' નામે

પોતાની પ્રથમ બોલતી ફિલ્મ બનાવી. આ પછી કેટલોક કાળ સુધી શાંતારામે હિન્દી તેમજ મરાઠી એમ બંને ભાષામાં ફિલ્મો બનાવવાનો શિરસ્તો રાખેલો. દેશભરમાં એને સારો આવકાર મળેલો.

આ પછી શાંતારામે 'માયા મચ્છિન્દ્ર', 'સિંહગઢ' અને 'સૈરન્ધ્રી' તથા એક તામિળ ફિલ્મ 'સીતા કલ્યાણમ્' બનાવી. 'સૈરન્ધ્રી' તો હિંદુસ્તાનની સૌપ્રથમ રંગીન ફિલ્મ હતી. પ્રયોગશીલતા એ શાંતારામની ખાસિયત રહી હતી. ફિલ્મનિર્માણમાં એમણે અનેક દિશામાં નવી નવી પહેલ કરી હતી. વિદેશી ફિલ્મનિર્માણની નવી ટેક્નિકોથી એ પરિચિત રહેતા. કેવળ અહીં બેઠા શક્ય તે જ્ઞાન મેળવીને એમણે શક્ય તે સાધનો એકઠા કરી 'સૈરન્ધ્રી'ની નેગેટિવ અને ડેવલપિંગ અહીં તૈયાર કરી અને તેની રંગીન પ્રિન્ટો બનાવરાવવા માટે એ બર્લિન ગએલા. ૧૯૩૩માં રજૂ થએલી 'સૈરન્ધ્રી'ની રંગીન ફિલ્મને જો કે ટેક્નિકલ ખામીઓને કારણે ધારી સફળતા ન મળતાં એ સાહસ નુકસાનકારક રહ્યું હતું. પણ જર્મનીથી શાંતારામ ફિલ્મ માટે ઉપયોગી એવી કેટલીક સાધનસામગ્રી પણ લેતા આવેલા. પ્રભાત સ્ટૂડિઓ હવે ધમધોકાર ચાલતો હતો, અને કોલ્હાપુરમાં પ્રાપ્ય સગવડો હવે એને માટે અગવડ રૂપ બનતી હતી. વિશેષ સુવિધા માટે હવે એમણે પ્રભાતને પૂણે લઈ જવા વિચાર્યું. અને ૧૯૩૩માં પૂણેમાં જમીન ખરીદી કોલ્હાપુરથી તેનું સ્થળાંતર કરી સાઉન્ડ સ્ટેજ સાથે સ્ટૂડિઓનું નવનિર્માણ કર્યું. અહીં એમણે 'અમૃતમંથન' ફિલ્મ બનાવી. જર્મનીથી આણેલી નવી સાધનસામગ્રીનો એમણે તેમાં ઉપયોગ કરેલો. આ ફિલ્મ પણ એમણે હિંદી તેમજ મરાઠીમાં બનાવેલી. મુંબઈમાં હિંદી 'અમૃતમંથન' ૨૯ સપ્તાહ સુધી ચાલી વિક્રમ સર્જ્યો હતો. શાંતારામે તેમાં 'ક્લોઝ અપ્સ'નો જે પ્રયોગ કરેલો તે હિન્દી ફિલ્મોમાં પ્રથમવાર જ થએલો અને અત્યંત પ્રભાવક રહેલો. ધર્મના નામે પશુ તેમજ માનવના બલિ આપવા સામેનો વિરોધ કરતું તેનું કથાવસ્તુ હતું. 'અમૃતમંથન' બેમિસ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ મોકલાઈ હતી.

એ પછી 'ચંદ્રસેના'માં એમણે પાતાળનગરીનાં અદ્દભુત દૃશ્યો આપેલાં. ત્યારબાદ એમણે 'ધર્માત્મા' બનાવી તેમાં મહારાષ્ટ્રના કવિસંત એકનાથની જીવનકથા સાથે તે સમયે પ્રસારમાં આવેલા ગાંધીજીના અસ્પૃશ્યતાના વિચારોને પણ વણી લીધા હતા, અને ફિલ્મનું નામ રાખેલું 'મહાત્મા'. પણ ગાંધીજી - મહાત્મા ગાંધીજી-ના નામથી ભડકતી અંગ્રેજ સરકારના સેન્સર બોર્ડ, હરિજનોને ત્યાં ભોજનાર્થે જતા સંત એકનાથનું દૃશ્ય નામંજૂર કર્યું અને ફિલ્મનું નામ પણ. અંતે સમાધાનાર્થે શાંતારામે 'મહાત્મા' નામ બદલી 'ધર્માત્મા' રાખીને તેની રજૂઆત કરી. તેમાં સંતનું પાત્ર બાલગાંધર્વને આપી પોતાના એ ગુરુ પ્રત્યેનું ઋણ અદા કરવાનો પણ પ્રયત્ન કરેલો.

આ પછી 'અમરજ્યોતિ'થી એમણે સામાજિક સુધારણાનો દોર ચાલુ કર્યો. એમાંની 'દુનિયા ન માને', 'આદમી' અને 'પડોસી' (મરાઠીમાં અનુક્રમે કૂંકૂ, માનુષ અને શેજારી) મુખ્ય છે. પ્રભાત-ફિલ્મ કંપનીની પ્રતિષ્ઠાને એણે ચાર ચાંદ લગાડી દીધા. 'અમરજ્યોતિ'માં સ્ત્રીઓના જ



'સાવકરી પાશ' નામક મૂગી ફિલ્મમાં ખેડૂતની નોંધપાત્ર ભૂમિકામાં શાંતારામ (ચિત્રમાં જમણે છેડે)

અધિકારો માટે ઝઝૂમતી અને છતાં પુરુષો સાથે સુમેળ રાખતી એક સ્ત્રીની કથા હતી. 'દુનિયા ન માને'માં વૃદ્ધ સાથે પરણાવેલી એક શિક્ષિત સ્ત્રીના બંડની કથા હતી. બંને ફિલ્મોનું કથાનક સ્ત્રીપાત્રો પર આધારિત હતું. 'અમરજ્યોતિ'માં સાગરી દૃશ્યોની નવતર રજૂઆત હતી, તો 'દુનિયા ન માને'ના પાર્શ્વ સંગીતમાં શાંતારામે એક પણ વાજિંત્રનો ઉપયોગ ન કરતાં સાવ ઘરગથ્થુ ચીજોના અવાજનો સુંદર ઉપયોગ કર્યો હતો. આ ફિલ્મમાં શાંતારામે બે અંગ્રેજી ગીતોનો પણ હૃદ્ય ઉપયોગ કર્યો હતો.

'આદમી'માં એક વેશ્યાના પ્રેમમાં પડેલા પોલીસની કથા મૂકીને લાગણીથી ઉપરવટ ફરજપાલન પર ભાર મૂક્યો હતો. એ જ અરસામાં રજૂઆત પામેલી 'ન્યૂ થીએટર્સ'ની 'વિદાસ' ફિલ્મથી યુવાનોમાં પ્રેમભંગની હતાશાની થયેલી મનોદશાનો જે ભાવ ફેલાયો હતો તેની સામે 'આદમી' જાણે કે લાલબત્તી હતી. એમાં ખૂનના આરોપસર કેદમાં જતી વેશ્યાનો પ્રેમી પોલીસ દુઃખ તો પામે જ છે, પણ પોતાની ફરજથી મોં ફેરવી લેતો નથી. 'પડોસી'માં હિન્દુમુસ્લિમ બે પડોસી પરિવારની વાત દ્વારા એમણે કોમી ઐક્યનો સંદેશ આપ્યો હતો, અને તેમની વચ્ચેના વિખવાદોની જડ બહારનાં તત્ત્વોથી ખોદાતી હોવાનો ખયાલ રજૂ કર્યો હતો. ૧૯૪૧માં 'પડોસી' રજૂ થઈ તે કાળે આ મુદ્દાઓનું જે મહત્ત્વ

હતું તેમાં આજેય કંઈ ઘટાડો થયો નથી જ. દિગ્દર્શક તરીકે વી. શાંતારામ અને પ્રભાત ફિલ્મ કંપની-બંનેની એ કાળે બોલબાલ હતી. કેવળ આ બેના નામથી યે ફિલ્મો ઊંચકાઈ જતી. શાંતારામની પ્રતિષ્ઠા કોઈને યે ત્યારે ઈર્ષા પ્રેરે તેવી હતી. અને કદાચ એવું બન્યું પણ ખરું. 'પ્રભાત'ના અન્ય સાથીઓ સાથે નો એમનો મનમેળ બગડ્યો અને એમણે પ્રભાતમાંથી છૂટા થઈ જવાનું પસંદ કર્યું.

ઈ. ૧૯૪૩માં એમણે મુંબઈમાં પરેલ ખાતેનો 'વાડિયા મૂવિટોન'નો સ્ટૂડિઓ ખરીદી લઈ પોતાનાં માતા-પિતાનાં નામ જોડીને 'રાજકમલ કલામંદિર' નામે સાધનસંપન્ન સ્ટૂડિઓ ઊભો કર્યો. અહીં પહેલું નિર્માણ કર્યું 'શકુન્તલા'નું. પ્રશિષ્ટ સાહિત્ય-કૃતિ પરથી નવા અર્થઘટન સાથે ફિલ્મ બનાવવાનો કોઈને અધિકાર ખરો કે નહિ તે વિષે ત્યારે એક ગંભીર ચર્ચા પણ ઊપડેલી. પણ 'શકુન્તલા'એ સતત એક સો ઉપરાંત અઠવાડિયાં સુધી ચાલીને 'રાજકમલ કલામંદિર'ના પાયા મજબૂત કરી દીધા. અમેરિકામાં વ્યાપારી ધોરણે રજૂ થનારી ભારતની એ પ્રથમ ફિલ્મ હતી.

બીજા વિશ્વયુદ્ધમાં ઘાયલ સૈનિકોની તબીબી સેવા અર્થે ડૉ. અટલ કોટનીસના નેતૃત્વમાં ભારતથી એક મિશન ચીન ગએલું. ડૉ. કોટનીસનું અવસાન પણ ત્યાં જ થયું. એમની કથા પરથી શાંતારામે 'ડૉ. કોટનીસ કી અમર કહાની' બનાવ્યું. આ ફિલ્મને ઘણો સારો આવકાર મળ્યો. એ કાળે માઓ ઝેદોંગની કૂચે અનેક એશિયાઈ દેશોનું ધ્યાન ખેંચેલું. પરદેશમાં પણ આ ફિલ્મને આવકાર મળવાની તક જોઈ શાંતારામે 'જર્નિ ઓફ ડૉ. કોટનીસ'નામથી અંગ્રેજીમાં પણ એ ફિલ્મ બનાવી. દેશના અંગ્રેજી શાસનને આ ફિલ્મમાં માનવતાનો સંદેશ દેખાયો. તો સ્વાતંત્ર્યની લડતના છેલ્લા તબક્કામાં પ્રવેશી રહેલી કોંગ્રેસે ચીન સાથે સારા સંબંધો સ્થાપવાના ખયાલમાં આ વિષયને આવકાર્યો. જો કે એની હિન્દી આવૃત્તિમાં મૂળ કથાનકમાં અને અંગ્રેજી આવૃત્તિમાં વિદેશી પર્યટકોને રસ પડે તેવાં તત્ત્વો પર શાંતારામે ભાર મૂકેલો. આ ફિલ્મ ૧૯૪૮માં કેન્સ ફેસ્ટિવલમાં પણ રજૂ થએલી.

'રાજકમલ'માં એમણે કેટલીક હેતુલક્ષી ઉત્તમ ફિલ્મો પણ બનાવી, જેમાં 'પર્વતપે અપના ડેરા', 'અપના દેશ', 'દહેજ', 'તીન બત્તી ચાર રસ્તા' અને 'દો આંખે બારહ હાથ' વગેરે ફિલ્મો ઉલ્લેખનીય છે. 'પર્વત પે અપના ડેરા'માં વાસનામાં સરી પડેલા એક સાધનાભ્રષ્ટ સાધુની અને 'અપના દેશ'માં 'દેશભક્તિ'ની વાત હતી. દહેજના દૂષણની કથાવાળી 'દહેજ' ફિલ્મે તો એટલો પ્રભાવ પાડ્યો કે તેનાથી પ્રેરાઈને બિહારની સરકારે દહેજ વિરુદ્ધ કાયદો પણ કર્યો હતો. 'તીન બત્તી...'માં એમણે છ પુત્રોવાળા એક મોટા પરિવારમાં ભારતના જુદા જુદા પ્રદેશોની છ પુત્રવધૂઓની હળવી કથા રજૂ કરીને અંતે તો બધા એક જ વિશાળ પરિવારના સભ્યો છે અને ભારતીય સંસ્કારોથી સિંચાએલાં છે તથા સૌ સંપથી એકસાથે રહી શકે છે તે દર્શાવ્યું હતું. જ્યારે 'દો આંખે બારહ હાથ'માં એમણે જેલસુધારનો વિચાર રજૂ કર્યો હતો. ૧૯૫૭ના રાષ્ટ્રિય ફિલ્મ-મહોત્સવમાં એ સર્વોત્તમ ફિલ્મ ગણાઈ હતી. બર્લિન ફિલ્મમહોત્સવમાં પણ એ ફિલ્મે ભારતીય ફિલ્મોનું પ્રતિનિધિત્વ કરેલું અને સ્પેશલ જૂરિ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. રાષ્ટ્રપતિ સુવર્ણ-ચંદ્રક, હોલીવૂડ ફોરેન પ્રેસ એસોસિએશન દ્વારા સેમ્યુઅલ ગોલ્ડવિન એવોર્ડ અને બર્લિનમાં 'ગોલ્ડન બેઅર' ઉપરાંત ઇન્ટરનેશનલ કૅથોલિક બ્યૂરોએ પણ કૅથોલિક પુરસ્કારથી આ ફિલ્મને નવાજી હતી. બોસ્ટન ફેસ્ટિવલમાં એને પટકથા, અભિનય, સંગીત અને ધ્વનિમુદ્રણ માટેના પુરસ્કારથી પણ વધાવવામાં આવી હતી. એમાં નાયક જેલરની ભૂમિકા પણ શાંતારામે પોતે જ ભજવેલી અને ફિલ્મના છેલ્લા દૃશ્યમાં આખલા સાથેની ઝપાઝપીમાં એમની આંખોને હકીકતમાં નુકસાન પણ થએલું.

ફિલ્મોમાં આ દરમિયાન રંગીન ચિત્રોનો યુગ બેસી ગયો હતો. શાંતારામે એ દિશામાં પણ વિચાર કર્યો. બીજી બાજુ તેઓ કલાનાં તત્ત્વો પર આધારિત કથાવસ્તુવાળી ફિલ્મ બનાવવા તરફ પણ ઢળ્યા હતા. ૧૯૫૫માં 'ઝનક ઝનક પાયલ બાજે'ની રજૂઆત થઈ. કથકનૃત્ય વિશારદ ગોપીકૃષ્ણને નાયક બનાવી તેમણે આ નૃત્યપ્રધાન ફિલ્મના એ પાયાને વધુ અધિકૃત ઓપ આપ્યો હતો. કલ્પનાના કથાવસ્તુ પરનો શાંતારામનો આ પ્રથમ અને પ્રભાવક પ્રયાસ હતો. નાયક અને નાયિકા (સંધ્યા) બંને ફિલ્મો માટે નવા કલાકારો હોવા છતાં શાંતારામના દિગ્દર્શને એ બંનેને ખ્યાત બનાવી દીધાં. મુંબઈના સિનેમાઘરમાં આ ફિલ્મ સતત બે વર્ષથી યે વધુ સમય આકર્ષણ જમાવી રહી હતી. આગળ જતાં ૧૯૫૨માં એમણે તેને ૭૦ એમ.એમ.ના પર્દા માટે પણ રજૂ કરેલી પણ તેના એ સ્વરૂપને એટલો આવકાર મળેલો નહિ. આ જ ફિલ્મની મૂળ આવૃત્તિને રાષ્ટ્રપતિ ચંદ્રક અને ફિલ્મ ફેર એવોર્ડ પણ મળેલો.

એમની કારકીર્દિનો એ ટોચનો કાળ હતો. '૫૯માં એમણે 'નવરંગ' રજૂ કરી. દેશભક્તિના સૂર સાથે એનું કથાવસ્તુ કવિકલ્પનાના તરંગો પર આધારિત હતું. લગભગ આવું જ નૃત્યપ્રધાન બીજું ચિત્ર હતું 'જલ બિન મછલી, નૃત્ય બિન બીજલી'. એ પછી શકુન્તલાની જ કથા લઈને સંધ્યાના મુખ્યપાત્ર સાથે એમણે 'સ્ત્રી' બનાવ્યું. એમાં દુષ્યંતનું પાત્ર એમણે પોતે જ ભજવેલું. જો કે તેમાં એમની વધતી વય દેખાઈ આવતી હતી. 'દો આંખે...'માં જેલર બન્યા પછી એમણે 'હીરો' બનવાની ભૂલ કરી હતી. 'સ્ત્રી' શકુન્તલા જેટલું જામ્યું નહિ. એમાં એક નૃત્યદૃશ્યમાં એમણે પોતાની પુત્રી 'રાજશ્રી'ને પણ રજૂ કરેલી. '૬૩માં એમણે 'સ્ત્રી'ની મરાઠી આવૃત્તિ પણ બનાવેલી.

ત્યારબાદ 'ગીત ગાયા પથ્થરોં'ને માં પોતાની પુત્રી રાજશ્રી અને જિતેન્દ્રને લઈને સંગીતપ્રધાન ફિલ્મ આપી. પણ સામાજિક સુધારાનો એમનો જુવાળ કલ્પનાતરંગો તરફ ઢળતો દેખાતો હતો. બીજી બાજુ લોકરુચિમાં પણ હવે ફેર પડવા લાગ્યો હતો.

શાંતારામે ફરી હવે મરાઠીમાં ફિલ્મનિર્માણ તરફ લક્ષ વાળ્યું. મરાઠીમાં સફળ રહી તેને હિંદીમાં પણ બનાવી. 'લડકી સહ્યાદ્રિ કી', 'પિંજરા', 'ચાની', અને 'ઝંઝર' મૂળ મરાઠીમાં સફળ રહી, પણ એની હિંદી આવૃત્તિઓ બહુ પ્રભાવ પાડી શકી નહિ. જ્યારે 'લડકી સહ્યાદ્રીકી'ને 'સરસ્વતી' પુરસ્કાર મળેલો.

૧૯૮૯માં ભારત સરકારે શાંતારામને પદ્મશ્રીના માનથી નવાજ્યા, બીજે વર્ષે એમને ફિલ્મજગતમાં મોટું માન ગણાતો 'દાદા સાહેબ ફાળકે' એવોર્ડ મળ્યો.

'ફિલ્મ પ્રોડ્યૂસર્સ ગિલ્ડ ઑવ ઇન્ડિયા'ના એ સ્થાપક હતા. ફિલ્મના નિર્માતાઓના હિતના રક્ષણ અને નિર્માતાઓ પર એક પ્રકારના નિયંત્રણ માટે એમણે આ ગિલ્ડની સ્થાપના કરી હતી. ફિલ્મ ડિવિઝનના પણ કેટલોક સમય ચીફ પ્રોડ્યૂસર રહેલા. એ વખતે કેટલાંક દસ્તાવેજી ચિત્રો પણ બનાવેલાં. આમાંનું એક 'ગૅલન્ટ એફર્ટ' ઉલ્લેખનીય છે. સ્વાતંત્ર્ય પૂર્વેની સર સ્ટેફર્ડ ક્રિપ્સ મિશનની ભારતયાત્રા પર બનાવેલા આ દસ્તાવેજી ચિત્રમાં એમણે ગાંધીજી, પં. નેહરુ વગેરે રાષ્ટ્રિય નેતાઓને પણ દર્શાવ્યા હતા. 'ચિલ્ડ્રન્સ સિનેમા'માં એમનો ફાળો હતો. ૧૯૫૪માં રજૂ થએલું એમનું 'સુબહ કા તારા' તેનું દૃષ્ટાંત છે. 'ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટી ઑવ ઈન્ડિયા'માં પણ બે ટર્મ સુધી તેઓ પ્રમુખ રહેલા. 'ફિલ્મ સલાહકાર બોર્ડ' અને 'ફિલ્મ ઇન્કવાયરી કમિટી'માં પણ એમની નિમણૂક થએલી. ૧૯૮૩માં ૯મા ભારતીય ફિલ્મોત્સવમાં તેઓ એક નિર્ણાયક હતા અને એમની ગુણવત્તાના ઉત્તમ દૃષ્ટાંત રૂપ ફિલ્મો પણ રજૂ થએલી.

શાંતારામે ત્રણ લગ્ન કરેલાં. પ્રથમ લગ્ન વિમલાબાઈ સાથે, ૧૯૫૧માં જયશ્રી કામૂલકર સાથે અને ૧૯૫૫માં ગુજરાતી તખ્તાની એક અભિનેત્રી વિજયા દેશમુખ (સંધ્યા) સાથે. એમના બે પુત્રો પ્રભાતકુમાર અને કિરણકુમાર આજે રાજકમલ કલામંદિર સંભાળે છે. ઉત્તમોત્તમ સાઉન્ડ ઇક્વિપમેન્ટ્સના શાંતારામ આગ્રહી હતા, અને એટલે 'રાજકમલ'માં એમણે વસાવેલી ધ્વનિમુદ્રણની સેવા આજે પ્રથમ હરોળની ગણાય છે. ફિલ્મના અસલ સાઉન્ડ ટ્રેક પરથી જ ગ્રામોફોન રેકોર્ડ ઉતારવાનો આરંભ પણ એમણે જ/ કરેલો. ફિલ્મોમાં કળાના પાસાને પણ તેઓ મહત્ત્વ આપતા હતા, અને એવી જ હતી એમની રંગસૂઝ. એમની ફિલ્મોમાં કળાના પાસાની ઉત્તમતામાં આપણા જાણીતા કલાકાર સ્વ. કનુ દેસાઈનો પણ મોટો ફાળો હતો.

પોતાની ૭૦ વર્ષ જેટલી લાંબી કારકિર્દી દરમિયાન એમણે ૮૪ જેટલી ફિલ્મોનું નિર્માણ કર્યું. આમાંની ૨૩ જેટલીમાં એમણે વિવિધ પાત્રો ભજવ્યાં અને હિંમતભર્યાં કથાવસ્તુઓવાળી પદનું એમણે પોતે દિગ્દર્શન કરેલું. મૂક અને સવાક ચલચિત્રો વચ્ચેના તેઓ સેતુ બની રહેલા. હેતુલક્ષી કથાઓ દ્વારા, દેશ અને સમાજને અનેક દિશામાં એમણે આંગળી ચીંધી હતી તો કેવળ કલાને જ કેન્દ્રમાં રાખીને એમણે કલ્પનારંગી ચિત્રો પણ આપ્યાં. પોતાની એકેય ફિલ્મમાં કોઈ નામી 'સ્ટાર'ને લીધા વિના એમણે અનેક સફળ ફિલ્મો આપી. અહીં ઉલ્લેખી તે અને નહિ નોંધેલી બીજી અનેક ફિલ્મોમાંનાં એમનાં કલાકસબે, અને ફિલ્મઉદ્યોગના પ્રત્યેક પાસાની એમની સૂઝે એમને આ ક્ષેત્રના પિતામહ સમા બનાવ્યા હતા. ફિલ્મોમાં અર્થસભર પ્રતીકોની રજૂઆત એમની આગવી લાક્ષણિકતા હતી. અને એની પહેલ પણ એમણે જ

(અનુસંધાન પૃ. ૨૯૭ પર)

અનુસંધાન ) કથાસરિત્સાગર ( પૃ. ૨૭૯ પરથી

કહેજો! જે કાંઈ આ વણિકે કહ્યું હોય તે કહો, અને પછી તમ-તમારે ઘેર પધારજો. જો નહિ બોલો તો, કાં તો હું તમને બાળી મૂકીશ અથવા આ સભા સમક્ષ પેટી ખોલાવડાવીશ.' એ સાંભળીને મજૂસની અંદર રહેલા તે ભયભીત બનીને બોલી ઊઠ્યા: 'સાચું છે, અમારી સમક્ષ આણે ધન ન લીધાનું કબૂલ્યું છે.' ત્યારે વણિક ઘડીભર અવાક જ થઈ ગયો; પછી સૌની સમક્ષ બધું કબૂલ્યું.

પરંતુ રાજાએ તો અત્યંત કુતૂહલથી, ઉપકોશાની પૂરી અનુમતિ મેળવ્યા પછી, નકૂચા તોડાવી, પેટી એ સભામાં જ ખોલાવી; તો એમાંથી તમસના જાણે પિંડ હોય એવા ત્રણેય પુરુષોને બહાર કાઢ્યા! એમને બહુ મુશ્કેલીથી રાજા તથા તેના મંત્રીઓએ ઓળખ્યા! જોતાં જ સૌનું હસવાનું માય નહિ! કૌતુકથી રાજાએ ઉપકોશાને પૂછ્યું: 'આ (બધું) છે શું?' ત્યારે ઉપકોશાએ સૌને વિગતે વાત કરી. 'શીલને રક્ષતી કુલસ્ત્રીઓનાં ચરિત્ર તો ખરેખર અચિન્ત્ય જ છે' એમ ઉપકોશાને પ્રશંસતા સૌ સભાજનોને લાગ્યું. પછી એ બધા પરદારાભિગામીઓની બધી જ સંપત્તિ હરી લઈ, એમને દેશનિકાલ કરવામાં આવ્યા. ફળ્યું કોને અશીલ છે?

'તું તો મારી બહેન છે' કહીને રાજાએ પ્રેમપૂર્વક એને બહુ ધન આપીને ઘેર વળાવી. ઉપકોશા પોતાને ઘેર આવી. વર્ષ અને ઉપવર્ષ પણ આ જાણીને એ સાધ્વીને અભિનંદવા લાગ્યા; નગરે એ જનો સૌએ વિસ્મયાનંદ પામતા. (શ્લોક ૮૬) □

## પાદટીપ

(૧) ઐન્દ્રવ્યાકરણ: વિશેષ માહિતી માટે સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ અને Dro Burnellનું 'Aindra Grammer' જોવાં. પાણિનિ પહેલાં પણ વ્યાકરણો હતાં. આ ઐન્દ્રની માફક કાતન્ત્રાના તેમજ વરરુચિ, પાણિનિ, વ્યાડિ આદિ અનેક વૈયાકરણોના ઉલ્લેખો આ કથામાં આવે છે. વરરુચિ કે કાત્યાયન પોતે પાણિનિનો એક ભાષ્યકાર હતો. વિદ્યાધ્યનમાં વ્યાકરણ અતિમહત્ત્વનું હતું. એને 'સર્વ વિદ્યાઓનું મુખ' કહ્યું છે; 'વેદપુરુષનું મુખ,' મુખં વ્યાકરણં સ્મૃતમ્, વેદાંગોમાં એની ગણના જ નહિ, પ્રમુખતા મનાતી, આ કથા મુજબ ઐન્દ્રવ્યાકરણ પાણિનિ પૂર્વેનું હતું. વિલ્સન ('Essays on Skt. Lito'I, 165) માને છે કે ઈ.સ.પૂર્વે ચોથી સદીથી અહીં વ્યાકરણના ઉલ્લેખો મળે છે, પણ વ્યાકરણવિદ્યા એક કે બીજે રૂપે એથીયે જૂની હશે. (૨) આને મળતી કથાઓ પાર વિનાની દા.ત. (૧) બર્ટનના 'એરે. નાઈટ્સ'માં મિસરી સ્ત્રીના ચાર પ્રેમીઓની, (૨) ઈન્ડિ. એન્ટિક્વેરીમાં મિ. ડેમનટ અને મિસિસ સ્ટોકફુન, (૩) ગુજરાતીમાં 'ગુલાબછકડી' 'હુલક જાનવર' વગરે, વિશેષ માટે ટોનીએ મોટી નોંધ આપી છે: ક.સ.સા., વો.૧ પૃ.૪૨. (૩) મધુમાસ: ચૈત્ર વસન્તનો કાળ ઋતુસંહારની પંક્તિ યાદ આવે : માસે મધૌ મધુરકોકિલ ભૃંગનાદૈ રામા હરન્તી હૃદયં પ્રસભં નરાણાં (૪) દીવાથી દીવો પેટાય એ બરાબર; પણ ભાષાન્તરથી ભાષાન્તર પેટાવતાં ક્યારેક દાઝી જવાય! ઉપકોશા 'ગુરુસ્ત્રામ્ અનિવેદ્ય' રાજા પાસે ફરિયાદે ગઈ; એનું પેન્ઝરે કર્યું 'without informing parents', તો હિન્દીમાં પણ થયું 'માબાપને કહ્યા વિના'! સાસરે માબાપ કેવાં? વિદેશીને એ ખ્યાલ ન રહે; પણ દેશીનેય_? □

# બીજી જ વાત

— અશોકપુરી ગોસ્વામી —

ઘરની બા'ર નીકળતી હંસાની આંખ ભરીભરી હતી. સૌ ઓટલા પર ઊભાં ઊભાં: 'આવજો, ફરી વે'લાં આવજો, ઘેલાંબોંન,' કરવા મંડ્યા. 'ઘેલાં ફોઈના જોડે જવું, જોડે જવું,' કરતા મોટાભઈના અકુચકુને એની માએ પરાંણે પકડી રાખ્યા.

પિયરમાં પગથિયાં ઊતરતી હંસાને, પગ ઓગળતા જતા હોય એવું થયું. પણ ઓગળી જાય તો, હવે આ ઘરનાં પગથિયાંમાં ખોડાં ઢોરની જેમ હાડછેલ હાડછેલ થવું પડે એવું એના મનમાં ઊગીને આથમી ગયું. હંસાને આ વખત પિયર, 'લીલું પંખી ઊડી ગયાં, પછીના સુક્કા ઝાડ જેવું ભાસ્યું. 'અ્યમ ઓંમ બધું સૂનમૂન?' એ આવી ત્યારે જ બબડેલી.

એના ઢીલા પડતા મનને બાપુએ ટપાર્યું: 'બોંન બસ આવ્વા વખત થયો. આ બસ ગઈ તો પછી ઠેઠ મોડી રાતે...'

ઊપડી જશે તો ઑો રસ્તામાં સું? ઘરમાં જ શું ને બાપુ? એવું કે'વા જતી હંસા બાપુના લુખ્ખા ચહેરાને જોઈ મૂંગી થઈ ગઈ. કોણ જાણે કેમ? બાપુય પોતાને આજ વેલી વિદાય કરવા ઉતાવળા થયા હોય એવું એને ઊંડેઊંડે વસ્યું.

પે'લાં એ આવતી ત્યારે, આ જ બાપુ: 'રૂઈ જાને બોંન. એક તો વરહના વચલે દાડે આઈ, અનં તેય ઊભાઊભ. ચરોતરમાં રૂઈને આપડા કોંનમને ભૂલી ગઈ? તનં અંઈ નથી ગમતું? તું તો હપૂચુ પિયર ભૂલી ગઈ, ઘેલી.' ત્યારે, એ ગળગળી થઈ ને કે'તી : 'ના બાપુ, એવું નંઈ. પિયર તો ડોસીનેય હાંભરે; તો, મનં ના હાંભરે? પણ તાં ખાધાપોંણીની આપદા. બે નોકર, ચાર ઢોરાં, અનં અવરજવરવારું ઘર. કોંમનો તો પાર જ નંઈ. ચરોતરની ખેતી તો તમે જોંણો છોને બાપુ? આખું વરહ કોંમ રે. પાછું, બિપિન ભૈ કૉલેજ ભણવા રોજ વિદ્યાનગર આય-જા કરે; તે એમનું હાચવવાનું. એવયા તો કે; ઘરનાંનું, ઢોરાંનું કોંમ વે'લું મોંડું કે ઓછું-વત્તું નભાવાશે. પણ બિપિન પોંતીનું બાદલું ના પડવું જોયે.

બાપુ એની આપદા સમજી એમ મન મનાવતા: ઘેલીબોંનને ઘેર ઝાઝો અલ્લો. ચરોતરનાં ઘર અને વર ભૈ બઉ મોંઘાં. એ બેની આપડા કોંનમવારાથી તો વાત જ ના થાય. તંઈ તેણ તેણ સીઝન લેવાય. અંઈની જેમ આકાશિયા ખેતી નંઈ. આપડું તો હમજ્યા, પણ બોંનનું ઘર અભરે ભર્યું સે.

બાપુએ એને ફરી ટોકી.

એ મૂંગી મૂંગી પગથિયાં ઊતરી. બપોરિયું તપવું શરૂ થઈ ગયું'તું. એના નીકળવાના વખતે જ સૌથી મોટો ભૈ અને છેક નોંનો ઘરમાં જ નંઈ. વચેટ બે વડોદરે આછીપાતરી નોકરી કરે. બાપ મૂંઝાય. કોકવાર એ હંસાને કે: બોંન અમારા કોંનમમાં નંઈ પણ અમારા કપારે દુકાળ જ લખયલો છે. નૈંતર ચારચાર, વરહથી વાયેલું બિયાવું ય પાછું ના આવે? પે'લાં આજ ભોંયમાંથી ગાડેગાડાં કપાહ ભરાતાં, અને અતારે...? આ ચારેય અતારથી આગવું કરવામાં પડ્યા. જૂના દેવાનું, તારાં લૂંગડાં-લત્તાંનો વેવાર વરતવાનું કોઈ મોંથે જ નથ્ય રાખતું? અજી તો મારા હાથપગ ચાલે છે પણ હાજેમોંદે દવાદારૂ કે પવાલા પોંણીની કોની પોંહેથી આશા રાખવી? બીજું તો ઠીક, પણ આ નોંની બીનાને કેમની પૈણાવાશે ? એનો ખરચો મોંથે લટકે છે.

બાપુને આવું બોલતાં સાંભળી હંસા કે: બાપુ તમે વલોપાત ના કરો. તમાર હાજામોંદાના એક હંદેહે તો એંઠા હાથ ધોવા ના રવ. અનં, આયું લગન તો ચપટીમાં ઊકલી જશે. તમં એમને કોંને વાત નોંખી રાખજોનં. ગળુ ભરાઈ આવ્વાથી એ પછી આગળ નંઈ બોલી શકેલી.

આજે એને થયું, ચારચાર છોકરે માર બાપ તો ઓશિયારો જ. એને બાપની દયા આવી. એણે પોતાને પાદરના બસ સ્ટૅન્ડે મૂકવા આવતા બાપને 'બાપુ તમં પાછા જાવ. મારી આપે હું જઈશ' એવું કહ્યું. એને થયું, મારા કોંનમની ધરતીનું જ નંઈ પણ અંઈના લોકના મનનુંય અમી ઊડી ગયું. આ ચીરેચીરા ભોંય જેવાં સૌનાં મન અમનાં હંધાશે ?

ચચ્ચાર વરસથી નહીં વરસતા આભલા સામું એણે અભાવાથી જોયું. બાપના જેવો ઓશિયાળો દેશ જોઈ એનો જીવ બળ્યો.

'હાર તાર બોંન, હાચવીને જજે,' કહી બાપ તરત પાછા વળી ગયા. પિયરની ડાળે હીંચકતી હંસાને ઠેસ વાગતી વખતનો આંચકો લાગ્યો. એ અધવચ ઊભી રઈ. એને થયું, 'અવસ્થા થઈ, નૈંતર બાપુ મનં બસમાં બેસાડીને જ જાય. બસ ઊપડ્યા પછીય હું બારીમાંથી ડોકાચિયું કરું તાં હુધી એ ઊભા જ હોય. પણ આજ મનં અમ અધવચ મેલીને જતા રયા?' એને પારાવાર પીડા થઈ.

ઝળઝળિયાં આવું આવું કરતી આંખો લૂંછી એ પાછળ ફરી જોવા મંડી. પણ મોડું થઈ રહ્યાના ભાને એને ધકેલી. રસ્તાના વેંતવેંત ચિરાડા જોતી એ હેંડી. હંસાને ચરોતરમાં પરણાવીં'તી. એને થાય, પિયર અને સાસરીની વચ્ચે પોતે મઈસાગરની જેમ વહે છે. મઈસાગરની જેમ એનોય એક કિનારો સૂકો અને તરસ્યો છે. અને બીજો લીલો છંમ.

હંસાને પોતાના પિયરનાં ખેતર અને ધરતી ગમતાં. ચોમાસામાં કાળી ધરતીનું વા'લ પગમાં એવું ચોટે કે માટી ઉખાટવીય ના ગમે. ઠંડી માટીથી એના મોટે કે માટી ઉખાડતીય ના ગમે. ઠંડી માટીથી એના પગે થતી ગલીપચી એને આ ઉનાળાના બપોરિયામાંય યાદાવી. એને થયું, અતારે તો જોંણે પગે ચોટેલી એ માટી સુકાઈ પોપડી પોપડી થઈને છૂટી પડી રહી છે, અને પગના કૂમળા વાળને આધારે લટકી રહી છે. એ ઉખાડતાં કૂમળા વાળ તૂટ્યાની પીડા થવાની.

એટલામાં બસ સ્ટેન્ડ આવી ગયું. બસ હજીય આવી ન હતી.'હું વે'લી આવી?' એને થયું, 'બાપુ તો ઘેર ઉતાવળ કરાવતા'તા.'

કાચા ધૂળિયા રસ્તે સમ ખાવાની એક સમડી, પિયરના તડકામાં ઊભી'તી. માથે સૂરજ, નીચે ધરતી, અને એનું મન તેણેય ધખધખે. એટલામાં સમડીનું ડાળખું હલ્યું. પડી ગયેલો પવન એના ચંચળ મનની જેમ આમતેમ રૂમલાયો. એને સારું લાગ્યું.

પોતે પરણીને પે'લવારકી સજોડે પિયર આવી'તી તે વખતેય આવો કાળઝાળ ઉનાળો. ચરોતરનો હસમુખ અંઈના વેરાન વગડાથી ધખતા તાપ અને પાર વનાની લૂથી અકળાઈ ઊઠ્યો. એને ના ફાવ્યું. ત્યારે એને થાય, નટુના બનેવી અમથા અકળાય સે. અમારો દેશ ભલે સૂકો, ભોંય ભલે કાળી, પોંણી ભલે ભોંભર પણ મનનાં અમી ચરોતરથી કૈં કમ નંઈ. મારા ચારેય ભૈ 'હસમુખલાલ હસમુખલાલ' કરતા ચેવા એમને વેંટઈ વળ્યા સે! મારા બાપુએ તો ગોંમમાં -જમઈ આયાસે-નો હાદ જ પાડવાનું બાકી મેલ્યું. તો ય ઓંમને તો-

હસમુખે અંઈ આઈને જોયું કે હંસા સાચે જ ઘેલી છે. બાપે લખેલા પરબીડિયાની જેમ એ ઘરનો ખૂણેખૂણો જોઈ વળી. 'ભૈ ભૈ, બાપુ બાપુ' કરતાં એનું મોં સુકાય. આણંદ સ્ટેશનેથી એણે હઠ કરીને લાલ ગોટા લેવડાયેલા. એ કે: મારા ભઈઓને આણંદ ટેશનના લાલગોટા બઉ ભાવે.

તાપથી આકળવિકળ હંસાને સમડીને છાંયે ટાઢક થઈ. ગમે તેવું આછુંપાતરું તો ય માર પિયરનું ઝાડ. પાંખડું હલાઈનં ચેવો પવન નોંખે સે! એમ કરી એણે મન પટાયું.

એટલામાં હુડુડુડુ કરતી બસ એની પાસે આવીને ઊભી રહી. બસમાં ચડતાં એણે ફરી એકવાર પાછળ નજર કરી તો ધૂળના ગોટેગોટમાં ગામ ઘર અને રસ્તા બધુંય ગૂમ. બસ ઊપડી. એ બારી પાસે બેસીને પાછું વળીવળીને જોવા મેડી, તો સૂકી ધરતીનું સમ ખાવાનું પેલું ઝાડવુંય ગૂમ.

હંસા ગઈ કાલે પિયર આવી'તી. પોતાના જ કે'વાથી નટુના બનેવીએ બાપુને કાગળ લખેલો. છો મહિના સુધી એ પોંતીનો ના કશો હરહંદેહો કે ના કાગળપત્તર. થાકીને એણે જ એકદાડો વાત ઉખેડી :

'તમં કો'તો જઈ આવું ઢિકરીઆ?'

'અમ? '

'પેલી વાત હાતર.'

'ના રે'વા દે. એ લોકોનો કશો કાગળ નથી. એ જ એમનો જવાબ. એમનું મન નંઈ હોય. નથી જવું, આપડે.' એના હરખ પર ટાઢી છાલક પડી. પણ તો ય-

'ના, બાપુએ પોતે જ ચારપાંચ વરહ પર આ વાત મારા કોંને નોંખી'તી. મને જ હોંપ્યું'તું કે, બોંન મારાથી જમઈને હોંમે મોંઢે ના કઈ હકાય. પણ તું આપડી વાત પાકી કરાવજે.'

'રેવા દે નેભૂંડી. હોનાની જાર શા હાતર પોણીમાં નાખ ચ્છ?'

'પણ, એક ફરા જઈ આવવા તો દો.'

'જા. કાઢ કાંઇ, તાર.'

એ પિયરમાં પહોંચી ત્યારે ડૂંડાંમાંથી વેરાઈ ગયેલા દાણા જેવા બધાં મહાપરોંણે ભેગાં થયાં. એનું મન કશા હાતર ઝાવાં નાખતું જ રહ્યું, પણ સૌ ભારેખમ. રાતે ખઈપી બધાં સૂવા ગયાં ત્યારે એણે હળવેથી પેલી વાતની ઉઘરાણી કરી. ઉના અંધારાનો બનેલો મસમોટો માણસ ક્યાંય સુધી મૂંગોમૂંગો બેસી રહ્યો. ફળિયાના કૂતરે બોબડા બાપને બોલતો કર્યો, 'ઘેલી, હવારે બધી વાત. મોટાને પૂછવું હારું. એ રોંટો છે એ તું ઓ નથ્થ જોંણતી? હેંડ હૂઈ જા. અડધી રાત થઈ.

બાપની ગોળગોળ વાતે ભીંતોમાં ગોબો પડે એવો નેંહાકો એનાથી નંખાઈ ગયો. રાતે મોંડે સુધી એને ઊંઘ ના આવી. થોડી થોડી વારે એ પથારીમાં પડખાં બદલે. ઘડીમાં એને પિયર, તો ઘડીમાં સાસરીની વાતો યાદાવે.

'બોંન જમઈ જરા આકરા તો ખરા, નૈ?' બાપુ એને પૂછે. એમને આગળ બોલતાં અટકાઈને 'ના બાપુ, એવયા તો બઉ હારા. એમને ખોટું ના ગમે. ખોટાને અને એમને આદવેર.'

પણ, તનં વસ્તાર બાબત્યે...તનં પેટ વસ્તિ કૈ કે? કનડે? પજવે?

ના. જરાય નંઈ.

ઠીક તાર તમં હખેથી જીવો. અને હો વરહનાં થાવ.

વળી એણે પડખું બદલ્યું.

'હસલું...?'

'હંઅઅઅ...?'

'તે તનં તાર પિયરનાં બધાં ઘેલીઘેલી કેચ્છ્ એ મનં હપૂચુય નથ્થ ગમતું. પૈણ્યા પછીના થોડા દિવસ પછી એક રાતે હસમુખે એને પૂછેલું:

'તારે, હું બઉ નોંની. આ નોંનો નટુ તો પરોંણે ઊભો થઈ હેંડવા શીખેલો. એકવાર એ ખાટલા પર ચડતાં તો ચડી ગયેલો પણ ઉતરાય નંઈ. એ રડ્યો તારે, હું ખાટલા નીચે પગથિયાંની જેમ ઘૂંટણિયે પડી, બૈડે પગ મુકાવીને એને ઉતાર્યો. તે બાપુ જોઈ ગયેલા. બાપુ તારે ઘરનાં બધાંને બોલાવીને આ બતાડીને કેવા મંડ્યા : બોન તો જુવો, કેવી ઘેલી સે ! અનં હું ય, તોંન ચડતું હોય એમ વાળના બેય ચોટલા આગળ કરી અધડૂકી નમી બેય નોંના ભૈને ચલાવતાં શીખવતી તારથી બધાં ઘેલી ઘેલી કેતાં થઈ ગયાં. તે તમને નથ્થ ગમતું ના?'

ડેબાના ગમાણની કથીરિયો ડિલે ચોટી હોય એમ એણે પથારીમાં સૂતે સૂતે લૂંગડાં ઊંચાનીચાં કરી પડખું ફેરવ્યું.

આવી જ એક રાતે બાપુ : 'બોંન, ઘેલીબોંન,' કરી એને ઊંઘમાંથી હળવે રહીને જગાડતા હોય એમ પૂછે.

'બોન, જાગચ્છ?'

'હા બાપુ.'

'એક વાત માર મનમાં રમે ચ્છ. હૌના હિતની વાત.'

'કે બાપુ.'

'જાણ વાત એમ છે.' ગળુ સુકાતું હોય એમ બાપુ અટક્યા. મને થયું, હમણાંનો વરહાદ ઓછો પડે છે, તે આ વખતેય પૈસા ટકાની કશી વાત-

'કે બાપુ. દિલમાં દગદગો રાખ્યા વના કો.'

'બોંન. આપડી બીનાનું તાર દિયર બિપિન હારે બંધ બેહાડને. હૌના લાભનું. તાં એ બે ભૈ. અનં અંઈ તમં બે બોંનો. અનં...બોંન આઘેનો વચાર કરતાં દવધા થાય સે. ઓંક વસ્તાર ના વેંકે જમઈ ફરી પૈણવા તિયાર...બાપુએ અધૂરું મેલેલું.

'ના, બાપુ. એકવાર મૈંજ એમને કયેલું, પૈણો ફરી.'

'તો...?' એક જ શબદના સવાલમાં બાપુ આખાને આખા ધસી પડેલા.

એણે ફરી પડખું બદલ્યું.

'જો આજ બોલી એ બોલી. ફરી એવું બોલીશ તો જોવા જેવી થશે'

'પણ છોકરાં હાતર તો...?'

'પૂરું બોલવા દીધા વના અધવચ અટકાઈને : છોકરાં હાતર બીજુ બૈરું કરીનં સરવારે તું અને હું બેય દુખી થૈએ. હમજી? અનં અજુ મેં આશા નથી મેલી - નેં, તેં? કદાક નૈં થાય તો ચિયાં રાજ રંડઈ જવાના સે? બિપિનનું દત્ત લૈશું.'

છાતી પર અણકથ ભાર વધતાં હંસા જાગી. એણે આંખ ઉઘાડી જોયું તો જમણો હાથ છાતી પર હતો. આંખો ઉઘાડી રાખી એ ક્યાંય સુધી પડી રહી. પવાલું પાણી પીને એ ડાબે પડખે સૂતી. આંખો ઘેરાતાં જ-

'કોંનમની ભોંય જેવો લોંઠ' છે તારો બાપ.' પિયર આવવાની આગલી રાતે હસમુખ એને કે, 'તનં તાર પિયરનાં ઘેલી કે સ્છ એ હાચું સે. તું ઘેલી જ છું. તું અંઈ બાપ બાપ કર સ્છ પણ તારા મેંઠા બાપને તું નંઈ ઓળખી હકેશ. આ તો કાળી જમીનના ખેડનારા. આઈ વરાપ અને આયો વખત ના ચૂકે. ના તક મૂકે. પૈણ્યે પંદર પંદર વરહ થ્યાં તો ય બાપ ગળેથી ના વછૂટ્યો?'

તો ય : 'એકવાર જઈ આવ્વા તો દો. ફરી ના કેશો તો કદીયે નંઈ જવ.' એણે આજીજી કરી, તણખા નોંખતા ધણીને રાજી કર્યો.

'ઘેલી બેટા, રાતે ઊંઘ નંતી આવી? મોડી રાત હુધી પાહાં ઘહતીં'તી.' સવારે ચા પીતાંપીતાં બાપુ પૂછે.

'હોવ્વ બાપુ.'

'એ તો જગા બદલાય એટલે એવું થાય બોંન.' બાપુ, જગા બદલઈ એટલે નઈ પણ મન બદલાયાની વાતે ઊંઘ ના આઈ. એ બાપુને આવું કશું કેવા મથી. પણ બોલાયું નઈ.

થાડીવાર પછી-

'શું કવ?' એ નખથી નદી ખોતરવા મથી.

'મોટાને પૂછીનં કાલબાલ કૈંશ. સું ઉતાવળ સે? અજુ તો તું રેવાની સું ને?

એને થયું, એમ કરીને બાપુએ પૂછી લીધું, તું ક્યારે જવાની?

'આજે જ જવું પડે એમ સે.'

'આજ ના જા તો ના ચાલે?' મોટો ભૈ તો હવારનો ખેતરમાં ગ્યો સે. આઈ છું તો રઈ જા. ફરીથી નૈં અવાય તારાથી.'

'ના, બાપુ. પમધાડથી બિપિન ભૈનં કોલેજમાં પરીક્ષાઓ શરૂ થાય સે. આ એમનું છેલ્લું વરહ. તમં પેલી વાતનો નૈંણય કઈ દો એટલે - '

બાજરીમાં પાણી મેલેલા ખેતરમાંથી બા'ર નીકળ્યા પછી લાગતી લૂ જેમ પિયર એને સવાર-સવારમાં દઝાડવા મંડેલું. તીખા અને તૂરા મૂળા જેવા બેય ભૈ સવારથી ખેતર જતા રહેલા.

બપોરે ખાધાની વેરાએ બાપુએ એને મંઈલા ઓયડામાં બોલાઈને બીજી જ વાત કરી. બિપિનને બદલે બીનાનું આપડે એમની જોડે-?'

'પણ બાપુ એ નંઈ મોંને. હું જોંણ સ્છ એમનું મન.'

'તો બીજો રસ્તો ય છે.'

'શો ?' અંધારા ઓયડામાં એ આગિયો જોવા મથી.

'આપડા મોટા ભૈના ચકુને દત્ત-' ઘડીક અટકી, તું એમને પૂછીને જણાવજે. ઓ ઉતાવળ સે?'

હંસાને ખાધામાં પાર વનાની કરકર આઈ. જેટલી વાર કોળિયો ચાવ્યો એટલી વાર કાળી માટી એની દાઢમાં કરર કરર થયા કરી. ખાધું ના ખાધું કરીને એ ઊઠી. અને, નંદવયલી કાંસાની તાંસળી જેવા અવાજે એણે પૂછ્યું; 'બપોરની બસની કેટલી વાર છે?'

'કલાકની.' કોક બોલ્યું.

મસમોટો થોરિયો મૂળસોતો ઊથલીને એની પર પડ્યો હોય એમ કલાક સુધી એ ગૂંગળઈ.

'બેન. ઓ બેન. છેલ્લું સ્ટેન્ડ આવી ગયું.' કંડક્ટરે એને જગાડી.

'હા ભઈ' કરતી એ ઊતરી.

બા'ર રાત પડી ગયેલી. મનના જેવું જ બાર અંધારું. ભોગના જોગ, ગોંમમાં કરંટ કપઈ ગયેલો. એને થયું, હારું થયું. 'અજવાળામાં વાત અમની કે'વાત?'

'જઈ આઈ!' રાતે સૂતી વખતે પલંગ કનેના ટેબલ પર મૂકેલુ દૂધ પીતાં હસમુખે એને પૂછ્યું. ફાનસની વાટ નાની કરવા જેવું કરીને એણે હામાં માથું હલાયું.

'ના પાડીને એમણે? મને તો કાલની ખબર...'

એમણે ના તો નથી પાડી, પણ- પછી એણે મન કાઠું કરી બાપે કહેલી પહેલી વાત એક શ્વાસે પૂરી કહી નાખી. ચડેલા શ્વાસ ખાવા જ્યાં એ અટકી કે હસમુખે એના ગાલે ડાબા હાથે તમાચો

ચોડી દીધો. જમણા હાથથી ઝાલેલા પ્યાલામાંથી દૂધની છાલક ફાનસના ગોળા પર પડી.

ફાનસનો ગોળો તૂટ્યાના તડાક્ અવાજમાં સટાક અવાજ ભળી ગયો.

ભડકા લેતી ફાનસ જેમ હસમુખ: 'હાવ પિયરઘેલી, સાલી. બાપનો હંદેહો હરખથી કેવા મંડી. આ તો પેંતરા; મારી પોંહે ના પડાવ્વાના. તનં એમ સ્છે, તારો બાપ મારું અનં તારું ભલું તાકે સે?'

'પણ ઓંમાં ખોટું...' એ વરને બાપ વતી કશું હમજાવા મથી.

હંસાનો ઓશિયાળો ચ્હેરો જોઈ ઢીલો પડેલો હસમુખ: 'તનં હમજણ નંઈ પડે, આ બધા કારસાની. એ બધાંએ કોઈ ડી.એસ.પીના ભૈ હારે બીનાનું પંદર દા'ડા પેલાં નક્કી કર્યું સે. વડોદરે રે'તા તારા બેય ભૈઓને સરકારી નોકરી અલાવવાની એ લોકોએ ખાતરી આલી તાં હુધીની બાંટણી મનં મલી.

'ઓંથી મલી.?' ખોખરી રકાબી જેવું એ ખખડી. એને થયું. વાત ખોટી. હું તાંથી તો આવું છું.

'વડોદરાથી કનુનો ભઈબંધ સુભાષ કાલ આયો'તો. તું ઓંમ ગઈ. અને એ આયો.'

'પણ બાપુએ આ વાત તો મને-' કે'તાં એ ફફક ફફક રડી પડી.

હસમુખે 'હંસલું હંસલું' કરતાં એને બથવાટી. ધણીના ખભે માથું ઢાળી ડહકે ચઢેલી હંસાને, આંખનાં ઝળઝળિયાંમાં બાપનો ચીરાચીરા ચહેરો પાણી પરના ઘાસતેલ જેમ તર્યો. પછી-

બાપની બીજી વાત કેવા કરતું એનું મન, ભડકા લેતી ફાનસની જેમ ઓલવાઈ ગયું. □

અનુસંધાન) ક્રિકેટ-૫ (પૃ. ૨૭૫ પરથી

પગમાં બરાબર સ્ફૂર્તિ હશે તો જ આગળ વધીને કે પાછળ જઈને ખેલી શકશો.

દડાની કોઈપણ રમત હોય - પછી તે હોકી હોય કે ક્રિકેટ, બેઝ બોલ હોય કે ટેનિસ - પરંતુ આમાં 'ટાઈમિંગ' સહુથી મહત્ત્વની બાબત છે. યોગ્ય સમયસૂચકતા ન હોય તો જેમાં બૅટ્સમૅન ચોગ્ગો લગાવી શકે તેવા દડામાં સમયસૂચકતાના અભાવે માત્ર એક જ રન મેળવી શકે અથવા તો ઊંચે કૅચ પણ આપી બેસે. ભારતના સુનિલ ગાવસકર અને પાકિસ્તાનના ઝહિર અબ્બાસના ટાઈમિંગને કારણે જ તેઓ આટલા બધા રન ખડકી શક્યા. સવાલ એ છે કે આ સમયસૂચકતાની શક્તિ જન્મજાત હોય છે કે પછી તાલીમથી મેળવી શકાય? ઈમરાનખાન જેવા માને છે કે ટાઈમિંગ એ કંઈ શીખવાની ચીજ નથી. જ્યારે વિવિયન રિચાર્ડ્સ કહે છે, કે કૅચ કરવાની પ્રૅક્ટિસથી જે ત્વરિતતા આવે છે એમાંથી પણ બૅટ્સમૅનને સમયસૂચકતા સાંપડે. (ક્રમશઃ) □

## લઘુકથા

# તંતુ

**રમેશ ત્રિવેદી**

મારાં બાને યાત્રાએ જવાનું નક્કી થઈ ગયું.

ભાથું વગેરે તૈયારીઓ કરતી વેળાએ રેખાનું મોં ફૂલી ગયું હતું: "બા યાત્રાએ જાય એનો મને વાંધો નથી; પણ આપણે ભૂલેચૂકે ય કયાંક ગયાં તો.." હા, રેખાની અકળામણ પણ સાચી હતી. રેખાને એકલીને કે અમારે બંનેને સાથે કયાંક બે-ચાર દિવસ જવાનું થતું તો બા તરત કહી નાખતાં: "...તમારે જવું હોય તો જાવ ભલે, પણ આપણાથી તો હવે લોટો પાણી ય નહીં લેવાય.. ઘણા દા'ડા કર્યું!..."

અલબત્ત, અમે જવાનું માંડી વાળતાં ત્યારે એનાં એ જ પાછાં અમને આગ્રહપૂર્વક મોકલતાં પણ ખરાં. પણ ઘેર આવ્યાં પછી કયાંય સુધી અમારે એમણે કરેલાં નાનાં-મોટાં કામોની ઝીણી ઝીણી વિગતોની માહિતી સાંભળ્યા કરવી પડતી હતી.

બા યાત્રાએ ગયાં.

રેખા ઘરમાં એકલી પડી ગઈ. દિવસમાં એકાદવાર તો એને મુખેથી નીકળી જ જતું: "બળ્યું, બા વગર ઘર તો સૂનું સૂનું.. મને તો એમના વિના..."

બા યાત્રાએથી આવી ગયાં.

બાના આવ્યાં પછી સહેજ સ્થગિત થયેલું ગૃહચક્ર ફરી ગતિમાન થઈ ગયું. બા રેખાને માટે બનારસી સાડી લાવ્યાં હતાં. સાડી જોઈને મને થયું: "બાએ જરૂર કાં તો એના પુણ્યદાનમાં કરકસર કરી હશે અથવા પોતાના ગાંઠના ખાનગી પૈસા જોડ્યા હશે. અન્યથા મેં આપેલા પૈસામાંથી આટલી મોંઘી દાટ સાડી..."


રેખાને બાની લાવેલી સાડીનો રંગ પસંદ પડ્યો નહોતો, ને છતાંય એ ઢીલી પડી ગઈ હતી. એણે જન્મ લેતાંની સાથે જ માને ખોઈ હતી. પોતાની માનું મોં પણ એને યાદ નહોતું... કદાચ એટલે જ એણે બાની લાવેલી સાડી પર હાથ ફેરવતાં ફેરવતાં એટલું કહેલું: "આપણાં બા ય આમ તો પાછાં..." ને એ રડમસ બની ગયેલી.

આજે રાતે ઘેર આવ્યો ત્યારે ફરી પાછું ઘરનું વાતાવરણ ભારેખમ બની ગયું હતું. બાએ ભારે સાદે કહી નાખ્યું : "પેલીને ય તારી સાથે ખાવા બેસાડજે..."

'શું થયું પાછું?' - મારા બોલતાંની સાથે જ બા ગળગળાં થઈ ગયાં: "મૂઈ, આ મારી જીભડી ય..." અને થોડી વાર પછી ઉમેર્યું : 'આ તો વાતવાતમાં રિસાઈ જાય છે... પેટની જણી હોયને તો ય ઘર છે તો બે શબ્દો..'

પછી મેં રેખાને માંડ માંડ સમજાવી. એણે કહ્યું: "પહેલાં બાને ઉઠાડો... એ મોંમાં કોળિયો મૂકે એ પછી જ..." એનો સાદ બોલતાં બોલતાં ગળગળો થઈ ગયો: 'બળ્યો! મારો સ્વભાવે ય કયાં!?...'

રેખાને રડતી જોઈને હું મોટેથી ખડખડાટ કરતો હસી પડ્યો. કયાંય સુધી મેં એકલા એકલા હસ્યા કર્યું. □



# નાયગરા

અમેરિકન દશ્યાવલિ : ૫

ભોળાભાઈ પટેલ

આ ક્યાંથી ગગડાટ? અંબર મહીં ના મેઘખંડેય કો
કે માઝા મૂકી સિંધુરાજ ધસતો આવી ચઢ્યો આ દિસે
કે વિંધ્યાચળને વને ગરજતા સો કેસરી સામટા?
પ્હાડોયે ધડકે ભરાય, ફડકે ફાટી પડે દિગ્ગજો....
ના, આ તો સુરપાણનો નિકટના પ્હાડો થકી ધોધવો
વેગી વારિ પ્રવાહ સાથ ભૂલ કો માટી ધસી આવતો....

કવિ પૂજાલાલની 'સુરપાણનો ધોધ' કવિતા ભણાવનાર શિક્ષકે આ શાર્દૂલવિક્રીડિતની પંક્તિઓને જાણે કે શ્રાવ્યદશ્ય બનાવી દીધી હતી. અમે જાણે કોઈ પ્રચંડ ધોધની ગર્જનાઓ સાંભળી રહ્યા છીએ, અને પછી એને ધસી આવતો જોઈ રહ્યા છીએ, એવો અનુભવ થયો હતો. વર્ષો વહી ગયાં...

વિશ્વવિખ્યાત નાયગરા ધોધની દિશામાં અમારી મોટરગાડી દોડી રહી હતી, ત્યારે જાણે કે ચેતનાના અતલાન્તમાંથી જોર કરીને આ શાર્દૂલવિક્રીડિત ધસી આવ્યો. મને થયું - આ ક્યાંથી? ક્યાં તો સુરપાણનો ઘરેલુ ધોધ અને ક્યાં નાયગરા?

પરંતુ ધોધનું કલ્પનાચિત્ર પૂજાલાલની આ પંક્તિઓથી કોણ જાણે કેવી રીતે ચિત્ત પર રચાઈ ગયેલું કે એથી અલગ પાડીને આ ધોધ પણ જાણે જોઈ શકાશે નહિ કે શું? એક પ્રચંડ કૌતુક મનમાં હતું. પ્રથમ વાર તાજમહાલ જોયાની પૂર્વક્ષણો યાદ આવી ગઈ. તાજમહાલમાં ચિત્રો જોઈ, કાકાસાહેબનો નિબંધ વાંચી તાજની માનસછબિ એવી અંકિત થયેલી કે તાજ નિકટ જતાં સમગ્ર ચેતના તાજોન્મુખ બની ગયેલી, પછી જ્યારે સંગેમરમરની એ આકૃત્તિ નજર સામે ખૂલી કે થયું, શું આ જોઈ નહોતી?

નાયગરાની તસવીરો જોઈ હતી, પણ કવિતા તો પૂજાલાલની ધોધ વિષે વાંચી હતી. નાયગરાની નિકટ જતાં હતાં તેમ તેમ એ કેવી રીતે ખૂલશે એની ઉત્કટ પ્રતીક્ષાનો ઉદ્વેગ આજુબાજુની દૃશ્યાવલી ભણી પણ અને સહપ્રવાસીઓની હળુહળુ વાતો ભણી પણ વિમનસ્ક કરી દેતો હતો.

આવું થતું હોય છે. સમગ્ર ચેતના જ્યારે આમ કોઈ વ્યક્તિ કે વસ્તુ વિષે સૂચ્યગ્ર બની જતી હોય છે ત્યારે અસ્વસ્થ કરતી વ્યાકુળતા વિસ્મય સાથે ભળેલી હોય છે. એક શનિવારે જ્યારે વેસ્તાલથી નાયગરા જવાનો કાર્યક્રમ ઘડ્યો તે પછી જાણે ચિંતા રહેવા લાગી હતી કે ત્યાં જઈશું ત્યારે હવામાન કેવું હશે? વરસાદ તો નહિ પડે ને? પછી તો ટી.વી.ની વેધર ચેનલ પર શુક્રવારે હવામાનની આગાહી સાંભળી કે રાતે આકાશ ખુલ્લું થશે અને ન્યૂ યૉર્ક રાજ્યના બફેલો નગર વિસ્તારમાં દિવસ mostly sunny રહેશે. એ નાયગરાનો વિસ્તાર.

તાજમહાલની જેમ નાયગરાધોધને પણ વિશ્વની એક અજાયબી ગણવામાં આવે છે. એક માનવસર્જિત છે, બીજી પ્રકૃતિસર્જિત. નાયગરા મૂળે તો નદીનું નામ છે. લેક એરીમાંથી એ નીકળે છે અને ૫૩ કિલોમીટર દોડી એ લેક ઓન્ટારિયોમાં ભળી જાય છે. એ રીતે તો ૧૩૦૦ કિલોમીટર દોડતી ક્યાં આપણી નર્મદા ને ક્યાં આ નાયગરા? નર્મદાનો એક પ્રચંડ ભૂસકો તો જબલપુર પાસે ધુંવાધારનો, બીજો તે સુરપાણનો. પણ નર્મદાને તો ૧૩૦૦ કિલોમીટરમાં પોતાનાં વિવિધ રૂપ બતાવવાનો ભરપુર અવકાશ મળ્યો છે. કેટલેક સ્થળે સાગર જેવા વારિઓઘ તો અનેક સ્થળે રેપિડ્ઝ નાયગરામાં પણ રેપિડ્ઝ ઘણા, પણ જે કારણે આ નદી વિખ્યાત છે તે તો આ ટૂંકી દોડમાં એણે જે ભૂસકો માર્યો છે તેથી. એ ભૂસકો એ જ નાયગરા ધોધ.

નદી તરીકે નાયગરા અમેરિકાના ન્યૂયોર્ક રાજ્ય અને કેનેડા ઓન્ટારિયો વચ્ચે પ્રાકૃતિક સરહદ પણ રચે છે. અમેરિકાની સરહદમાં પણ નાયગરાનો એક ભૂસકો છે, કેનેડાની સરહદમાં બીજો ભૂસકો. એટલે સમ્યક્ રૂપે જોવા કેનેડામાં જવાનું પ્રવેશપત્ર પણ અમે મેળવી લીધું હતું.

નાયગરા ધોધ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો હશે એની ભૂસ્તરશાસ્ત્રીઓએ-ભૂગોળવિદોએ વૈજ્ઞાનિક કલ્પના કરી છે. એમનું એમ કહેવું છે કે ભૂપૃષ્ઠની રચના વગેરે જોતાં આ ધોધની વય ૧૨૦૦૦ વર્ષની તો ઓછામાં ઓછી છે. એ જ્યારે પ્રથમ અસ્તિત્વમાં આવ્યો હશે ત્યારે કોણ જોનાર હશે? અથવા એને પહેલો જોનાર કોણ હશે? એ જ પેલો એકાકી ન રમી શકતો વિભુ હશે, જે એનો રચયિતા છે? ન ઉકેલી શકાતાં પરમ વિસ્મયોને માનવમન આવી કોઈક દાર્શનિક કવિતામાં રૂપાંતરિત કરતું હશે શું?

અમારે નાયગરા કેનેડાની હદમાંથી જોવો હતો એટલે સીમા પર ચાલુ ગાડીએ જ પાસપોર્ટ બતાવ્યો કે પ્રસી ગયાં જાણે. ત્યાં એકાએક ગાડીમાંથી નજર પડી...નાયગરા ધોધ...પુલિને ગાડી ધીરી કરી હતી. અમે જોઈ રહ્યાં, સૌ જાણે પોતપોતાની રીતે. મારી કલ્પનામાં આ ધોધ સાથે એક રહસ્યનું તત્ત્વ ભળી ગયેલું, મને થયું એની સાથે આ પ્રથમ પ્રત્યક્ષ દર્શનનો સંવાદ રચાનો નથી શું?

હજુ અમે ગાડીમાં હતાં અને અસંખ્ય પ્રવાસીઓથી ઊભરાતા આ નગરમાં યોગ્ય પાર્કિંગ પહેલાં શોધી લેવાનું હતું. જોઈએ, પછી તો અમે છીએ અને નાયગરા છે. અમે જરા આગળ ગયાં કે અહો, આ જ તો પેલો બીજો નાયગરાનો હૉર્સ-શૂ ધોધ!

હવે તો ગાડી જલદી પાર્ક કરી આ ધોધની નિકટ પહોંચી જવા વ્યગ્ર બની જવાયું. પુલિને અમને ઉતારી દીધાં. કહ્યું, અમે આવીએ છીએ; તમે જાઓ.

બરાબર હૉર્સશૂની સામે જઈ ઊભાં રહી ગયાં. સ્તંભિત! જળની આ તે કેવી લીલા? નાયગરા નદીનાં વિપુલ વારિ વેગથી ધસતાં આવે છે અને એક વિશાળ અશ્વનાળના આકારમાં એકદમ પડતું મૂકે છે અને માત્ર શ્વેત ફીણ બની જાય છે. વારિનું માત્ર શ્વેત રૂપ ને ઘેઘૂર ગર્જન. હજારો વિસ્મિત નેત્રોથી એ પિવાઈ રહ્યું છે. છેક નિકટ જઈ પહોંચીએ છીએ. એનાં સીકરોની ફરફર ચહેરા પર છંટાવા દઈએ છીએ.


પછી તો આ નાયગરાનો ધોધ છે અને હું છું. જાણે હું એને પહેલી વાર જોઉં છું. હું નદીને પણ જોઉં છું, નદી ધોધ બની જાય છે, તે જોઉં છું. ધોધ જલસીકરોનું વાદળ બની જાય છે, તે જોઉં છું. જોઉં છું, જોઉં છું, નમું છું.

દિવસ સુંદર છે. આજે વધારે સુંદર છે. આ સૌ પ્રવાસીઓ પણ સુંદર લાગે છે.

કદાચ આ અનુભવ આ સૌ જોનારાઓનો હશે, એટલે તો કદાચ નાયગરા 'હનિમૂન સિટી' બની ગયું છે. નાયગરાની ઉપસ્થિતિમાં મધુરજનીઓનો અનુભવ મધુરતમ બની જતો હશે.

ઇન્દ્રધનુ રચાઈ ગયું છે. ગોળાકાર ખીણનો સેતુ જાણે! એ નામનો અહીં એક માનવસર્જિત સેતુ પણ છે - રેઈનબો બ્રિજ. આ જળપ્રપાત અને આ ઇન્દ્રધનુ - દુ:સહ સુંદર. ભવ્ય અને રમ્યનો કેવો સંયોગ! આ જોઉં છું ત્યાં તો કેટલાં વારિ વહી ગયાં, અને બારહજાર વરસથી દિવસ રાત આમ વહી રહ્યાં છે...

પછી તો જુદે જુદે સ્થળેથી નાયગરા સાથે ત્રાટક રચ્યાં.





નાયગરા ધોધનાં બે દશ્યો

અમેરિકન પ્રપાત ભણી ગયાં. હવે એ પણ બરાબર. પ્રથમ નજરની નિરાશા ક્યાં જતી રહી? એ સીધો પડી રહ્યો છે, છેડે જરા પ્રચંડ ધાર ખંડિત થઈ શોભા વધારે છે.

આ ધોધ કોઈ ઝીલી શકે? શિવજી?

જરા હસવું આવી ગયું.

આ અદ્‌ભુતનું દર્શન અભિભૂત કરતું જાય છે. અહીંની આદિમ પ્રજાઓને અમસ્તું જ નહોતું થયું કે આ પ્રચંડ વારિ જ્યાં પડે છે, તે કોઈ દેવતાનું નિવાસસ્થાન હોવું જોઈએ. એટલે તો વસંતઋતુની શરૂઆત થાય કે એ દેવતા માટે એક સુંદર કુમારિકા પસંદ કરવામાં આવતી. એને નવવધૂની જેમ મૃગચર્મ અને ફરમાં સજાવી એક નાનકડી હોડીમાં બેસાડવામાં આવતી. ધોધને ઉપલાણેથી એ હોડીને વહાવી દેવામાં આવતી!

અશ્વનાળ ધોધમાંથી જે જલસીકરોનું વાદળ રચાય છે એને 'મેડ ઑફ ધ મિસ્ટ' - ધુમ્મસકુમારિકા - કહેવામાં આવે છે. એવું નામ પેલા આદિવાસીઓએ આપ્યું છે કે સભ્ય અમેરિકનોએ? સંભવ છે પેલી દેવતાને ધરવામાં આવેલી કુમારિકા પછી આ 'મેડ ઑફ ધ મિસ્ટ' બની ગઈ હોય લોક-કલ્પનામાં.

પરંતુ અહીં 'મેડ ઑફ ધ મિસ્ટ' માત્ર કલ્પના નથી. એ નામની બોટમાં પ્રવાસીઓને બેસાડી સામા પ્રવાહમાં છેક ધોધની નિકટ લઈ જવામાં આવે છે. આવો રોમાંચક અનુભવ કોણ જવા દે? અમે ચાલતાં ચાલતાં આ રાઈડ લેવા ગયાં, તો ત્યાં તો લાંબી લાઈન. અમને થયું ઘણી વાર લાગશે. આરતી-પુલિને તો ઘણીવાર આ સવારી માણેલી. અનિલાબહેન માટે ધોધની બીજીવારની યાત્રા હતી, પણ 'મેડ ઑફ ધ મિસ્ટ' કદાચ પ્રથમ વાર. અમારે બહુ ઊભા રહેવું પડ્યું નહિ. ટિકિટો લઈ એક લિફ્ટ દ્વારા નીચે ઊતર્યાં. થોડું ચાલ્યાં. બોટ આવી. બોટમાં પ્રવેશતા દરેકને એક એક વાદળી જૅકેટ આપી દેવામાં આવ્યું. બોટમાં બધાં સરખાં લાગે. બોટ ઊપડી અશ્વનાળ ધોધ ભણી.

અદ્‌ભુત અનુભવ. જેમજેમ ધોધની નિકટ જતાં ગયાં તેમતેમ રોમાંચની માત્રા વધતી ગઈ. બધા પ્રવાસીઓ આનંદની ચિચિયારીઓ પાડી ઊઠતા. નજીક, હજી નજીક - હવે બોટ ખસી શકતી નથી - પણ જલસીકરોએ સૌને ભીંજવી દીધાં છે. બોટમાંથી ધોધ ભણી નજર શી રીતે કરવી?

એક ચક્કર લઈ બોટ પાછી ફરી, ધીરે ધીરે.

જૅકેટ ઉતારી જેવાં અમે લિફ્ટ ભણી જતાં રહ્યાં કે 'મેડ ઑફ ધ મિસ્ટ'નાં બીજા પ્રવાસીઓ આવી રહ્યાં હતાં, અનિલાબહેન કહે : ત્યાં જુઓ, સ્વામી સચ્ચિદાનંદ છે. અમે મળ્યાં. પરસ્પર અભિવાદન કર્યું. સ્વામીજી અરૂઢ સંન્યાસી છે, એટલે આ અનુભવ એ જરૂર લે જ. નીચલાણે અમે નદીકિનારેના ખડકો ઉપર બેસી પાણીમાં પગ બોળી પ્રપાત જોતાં રહીએ છીએ. સાંજ પડતી હતી. અમે વળી પાછાં અશ્વનાળ પ્રપાતની નજીક જઈ બેઠાં. આવેશ શમી ગયો હતો. પણ અહીં બેસીને આંખ અને કાન દ્વારા - રૂપ અને શબ્દમાં સર્વેન્દ્રિયોથી પ્રપાતને પામું છું. વળી રચાયાં છે ઈન્દ્રધનુ. અશ્વનાળના બે છેડા વચ્ચે સેતુ રચી રહ્યા છે.



એડવર્ડ હિક્સે (૧૭૮૦ થી ૧૮૪૯) નાયગરા ધોધનું દોરેલું ચિત્ર

સાંજે મોડે સુધી તડકો હતો. અમે નાયગરા ગામમાં જવાનો વિચાર કર્યો. આ ગામમાં ઊંચાં ઊંચાં ટાવર્સ છે. સ્કાયલોન ટાવર, યલો બગ વગેરે. પરંતુ જેમ હરકી પૌડી આગળ બિરલા ટાવર વરવું લાગે છે તેમ આ નાયગરા ધોધની નિકટ આ ટાવર્સ વરવાં લાગે છે. પણ એ છે.

અંધારું થતાં ધોધનાં પાણી પર રંગબેરંગી પ્રકાશ ફેંકાવા શરૂ થયા. મને થયું, પણ આ શા માટે? પ્રકૃતિને પ્રકૃત કેમ રહેવા દેવાયાં નથી આવતી? આ સમયે પણ અસંખ્ય પ્રવાસીઓ છે. આંકડા છે કે વરસેક દહાડે અગિયાર કરોડ કરતાંય વધારે પ્રવાસીઓ નાયગરા જોવા આવે છે!

રાત તો પડી છે ને તો ય તો અવિરામ પડ્યે જાય છે ધોધ, પડ્યે જાય છે. જ્યારે સૌ પ્રવાસીઓ પોતપોતાનાં સ્થળે પહોંચી જશે, જ્યારે મધુરજની ઊજવતાં યુગલો એકબીજાની સોડમાં લપાઈ જશે, ત્યારે ય આ ધોધ અવિરામ પડ્યે જશે. □

---

અનુસંધાન) વી. શાંતારામ (પૃ. ૨૬૦ પરથી

કરી. પત્ની જયશ્રી અને પુત્રી રાજશ્રીને ફિલ્મમાં ઉતારીને ઘરની મહિલાઓને ચલચિત્રોમાં રજૂ કરવાની હિંમતભરી પહેલ પણ આ ઉદ્યોગમાં એમણે જ કરી હતી. ભારતની સૌપ્રથમ કાર્ટૂન ફિલ્મ 'જંબુકાકા' એમની પ્રભાત ફિલ્મ કંપનીએ જ આપેલી. 'નવરંગ'માં નૃત્યોનું દિગ્દર્શન પણ એમણે આપેલું. 'પિંજરા' ફિલ્મ દ્વારા એમણે મહારાષ્ટ્રના તમાશાને યોગ્ય વળાંક આપી તેનું ગૌરવ સ્થાપ્યું. ફિલ્મનિર્માણ એમને માટે એક આરાધનાસમું હતું. ફિલ્મજગતની એમની બહુમુખી પ્રતિભાને ૧૯૮૦માં નાગપુર યુનિવર્સિટીએ ડૉક્ટર ઑવ લેટર્સની માનદ ઉપાધિથી બિરદાવી હતી. આમ, આ ક્ષેત્રમાં છેક પાયાથી આરંભ કરી પોતાની સર્વક્ષેત્રીય આગવી સૂઝસમજ અને પરિશ્રમથી ફિલ્મી દુનિયામાં માનભર્યું સ્થાન મેળવનાર કોલ્હાપુરના આ નૉનમૅટ્રિક ડૉક્ટરની કારકિર્દી ભારતના હિંદી ફિલ્મ જગતના ઈતિહાસનું એક અનોખું ઉજ્જ્વળ પ્રકરણ બની રહેશે.

બિ. ટાં

# ઈશાવાસ્ય ઉપનિષદ

**મન્ત્ર ૪ અને ૫**

(પ્રથમ મંત્રમાં ચરાચર વિશ્વ ઈશથી અભિન્ન છે એમ કહી, કર્મબંધન ન લાગે એ રીતે જીવન જીવવાની રીતિને દર્શાવી, બીજા અને ત્રીજા મંત્રમાં એ ભાવને વધુ સ્પસ્ટ કર્યા પછી, હવે, ચોથા અને પાંચમાં મંત્રમાં ઈશતત્ત્વનો મનોમય વિશેષ અનુબોધ થઈ શકે એ રીતે ગુરુ શિષ્યને સમજાવે છે.)

અનેજદેકં મનસો જવીયો નૈનદેવા આપ્નુન્પૂર્વંમર્ષત્ ।
તદ્ધાવતોઽન્યાનત્યેતિ નિષ્ઠત્તસ્મિન્નપો માતરિશ્વા દધાતિ ॥ ૪

અનેજત્-અંકપમાન, નિશ્ચલ. એકમ્ - અદ્વિતીય. મનસોજવીયો - મનથી અચિન્તય, મનથી વધારે વેગવાન. ન-ન, નહીં, એનદ્-એને, ઈશને, બ્રહ્મને. દેવા: - દેવગણ, ઈંદ્રિયો, ઈન્દ્રિયોના અધિષ્ઠાતૃ દેવતા. આપ્નુવન્-પ્રાપ્ત કર્યું, મેળવ્યું. પૂર્વમ્ - પૂર્વે, આગળ. અર્ષત્ - જતું, પહોંચતું, (જનારને). તત્-તે, ઈશ. ધાવત: અન્યાન્ - દોડતાં બીજાને. અત્યેતિ-અતિક્રમી જાય છે. તિષ્ઠત્-સ્થિર રહીને, અચલ રહીને. તસ્મિન્-તેમાં, (તે એકમાં) અપ:- વીર્ય, કારણવારિ, કર્મો. માતરિશ્વા - વાયુ, પ્રાણ. દધાતિ - સ્થાપે છે, ધરે છે.

એ પરમ ઈશતત્ત્વ અચલ છે, કાલભેદ રહિત છે, એક છે, સર્વવ્યાપક હોવાના કારણે, - જે અત્યંત ગતિશીલ એ જ ગતિહીન જણાય તેમ - મનથી પણ અધિક વેગવાળું છે. આમ, જે સર્વત્ર એક સમયે વ્યાપેલું છે, જે આગળથી પહોંચી ગયેલું છે, તેને ઇંન્દ્રિયો કે એના અધિષ્ઠાતૃ દેવગણ આંબી શકતા નથી. તે સ્થિર છે, (વેગથી ભમતા ભમરડાની જેમ) તેથી જ તે સર્વને અતિક્રમી જાય છે. એ સર્વવ્યાપક ઈશતત્ત્વમાં, પૂર્ણમાં, પ્રાણ (સૂત્રાત્મા) કારણવારિનું આધાન કરે છે. (જેનાથી કાર્ય પરિણત થાય છે તે કારણ સ્વરૂપ કર્મોને ધરે છે.)

તદેજતિ તન્નૈજતિ તદ્દૂરે તદ્વન્તિકે ।
તદન્તરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્ય બાહ્યત ॥ ૫

તત્-તે, બ્રહ્મ, ઈશતત્ત્વ. એજતિ-હાલેચાલે છે, સક્રિય બને છે. તત્ ન એજતિ - તે નિશ્ચલ રહે છે. નિષ્ક્રિય રહે છે, તત્ દૂરે-તે દૂર છે. તત્ ઉ અન્તિકે-તે પાસે પણ છે. તત્ અન્તરસ્ય સર્વસ્ય - તે સર્વના અંતરમાં રહેલું છે. તત્ ઉ સર્વસ્ય અસ્ય બાહ્યત: - તે જ આ સર્વની બહાર પણ છે.

ચોથા મંત્રમાં પરમતત્ત્વને કાલભેદ રહિત કહ્યું. આ પાંચમાં મંત્રમાં બે વિરોધી વાત કરીને સ્થલભેદનું રાહિત્ય દાખવ્યું છે. એ પરમતત્ત્વ સક્રિય છે, માતરિશ્વા દ્વારા; નિષ્ક્રિય છે ચિન્મય સત્તા સ્વરૂપે. તે દૂર છે અને પાસે પણ છે, સર્વના અંતરમાં અને આ સર્વની બહાર પણ; પ્રથમ શ્લોકમાં કહ્યું તેમ 'વાસ્ય' - આવાસનીય ને આચ્છાદનીય. આમ, ચોથા અને પાંચમાં મંત્રમાં પરિણામશીલ વિશ્વને અતિક્રમી જતા પરમતત્ત્વને સ્થલકાલના ભેદરહિત સૂચવાયું છે.

નિષ્પંદ જે એક મનોજવાધિક
દેવોથી ન પ્રાપ્ત, ગયેલ પૂર્વથી:
તે સ્થાણુ વેગી સહુને અતિક્રમે,
તેમાં ધરે પ્રાણ સમસ્ત કર્મને. ૪
ચાલે તે ને ન ચાલે તે, દૂર તે નિકટસ્થ તે;
સર્વના અંતરે તે ને બાહ્ય છે એ જ સર્વની. ૫

— રાજેન્દ્ર શાહ —

---

અનુસંધાન ) અંગ્રેજી... આચમન ( પૃ. ૨૮૨ પરથી)

યુગમાં રચાઈ તે યુગના એક ભલે નાનકડા પણ વિશિષ્ટ સમાજનું સુરેખ ચિત્ર તેમાં રજૂ થયું હતું. એ યુગની નોંધપાત્ર કોમેડિઓમાં અંગ્રેજી ભાષાની એક અનોખી અદા - છટા- પ્રકટ થતી હતી. કટાક્ષ, ચાતુર્યયુક્ત સંવાદો, વિલક્ષણ ઘટનાનિરૂપણ આ સર્વ તેમાં હોવા છતાં એ સંપૂર્ણતાએ કદી પહોંચી શકી નહિ - નાટ્યકાર મોલિએરની કક્ષા સુધી તો ઠીક પણ બેન જોન્સનની કોમેડિની કક્ષાએ પણ પહોંચી શકી નહિ. એનાં કારણોમાં એક કારણ એ ખરું કે એ કોમેડિસર્જકોએ જીવનને અખિલાઈમાં નિહાળવાને બદલે માત્ર પોતાની આસપાસની સીમિત સૃષ્ટિમાં જ દષ્ટિ ઠેરવી. અલબત્ત તેમણે જે કંઈ જોયું, અનુભવ્યું તેનું તેમણે નિષ્ઠાપૂર્વક ચિત્ર પ્રસ્તુત કર્યું - પણ વિશાળ જીવન- સૃષ્ટિનાં દર્શનથી તે વિમુખ જ રહ્યા.

---

અનુસંધાન ) **ભ્રાન્તિમૂલક ન્યૂટ્રિનો** ( પૃ. ૨૮૬ પરથી

વિશ્વમાં વહી રહેલા ન્યૂટ્રિનોના ત્રણ પ્રકાર છે. (૧) ઇલેક્ટ્રોન ન્યૂટ્રિનો, (૨) મ્યુઓન ન્યૂટ્રિનો અને (૩) ટૌ ઓન ન્યૂટ્રિનો. ડેવિસવાળા પ્રયોગના પ્રવાહીની તથા નવા ગેલિયમ ઉપકરણની કાર્યક્ષમતા ઇલેક્ટ્રોન ન્યૂટ્રિનોને પારખી શકવાની હતી. અને છતાં ઉક્ત ન્યૂટ્રિનોના અસ્તિત્વની ભાળ તે દાખવી શક્યાં નહીં. આમ થવાના કારણ અંગે એમ પણ વિચારી શકાય કે ઉક્ત ઉપકરણો સુધી પહોંચનારા ન્યૂટ્રિનો ઇલેક્ટ્રોન ન્યૂટ્રિનો રહ્યા ન હતા.

ન્યૂટ્રિનોનો અવકાશી વેગ સેકંડે ૩ લાખ કિલોમીટરનો છે. સૂર્યમાંથી બહાર પડ્યા પછી તે એકદમ પૃથ્વી સુધી પહોંચી જતા નથી. પૃથ્વી સુધી પહોંચવામાં તેમને ૫૦૦ સેકંડનો સમય લાગે છે. આટલા દીર્ઘ સમયમાં ઇલેક્ટ્રોન ન્યૂટ્રિનો કાયાપલટ કરી મ્યૂઓન તેમજ ટૌ ઓન ન્યૂટ્રિનોમાં ફેરવાઈ જતા હોય તો પૃથ્વીપટે રખાયેલાં ઉપકરણો એમનાં અસ્તિત્વની પરખ દાખવી ન શકે એમ બનવું સ્વાભાવિક લેખાય. અને ખરેખર એવું બની રહ્યું હોય તો ન્યૂટ્રિનોને પરખવાનું અસંભવિત બને.

અને તો પછી એમ કહેવું રહે કે એકબીજાથી અલગ પડતા ન્યૂટ્રિનોને સ્વતંત્ર તેમજ સામૂહિક રૂપમાં પરખી શકે તેવાં ઉપકરણો યોજવાનું વિચારવું રહ્યું.

# રાજા મિડાસ

ચિનુ મોદી

દશ્ય : ૧

(દશ્ય શરૂ થાય છે ત્યારે ભગવાનદાસ હાથમાં પૂજાની થાળી લઈ, પૂજાની ઓરડીમાં પ્રવેશે છે.)

ભગવાનદાસ : લક્ષ્મી, દિવેટ ક્યાં?

લક્ષ્મી : (પ્રવેશીને) પૂજાની બધી સામગ્રી લઈને બેસતા હોય તો! સવારના પ્હોરમાં કામ કેટલાં હોય? (જાય છે.)

દાસ : તું પાછી જતી રહી? કંકુ ક્યાં છે?

લક્ષ્મી : (અંદરથી) જુઓને, ત્યાં પડ્યું હશે. પૂજા કરતી વખતે ચશ્માં પહેરીને બેસતા હો તો! જડ્યું? (પ્રવેશીને) હે ભગવાન! તમારે તે આંખો છે કે કોડા છે? આ શું છે? જુઓ હવે પાછા બૂમ પાડતા નહીં. મેં દૂધ ગરમ કરવા મૂક્યું છે. (જાય છે. એવામાં)

દાસ : આ ઘંટડી ક્યાં ગઈ? તમને કેટલીવાર ના કહી છે કે, છોકરાંઓને ઘંટડી રમવા ના આપો. પણ મારું સાંભળે તો ને! ક્યાં છે?

લક્ષ્મી : કાલ રાતે તમે ખાટલા નીચે મ્હોતી મૂકી? તમારો છોકરો તમારા જેવો જ અઘોરી છે. એને જગાડવા તમે ઘંટડી...

દાસ : હા, પણ જા ને લઈ આવ. (ઘડિયાળ જોઈને) ઓ બાપરે! સેવા કરવામાં ઑફિસે જવાનું મોડું થશે.

લક્ષ્મી : લાવું છું, ઘંટડી લાવું છું. બહુ ખખડ્યા ન કરો. (જાય છે)

દાસ : હે ભગવાન! ભોળા શંભુ! જીવન જીવના, દીન શરણા! પ્રભો! અંતર્યામિ! લો, આ તિલક કર્યું, આ ચોખા ચડાવ્યા, આ પુષ્પમાલા ગ્રહણ કરો. અરે લક્ષ્મી, આરતીનો સમય થઈ ગયો, ઘંટડી લાવતાં કેટલી વાર?

લક્ષ્મી : આ ઘંટડી ને આ માચીસ. માચીસ પણ નથી ને? નહીંતર મારી પૂંઠ ફરત કે, તરત (ચાળા પાડે છે.) 'લક્ષ્મી... માચીસ ના આપી?'

દાસ : બહુ ડાહ્યાં થઈ ગયાં છો? જાઓ, અને સેવા કરવા દો.

લક્ષ્મી : ઝટ પતાવજો પાછા. ઑફિસ જવાનું મોડું થશે, તો તમારો કાકો મેમો પકડાવશે. (પગ પછાડતી જાય છે.)

દાસ : (દીવાસળીથી દીવો કરી આરતી ઉતારતાં),

તું છે આસુતોષ પ્રભો હે! તું છે આસુતોષ,
માત્ર રીઝયો ના મારા ઉપર શું છે મારો દોષ? પ્રભો હે.

નાનકડો હું હતો ત્યારથી કરતો તારી સેવા,
નાની અમથી ઈચ્છા મારી કહે, 'તથાસ્તુ' દેવા,
મેં પથરો પૂજ્યો શું કરવા? મને ચઢે છે રોષ. પ્રભો હે.

લક્ષ્મી : (આવીને) હવે ક્યાં સુધી, રાગડા તાણ્યા કરશો? નવ વાગી ગયા છે. ઑફિસ નથી જવું?

દાસ : (નાક ઉપર આંગળી મૂકતાં) ચૂપ! સેવા કરી લેવા દે. (ગાવાનું શરૂ કરે છે. જરા વિલંબિતમાં ગાય છે.)

ભોલા શંભો એક જે ઈચ્છા અમે ધરી છે હાય,

લક્ષ્મી : ઝટ કરોને-

દાસ : (જલ્દી - જલ્દી) હાથ અડાડું એની સાથે અડક્યું સોનું થાય,
મારા હોવાના ગુંબજમાં આ ઈચ્છાનો ઘોષ.
પ્રભુ હે.

લક્ષ્મી : પત્યું?

દાસ : મહારાણી, તમારાથી એક મિનિટ ચૂપ નથી રહેવાતું?

લક્ષ્મી : હું ભગવાન શંકર છું તે ચૂપ રહું? મૈં ચૂપ નહીં રહૂંગી!

દાસ : હે શંભો! મારી પત્ની જેવી જીભ તને મળી હોત તો?

લક્ષ્મી : તો, શું થાત?

દાસ : તરત એણે 'તથાસ્તુ' તો કહી દીધું હોત! વીસ-વીસ વરસથી રોજ સવાર-સાંજ આ પાષાણની મૂર્તિને હું અરજ કરું છું કે, હે ભોળા શંભુ! મને એક વરદાન આપ. નાનું અમથું વરદાન આપ. પણ, સાંભળે તો ને? સાંભળે છે તો જવાબ નથી દેતો. જાણે મોઢામાં જીભ જ ન હોય.

લક્ષ્મી : હેં, ભગવાન તમારા પર પ્રસન્ન થાય તો તમે શું માંગો?

દાસ : તને કહીને શો ફાયદો?

લક્ષ્મી : અમે જાણીએ તો ખરાં.

દાસ : એક નાનકડી અમસ્તી ઈચ્છા છે.

લક્ષ્મી : શી? મગનું નામ મરી પાડો ને! શી છે ઈચ્છા?

દાસ : હું નાનો હતો ને, ત્યારે સ્કૂલમાં ભણતો ત્યારે અમારે રાજા મિડાસની વાર્તા ભણવામાં આવતી હતી.

લક્ષ્મી : મિડાસ?

દાસ : એને મળ્યું હતું વરદાન,
હાથ અડે એ સોનું થાય.

લક્ષ્મી : તો તમે એવું માંગવાના છો, ભોળા શંભુ પાસે?

દાસ : હા...આ હું જેને અડું એ સોનું થઈ જાય. પછી તો હું બધાંને અડક્યા કરું ને સોનું થતું રહે. આપણાં ઘરમાં તો મણના હિસાબે સોનું હશે.

લક્ષ્મી : ગોલ્ડ કંટ્રોલનો જમાનો ચાલે છે.

દાસ : એ તો ગઈકાલના બજેટમાં ગયો.

લક્ષ્મી : સારું, ગાંડાં ના કાઢો. મોટા મિડાસ થવા નીકળ્યા છો!

દાસ : જો જે, એકવાર જો જે, મારા પર ભગવાન શંકર પ્રસન્ન થશે ને કહેશે 'બેટા, માંગ માંગ, માંગે તે આપું.' અને ત્યારે હું કહીશ-

લક્ષ્મી : ત્યારની વાત ત્યારે, પણ અત્યારે હું તમને કહીશ મિ. ભગવાનદાસ! તમે ચા પીને તાબડતોડ ઑફિસ જાઓ. હું ચા લઈને આ આવી. (જાય છે.)

દાસ : શંભુ! વ્હાલા શંભુ! હવે તું આ ભકત ઉપર ક્યારે મ્હેર કરીશ? હવે પાણી ગળે આવી ગયાં છે. (આછાં ક્રોધથી) દેવામાં ડૂબી ગયો છું. હવે જો તું પ્રસન્ન ન થાય તો, મારું ચાલે એમ નથી. માટે હે દેવાધિદેવ! હું તને કાલ સુધીનું અલ્ટિમેટમ આપું છું, જો તું ન પ્રસન્ન થાય તો હું પ્રેસ કોન્ફરન્સ બોલાવીશ. અને જગતમાં જાહેર કરીશ કે, 'હવે તું ઝટ પ્રસન્ન થનાર દેવ રહ્યો નથી. તું હવે મહાસત્તા નથી, મહાદેવ નથી. તું ય સામાન્ય થઈ ગયો છે.' પછી કોણ તારી ભકિત કરશે? આ તને કહી રાખ્યું, પછી કહેતો નહીં કે, ભગવાનદાસે કહ્યું નહોતું. સમજણ પડી? પ્રેસ કોન્ફરન્સ બોલાવીશ.

દશ્ય : ૨

શંકર : ગૌરી, ગૌરી! તમે ક્યાં છો? હું ક્રોધ કરું એ પહેલ્લાં તમે આવી જાઓ. ગૌરી... (બૂમ પાડે છે.)

ગૌરી : પ્રભો...તમે ક્યાં છો? મને કેમ દેખાતા નથી?

શંકર : કળિયુગ, ઘોર કળિયુગ. ઉમાને મહેશ પણ ન દેખાયા! ખેર, એનું નામ જ કળિયુગ. હવે કઈ પત્નીને પોતાનો પતિ દેખાય છે? વારુ. ટૅંઢણે...ણે...

ગૌરી : અહો, પ્રભો! આપ અહીં જ હતા?

શંકર : ગૌરી, તમે શું કરતાં હતાં? ક્યાં હતાં?

ગૌરી : પ્રભો, હું પૃથ્વીલોક ઉપર ધ્યાન આપીને બેઠી હતી. આપને માટે એક માઠા સમાચાર છે.

શંકર : માઠા?

ગૌરી : પૃથ્વીલોક ઉપર ભારત નામે એક દેશ છે. એ દેશમાં (માથું ખંજવાળીને) શું એ રાજ્યનું નામ? (પાર્શ્વમાંથી 'જય જય ગરવી ગુજરાત' સંભળાય છે.) હા, ગુજરાત. આ ગુજરાત રાજ્યમાં અમદાવાદ નામે એક ગામ છે.

શંકર : અમદાવાદ?

ગૌરી : ક્ષમા કરજો પ્રભુ, કર્ણાવતી.

શંકર : હં...અ...કર્ણાવતી.

ગૌરી : (પ્રેક્ષકોને) અમારા નાથ છાપાં અચૂક વાંચે હોં! (શંકરને) નાથ, અમે ક્યાં હતાં?

શંકર : કર્ણાવતી.

ગૌરી : કર્ણાવતી મધ્યે આપનો એક ભકત છે.

શંકર : કર્ણાવતીમાં અમારા અનેક ભકત છે, એક નહીં (હસે છે.)

ગૌરી : હસો નહીં. (શંકર ચૂપ થઈ જાય છે.) પ્રભો, આ તમારો જે ભકત છે, એનું નામ છે-

(પાર્શ્વમાં 'ભગવાનદાસ' અવાજ આવે છે.) હા, ભગવાનદાસ એણે અલ્ટિમેટમ આપ્યું છે કે, ચોવીસ કલાકમાં આપ એને જોઈતું વરદાન નહીં આપો તો એ પ્રેસ કોન્ફરન્સ બોલાવશે. પ્રભુ! પ્રેસ બહુ ડેન્જરસ હોય છે, હોં!

શંકર : પણ, એ શું માંગે છે એ તમને ખબર છે? એ માંગે છે એ હું આપું તો એમાં એનું અહિત છે. નહીં, મારાથી એ વરદાન નહીં અપાય.

ગૌરી : પણ પ્રભુ, પ્રેસ બહુ ડેન્જરસ છે. એ બધી ખણખોદ કરશે, આપણી પર્સનલ લાઈફનાં છાનાં પાનાં ઉકેલશે.

શંકર : અમારે કશું છુપાવવા જેવું નથી.

ગૌરી : (ધીમા અવાજે) કેમ નથી? તમે તો તમારા દીકરા ગણપતિનું ખૂન કર્યું હતું.

શંકર : (ધ્રૂજીને) હા...પણ, એ તો...

ગૌરી : આવું આવું તો કેટલુંય બ્હાર લઈ આવે. પત્રકાર કોને કહ્યા? ધરતી ઉપરના ચમરબંધી સરમુખત્યારો પણ પ્રેસથી ડરે છે.

શંકર : તો? તો હું શું કરું પ્રિયે?

ગૌરી : એ માંગે એ આપો, બાળો.

શંકર : પણ એમાં એ ભકતરાજનું અહિત છે.

ગૌરી : અને એ ભકતરાજ પ્રેસ કોન્ફરન્સ બોલાવશે તે આપણા સૌનું અહિત છે. એક ભકત નહીં રહે, આ કહી રાખું છું.

શંકર : સારું, તમે કહેશો એમ કરીશ. આપીશ, એને વરદાન આપીશ. પ્રસન્ન થઈને વરદાન આપીશ.

ગૌરી : એ જે માંગે તે વખતે તમે શું કહેશો?

શંકર : 'તથાસ્તુ'-

દશ્ય : ૩

દાસ : (ગાતાં) તું છો આસુતોષ પ્રભુ હે! તું છો આસુતોષ.

શંકર : (અદશ્ય રહીને) વત્સ.

દાસ : હેં? આ કોનો અવાજ?

શંકર : અમે બોલી રહ્યા છીએ.

દાસ : અમે એટલે કોણ?

શંકર : મહાદેવ.

દાસ : અર્થાત્ ભોળા શંભુ?

શંકર : હા.

દાસ : તમે ભગવાન શંકર છો, એ હું કઈ રીતે માનું?

શંકર : (ઢૅંટણ...ણ...' બોલી પ્રકટ થાય છે.) હવે?

દાસ : જુઓ બૉસ. હમણાં પૌરાણિક સિરિયલો એટલી બધી ચાલે છે ને કે, ફિલમના સ્ટુડિયોમાં ભગવાનો સિવાય કશું દેખાતું જ નથી. તમારી પાસે આઈડેન્ટિટિ કાર્ડ છે?

શંકર : એ શું?

દાસ : ઓળખપત્ર. તમે ભગવાન શંકર છો એ અજાણ્યો માણસ કઈ રીતે માની લે?

શંકર : (ડમરુ વગાડતાં) હવે?

દાસ : દોઢસો રૂપિયાનાં દસ મળે છે ડમરુ. ડમરુ કંઈ -

શંકર : ભકત, મને ક્રોધ ન કરાવ. મારા ત્રિશૂલથી તને વીંધી નાંખીશ. દેંકું ત્રિશૂલ?

ઘાસ : ફેંકવું ન ફેંકવું આપની મરજીની વાત છે. પણ, ત્રિશૂલ... એટલાથી કાંઈ હું તમને શંકર ન માનું.

શંકર : આ જટામાંથી ગંગા કાઢું? તાણી કાઢું તને?

ઘાસ : એથી શો ફરક પડશે?

શંકર : (કંટાળી) તો હું શું કરું કે, તને પ્રતીતિ થાય કે, હું શંકર છું. પાર્વતી પ્રકટ કરું?

ઘાસ : એવા આડા-તેડા ધંધા કર્યા વગર સીધી વાત રાખોને.

શંકર : શું?

ઘાસ : મને વરદાન આપો. હું જેને અડું તે સોનું થઈ જાય. ઓ.કે? જો સોનું થઈ જશે તો તમે ભગવાન છો.

શંકર : જમણા હાથથી તું જેને અડીશ એ સોનું થઈ જશે.

ઘાસ : સાચ્ચે જ?

શંકર : શંકા ન સેવ, વત્સ! હવે અમે ગતિ કરીએ? (ચાલવા માંડે છે.)

ઘાસ : એક સેકંડ. આ ઘંટડીને અડી જોવા દો. હેં, આ તો સોનાની થઈ ગઈ! (શંકરના પગમાં પડતાં)

શંકર : થોભ, થોભ! બે હાથ જોડીશ નહીં સમજ્યો! નહીં તો એ જ થઈ જશે સોનાનો...ધ્યાન રાખજે-

ઘાસ : થેંક યૂ પ્રભુ!

શંકર : હજી આવું ને આવું તો ઘણું થશે. અમે ગતિ કરીએ છીએ. કલ્યાણ. (શંકર અદૃશ્ય થઈ જાય છે.)

ઘાસ : ડાબો હાથ સોનાનો, લે, આ એક દાંત પણ સોનાનો કરી દીધો. હવે, આ પાદુકાઓ અર્થાત ચંપલ, ચંપલબેન, ચંપલબેન, તમે પણ સોનાનાં થઈ જાવ. હવે? કરશું. ધીમે ધીમે બધું સોનાનાં કરશું. હવે શી ઉતાવળ છે? ઇલમકી લકડી, જાદુકી લકડી, જિસકો છૂએ હો જાએ સોને કી લગડી ઢેંટેણેણે... સોનાની લંકા હતી. હવે સોનાની કર્ણાવતી હશે. કર્ણાવતીમાં મારા ઘરનાં દ્વારા સોનાનાં હશે. ઢેંટેણે...

લક્ષ્મી : (આવીને) આ ઢેંટેંણે... શું માંડયું છે?

ઘાસ : અરે મહારાણી,

પ્રસન્ન થયા શંકર ભગવાન,<br>
અને મને આપ્યું વરદાન.<br>
જમણા હાથે અડકું તો સોનું થાય

લક્ષ્મી : કેટલા કેરેટનું?

ઘાસ : ભગવાન શંભુને ત્યાં શી વાતની ખોટ છે? એ શું કામ ઓછા કેરેટનું સોનું આપે? ચોવીસ એટલે ચોવીસ કેરેટ.

લક્ષ્મી : કે ગાંડા થઈ ગયા છો?

ઘાસ : હું? ગાંડો? આ તમે શેમાં ચા લઈને આવ્યાં છો? કાચના કપમાં ને? (જમણો હાથ અડાડી) ઢેંટેંણે...

લક્ષ્મી : હેં?! આ તો સોનાનો થઈ ગયો. સ્વામીનાથ! તમે તો ગજબ કરી નાંખી. ખરા બાકી હોં! ધાર્યું કરીને રહ્યા. શંકરને રીઝવ્યા તે રીઝવ્યા જ.

ઘાસ : હવે હું ઑફિસ-બૉફિસ નહીં જઉં.

લક્ષ્મી : જવાની જરૂરેય ક્યાં છે?

ઘાસ : હવે અમારાં સાસરિયાં અર્થાત્ તમારાં પિયરિયાં 'ઘાસ આવ્યા', 'ઘાસ આવ્યા' એમ કહેશે.

લક્ષ્મી : કહેવું પડશે. તમે એમના આખા મકાનને સોનાનું કરી દો પછી એમને માન-પાન દેવું જ પડશે ને?

ઘાસ : આખું મકાન?

લક્ષ્મી : સ્હેજ ઉદાર થાઓ, સ્હેજ ઉદાર થાઓ... અને જુઓ, હવે કલર ટીવી લઈ આવો ઇમ્પોર્ટેડ.

ઘાસ : પણ એટલો બધો ખરચ કરવાની ક્યાં જરૂર છે?

લક્ષ્મી : હવે તમારે કમાવા માટે કષ્ટ ક્યાં વેઠવાનાં છે?

ઘાસ : હા, એ તો સાલું હું ભૂલી જ ગયો.

નહીં કાયાને કષ્ટ, કે ન માયા નષ્ટ.<br>
અડવાથી સોનું થઈ જાય, વાત અતિશય સ્પષ્ટ.<br>
એય, હું તને અડું?

લક્ષ્મી : એય, એય, શું કરો છો?

ઘાસ : તું મારી પત્ની છે, હું તને અડું ય નહીં? હું તો તને અડવાનો. અને તારી આવડી મોટી કાયા જો સોનાની થઈ જાય તો મને કેટલું બધું સોનું મળે? (દોડે છે.) અરે, અરે...દોડ નહીં, વ્હાલી! હું તને અડતો હોઈશ? તને સોનાની બનાવતો હોઈશ? હું તો તારો પ્રાણ વલ્લભ! હું એવો નિર્દય થાઉં? નહીં.

લક્ષ્મી : હાય, હાય! હું તો એવી ગભરાઈ ગઈ હતી ને! તમે મને નહીં અડકોને?

ઘાસ : અડકીશ. સ્પર્શીશ. ટચ કરીશ. પણ ડાબા હાથથી.

લક્ષ્મી : ના, પણ પહેલાં ડાબા હાથથી કશાકને અડીને બતાવો તો જ હું પાસે આવું, નહીં તો નહીં આવું.

ઘાસ : જો. આ મૃગચર્મ છે એને હું ડાબા હાથે અડકું છું ઢેંટેણ...થયું સોનું? ના થયું ને? અને હવે આ જમણા હાથની કમાલ જો ઢેંટેણે... થઈ ગયુંને સોનાનું?

લક્ષ્મી : સીતા મોહી પડેલાં એ સુવર્ણમૃગનું તો આ ચામડું નથી ને? એટલે જ એ સોનાનું થઈ ગયું છે?

ઘાસ : શંકા? પાછી શંકા કરે છે? આ દરવાજા હું લંકાથી લઈ આવ્યો છું, નહીં? હવે તો હું તને અડી જ જોઉં! તને બનાવી દઉં સોનાની સીતા.

લક્ષ્મી : ના, ના...એવું ના કરશો. તમને અચૂક ચોક્કસ વરદાન મળ્યું છે. હું સ્વીકારું છું, પણ મને સોનાની ના બનાવતા. (ઘાસ હસે છે.).

### દૃશ્ય : ૪

દાસ : ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય- અરે લક્ષ્મી? ઓ લક્ષ્મી? ક્યાં ગઈ? મારો પૂજાનો સમય થઈ ગયો છે, કહું છું. પૂજાની સામગ્રી લાવો, કહું છું, ક્યાં ગયાં? હે ભગવાન, હું નીચે બેઠેલો ઊભો થાઉં કેમનો? આ બેઠા બેઠા ખાવા-પીવામાં કાયા વધી છે, કૈં કાયા! છેલ્લાં દસદસ વરસથી જાણે નજરકેદ છું. ન ક્યાંય જવાય-અવાય, ન કોઈને હળાય-મળાય. ઘરબહાર પગ નહીં મૂકવાની ડી.આઈ.જી. સાહેબની સૂચના છે. સૂચના શાની? શ્યુગર-કોટેડ આજ્ઞા છે, આજ્ઞા. પોલીસ પણ બિચારી શું કરે? હું બહાર જાઉં ત્યારે હજારોનાં ટોળાં આ મારા હાથને અડવા તૂટી પડે છે. સૌને સોનું જોઈએ છે સોનું. સૌને વગર મહેનતે રાતોરાત પૈસાદાર થઈ જઉં છે - મારી જેમ. એમને મારી ઈર્ષ્યા આવે છે. પણ, એ સમજતાં નથી કે હું કેવી કફોડી દશામાં મુકાઈ ગયો છું. કેવો એકલો પડી ગયો છું.!

લક્ષ્મી...ઓ લક્ષ્મી!

લક્ષ્મી : (આવીને) શું છે? કેમ ક્યારનના ચીસો પાડ્યા કરો છો?

દાસ : મારી પૂજાની સામગ્રી...

લક્ષ્મી : હવે પૂજા કરીને તમારે શું કામ છે? ચૂપચાપ ખૂણામાં પડ્યા રહેતા હો તો.

દાસ : અરે લક્ષ્મી, જેના તાપ-પ્રતાપે આપણે ઊજળાં છીએ, બે પાંદડે થયાં છીએ, એને ભૂલી જવાય? ભગવાન શિવની પૂજા તો કરવી પડેને?

લક્ષ્મી : હવે તમારે બીજાં ક્યાં વરદાન માંગવાનાં છે હેં? આ એકથી ધરાયા નથી?

દાસ : ધરાયો? ગળે આવી ગયો છું તો ય...

લક્ષ્મી : તો ય-બો ય કાંઈ નહીં. મારે બહાર જવાનો સમય થઈ ગયો છે. અત્યારે મારી પાસે પૂજાપો આપવાનો સમય નથી.

દાસ : આ એક તો સમય છે કે જ્યારે તું મારી પાસે હોય છે - તારી સાથે બે ઘડી વાત ન કરું તો મને ગોઠતું નથી.

લક્ષ્મી : મને નાહકની વાતો કરવાનો સમય નથી. આ તમે એટલી બધી મિલકત વધારી દીધી છે કે એની ગોઠવણ કરવામાં હું અડધી થઈ જાઉં છું. ઈન્કમ ટેક્ષવાળા, પીટ્યા, જંપવા દેતા જ નથી. મને આપણા ઈન્કમ ટેક્ષના વકીલ મિસ્ટર મુકુંદીલાલે અત્યારે બોલાવી છે - બાય... (પાછી વળીને) અને આજે પૂજા નહીં કરો, તો રહી નહીં જાવ. હવે આપણે કોઈ વાતની ખોટ નથી. અને હા, હું બારણું બહારથી બંધ કરું છું. કોઈ આવે ત્યારે ઉઘાડતા નહીં. લોકો તો લોભિયા છે. (લક્ષ્મી ચાર ડગલાં ભરે છે. દાસ બૂમ પાડે છે)

દાસ : લક્ષ્મી...અરે, સાંભળ, એકાદ નોકર...

લક્ષ્મી : (તાડૂકીને) નોકર? શા સારુ? તમને કાંઈ ભાન-બાન પડે છે? તે કોઈ દાણચોર, એનો માણસ નોકર તરીકે ઘુસાડી દઈ, તમને કિડ્નેપ કરી જશે તો? ના, એ લપ-છપમાં મારે પડવું જ નથી - પૈસાની લાલચમાં માણસ શું ન કરે?

દાસ : રાકેશ શું કરે છે? મેં તો એને કેટલાય વખતથી જોયો જ નથીને!

લક્ષ્મી : એને શું દુઃખ છે? એ તો મજામાં છે.

દાસ : એને કોઈ દિવસ બાપ સાંભરતો નથી?

લક્ષ્મી : આવા સ્ટૂપિડ સવાલોના જવાબો આપવાનો આ સમય છે? (પ્રેક્ષકોને) હું એવી કાચી છું કે બાપ-દીકરાને એક થઈ જવા દઉં? રાકલો આમેય બાપને પૈસે તાગડધિન્ના કરે છે. મારું એક વેણ સાંભળતો નથી. આ તો ઠીક છે કે પૈસાનો મેં મારા હાથમાં કંટ્રોલ રાખ્યો છે, નહિતર સાવકી મા ને ગણે કોણ? એ એના બાપને મળે એટલે મારે તો આંસુ પાડવાના દિવસો આવે! (દાસને) હું જાઉં છું અને બહારથી બંધ કરતી જાઉં છું. તમને ખપ જોગી બધી વસ્તુઓ અહીં તમારી પાસે જ છે. (ચાલી જાય છે)

દાસ : મને ખપની વસ્તુઓ! મને શું ખપનું છે એ તને ક્યાં સમજાય છે, લક્ષ્મી? મને માણસો જોઈએ છે, માણસો. મારી સાથે વાત કરતા, લાગણી બતાવતા માણસો. આ વરદાને તો મને બધાથી છેટો પાડી દીધો! હે ભગવાન! હું તો મૂરખ હોત તે મેં માગ્યું, પણ હે શંભો! તમે ય ભોળા નીકળ્યા. મેં માગ્યું એ શું કામ આપ્યું? શું કામ? શં...ભો! હું બે હાથ જોડીને...(હાથ જોડે છે) હે ભગવાન, મેં આ શું કર્યું? અરેરે, એક જીવતા હાથને નિર્જીવ ક્યાં બનાવી દીધો? મેં આ ડાબા હાથને સોનાનો ક્યાં બનાવી દાધો? હવે મારું શું થશે? એક તો લક્ષ્મી મારી પાસે કોઈનેય ઢૂંકવા દેતી નથી. અને એની પાસે મારે માટે એક સેકન્ડ નથી. આ ડાબા હાથથી હું મારું કામ ચલાવતો હતો. હવે આ હાથ પણ જુઠ્ઠો પડી ગયો. હે પ્રભો! તેં મારી શી કસોટી માંડી છે? (ડૂસકું ભરે છે)

### દૃશ્ય : ૫

દાસ : લ...ક્ષ્મી.

લક્ષ્મી : શું છે પાછું?

દાસ : મને ચળ આવે છે - બરડામાં સ્હેજ ખંજવાળી આપને.

લક્ષ્મી : ભૈસાંબ, તમારાથી તો તોબા. એક સેકંડ જંપવા દેતા નથી. હું તો કંટાળી ગઈ. અડધી રાતે ખણ ક્યાંથી આવી? (પંપાળી આપે છે)

દાસ : પંપાળ નહીં, ખણી આપ. ભલે લોહીલુહાણ થવાય.

લક્ષ્મી : આ એરકન્ડિશન્ડમાંય તમને અળાઈઓ ક્યાંથી થાય છે? હે ભગવાન, મને ખણતાં એવી ચીતરી ચડે છે ને! તમારી અળાઈઓ બધી મારા નખમાં ભરાય છે!

ઘસ : હું ય શું કરું, લક્ષ્મી? હું તો નાના છોકરાથી ય ભૂંડો થઈ ગયો છું - એક બોલતા પશુ જેવા મારા ઘાટ થઈ ગયા છે. ખણ, જરા જોરથી ખણ.

લક્ષ્મી : બસ? (બગાસું ખાઈ) હવે મને ઊંઘ આવે છે.

ઘસ : તને હું બહુ દુઃખ આપું છું, નહીં લક્ષ્મી? પણ હું શું કરું? (રડમસ થાય છે)

લક્ષ્મી : વાતેવાતે પલપલિયાં શું પાડો છો? હવે તમારાં આ બનાવટી આંસુ મને સ્હેજે અડતાં નથી. તમારાં આંસુઓથી હવે હું ગદગદ નહીં થાઉં, સમજ્યા? આ બધું તમે ઊભું કર્યું છે - તો ભોગવો હવે.

ઘસ : પણ, તું એકલી એકલી શું કામ હેરાન થાય છે? આપણા પંડના બેપાંચ સગાંઓ ભલેને મારી પાસે આવે-જાય, એમને જોઈતું સોનું લઈ જાય - આપણે હવે શી વાતની ખોટ છે?

લક્ષ્મી : બોલ્યા. બેપાંચ સગાંને આવવા જવા દે. તમને ખબર છે એ તમને ભોળવીને, મારી પાસેથી તમને ખૂંચવી લેશે? એ સૌને મનમાં હોય કે એ બધાં મારાથી ય વધારે શ્રીમંત બને. હું એમ નહીં બનવા દઉં. જુઓ, હવે તમે જ્યાં સુધી જીવો ત્યાં સુધી કોઈ કરતાં કોઈનેય નહીં મળી શકો, આ કહી રાખ્યું. સૂઈ જાવ, છાનામાના! (સૂઈ જાય છે)

ઘસ : લ...ક્ષ્મી...મારે કુદરતી હાજતે...

લક્ષ્મી : હે ભગવાન! તમે મને હેરાન કરવાની એક્કે તક ચૂકતા નથી. ચાલો, લઈ જાઉં. મારાય શા ભોગ લાગ્યા છે?

(ઘસને માંડ લઈને જાય છે.)

દૃશ્ય : ૬

પાર્વતી : પછી પેલા તમારા ભકતરાજનું શું થયું? હવે એ સુખી તો છે ને, પ્રભો?

શંકર : સુખી? તમે જાતે જ જુઓ: એ શી દશા ભોગવે છે. એણે જો પ્રેસ બોલાવવાની ધમકી ન આપી હોત તો હું કોઈ કાળે એને આ વરદાન ન આપત, ગૌરી.

પાર્વતી : હવે એને શી વાતની કમી છે? એ તો સુખી થઈ ગયો. અડે એ સોનું થાય પછી વધારે એને જોઈએ શું?

શંકર : મોત. એને મોત જોઈએ છે, ગૌરી.

પાર્વતી : હેં?

શંકર : હા, જુઓ, પૃથ્વીલોક પર એની દશા જુઓ.

(દૃશ્ય પરિવર્તન)

લક્ષ્મી : જુઓ, હવે રાતે તમારી સાથે આ ઓરડામાં સુવાની નથી.

ઘસ : તો પછી મારું શું થશે, લક્ષ્મી?

લક્ષ્મી : મને કેટલીય રાતોના તમે ઉજાગરા કરાવ્યા છે. દિવસેય હવે તમારી હાયવોયમાંથી હું ઊંચી આવતી નથી. મને એક ક્ષણનો આરામ મળતો નથી. પડ્યા રહો તમે અહીં. મળ-મૂત્ર જે કરવું હોય એ કરજો... (જવા માંડે છે) સવારે હું સાફ કરીશ.

ઘસ : લક્ષ્મી, મને આમ એકલો મૂકીને ન જા. સ્હેજ દયા રાખ.

લક્ષ્મી : દયા? તમારા પર દયા? (અટ્ટહાસ્ય) હું અડું એ સોનું થઈ જાય. હં - માગીને માગીને આવું વરદાન માગ્યું? આ વરદાનથી નિર્જીવ કીમતી બન્યું, પણ તમે? જીવતે જીવત નિર્જીવ બન્યા! ભોગવો હવે! હું તમારા ક્યાં સુધી ઢસરડા કરું? સ્ત્રી છું, પત્ની છું, એ તો પછીની વાત છે. મનેય જીવવાનો અધિકાર છે. આરામ મેળવવાનો હક છે. મન મુજબ આ શરીર નથી વર્તતું હવે. (રડી પડે છે અને ચાલી જાય છે)

ઘસ : ગઈ. લક્ષ્મી પણ ગઈ. વરસોથી હું એકલો છું આ એકલતાની એકમાત્ર દવા હતી. લક્ષ્મી 'એ પણ ગઈ. ન જાય? એ ય માણસ છે. મારો બોજો ઊંચકી ઊંચકીને એ ય થાકેને!' હું તો જીવતે જીવત લાશ છું લાશ. પણ, હવે? હવે હું શું કરું? ક્યાં જાઉં? વોય, વોય, મને ખણ આવે છે- ખંજવાળ આવે છે. આ જમણા હાથે બરડો પંપાળું? ડાબો હાથ તો ઊંચક્યો ઊંચકાતો નથી! એ જ છે, એ જ છે ઉપાય; પણ મારો બરડો સોનાનો થઈ જશે તો? ભલે થતો! (જમણો હાથ પીઠ તરફ લઈ જાય છે અને ઘસ એ સોનાનો બની જતા, ભારથી ઢળી પડે છે અને પછી તો ગાંડાની જેમ જમણો હાથ તમામે અંગ પર ફેરવે છે - બૂમો પાડતો જાય છે) આ પગ - જમણો પગ - આ ડાબો પગ - આ આંખો - આ કાન - આ નાક - આ છાતી - બધું સોનાનું - અને આ (મોં પર હાથ મૂકે છે અને ઢળી પડે છે)

લક્ષ્મી : અરે, આ તમે શું કર્યું? જીવ કાઢવાનો આ ઉપાય કરવાનો? હે ભગવાન! હવે મારે ય જીવીને શું કામ છે? (ફસડાઈ પડે છે. દૃશ્ય પૂરું થાય છે.) □

---

અનુસંધાન) સુખ એટલે... (પૃ. ૨૭૭ પરથી

સૂફીએ આ વાત જાણી ત્યારે તેણે ખૂબ જ સંતોષથી કહ્યું: 'મારી પાસે આનંદ-આરામનાં ઘણાં સાધનો હતાં, પણ મારી જાતને હું સુખી નહોતો માનતો, એક ઊણપ મને સાલતી હતી જે આજે એકાએક પૂરી થઈ ગઈ. મારી ઈર્ષ્યા કરનાર મને મળી ગયો.'

બસ, આ જ મઝા છે સુખની. આપણા સુખની કોઈને ઈર્ષ્યા ન થાય તો એનું સુખ ભોગવવામાં લિજજત નથી આવતી. જુલેસ રેનાર્ડે કહ્યું છે કે માત્ર સુખી થવું પર્યાપ્ત નથી, એ પણ જરૂરી છે કે બીજાઓ ન થાય...' સમાજમાં બધા જ મનુષ્યો સુખી થાય એ પરિસ્થિતિ કોઈપણ માણસ માટે સુખદ નથી... □

# બેક લિફ્ટ અને ફૂટવર્ક

ક્રિકેટ - ૫

કુમારપાળ દેસાઈ

•




બેક લિફ્ટ અને નીચે અરીસા સામે તેની તાલીમ

ક્રિકેટમાં તાલીમબાજ તમને સૌથી પહેલાં બેક લિફ્ટનો એકડો વારંવાર ઘૂંટાવશે. બેટ્સમેન કોઈપણ પ્રકારનો ફટકો મારતા પૂર્વે બેટ પાછળની બાજુ ઊંચું લઈ જાય છે. એ ક્રિયાને 'બેક લિફ્ટ' કહેવામાં આવે છે. દડાને બરાબર ખેલવા માટે બેટની પાછળની બાજુ મિડલ સ્ટમ્પની દિશામાં એ ઊંચું ફરતો હોય છે, પરંતુ આમાં બેટ્સમેને પોતે ઊંચા થવાની કે ખભો ઘુમાવવાની જરૂર હોતી નથી. એણે માત્ર હાથનું જ હલનચલન કરવાનું હોય છે. સામાન્ય રીતે એ કમરની ઊંચાઈ સુધી બેટને લઈ જાય છે. દડો નાખવા માટે છેલ્લે જ્યારે ગોલંદાજનો હાથ બરાબર એના માથા ઉપર આવે - જાણે ઘડિયાળમાં બરાબર બાર વાગ્યા હોય તેમ - ત્યારે બેટ્સમેને બેક લિફ્ટ માટે બેટને પાછળની બાજુ ઊંચું કરવું જોઈએ.

બેટ સ્ટમ્પની પાછળ સીધું ઊંચું કરવામાં આવે તો તેને સ્ટ્રેટ બેક લિફ્ટ કહેવામાં આવે છે. જ્યારે કેટલાક બેટ્સમેનો સ્લિપ અથવા ગલીની દિશામાં બેટ ઊંચું લઈ જતા જોવા મળે છે. સર ડોન બ્રેડમેન આવી રીતે બેટને પાછળની બાજુ ઊંચું કરતાં ત્યારે એ સેકન્ડ સ્લિપની દિશામાં ઊંચું થયેલું જોવા મળતું. ક્રિકેટમાં તાલીમના ચુસ્ત આગ્રહી ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર ટ્રેવર બ્રેઈલીએ પોતાની કિતાબમાં બેક લિફ્ટની જે તસવીર આપી છે તેમાં બેટ સ્લિપ બાજુ ઊંચું થયેલું જોવા મળે છે. ઈંગ્લેન્ડના ક્રિકેટના ભીષ્મ પિતામહ ડબ્લ્યુ. જી. ગ્રેસની જે તસવીરો આજે ઉપલબ્ધ છે તેમાં પણ બેટ સ્લિપની દિશામાં ઊંચકાયેલું જોવા મળે છે. એટલું ખરું કે આ બેટ્સમેનો ઊંચકાયેલા બેટને દડો ફટકારવા માટે સીધેસીધું નીચે લાવતા હતા.

વાસ્તવમાં બેક લિફ્ટમાં બેટ મિડલ સ્ટમ્પ બાજુ ઊંચું થાય કે પછી સ્લિપ કે ગલીની દિશામાં ઊંચું થાય છે એનું બહુ મહત્ત્વ નથી. ક્યારેક પોતાની બેક લિફ્ટ અંગે ખેલાડી એટલો બધો સભાન બની જતો હોય છે કે એની બેટિંગમાંથી સાહજિકતા ચાલી જાય છે.



બેટ ગમે તે દિશામાં ઊંચકાતું હોય પરંતુ એટલો ખ્યાલ રાખવો જોઈએ કે બેટને પાછળ બહુ ઊંચે લઈ જવું નહીં, કારણ કે બેટને પાછળ જેટલું ઊંચું લઈ જવાય એટલું જ નીચું એને દડાને ફટકારવા માં લાવવું પડશે. ક્યારેક પીચ પડ્યા પછી દડાને ઊંચો આવતા વ સમય લાગતો હોય તો બેટને પાછળ વધુ ઊંચું લઈ જવાય. પરં એ સમયે એટલું પાકું કરી લેવું જોઈએ કે દડો આવશે ત્યારે બે સમયસર નીચું આવી જશે.

રક્ષણાત્મક બેટિંગ કરતા હો તો દડા પર કાબૂ મેળવી શકા અને આક્રમક બેટિંગ કરતા હો તો દડાને જોશથી ફટકારી શકાય એવ બેક લિફ્ટ હોવી જોઈએ. સીધી બેક લિફ્ટ હોય તો 'પુલ'નો ફટ લગાવવામાં મુશ્કેલી પડે છે. એવી જ રીતે ક્યારેક બેટ્સમેન ક્રીસ જગાનો ઉપયોગ કરીને થોડો પાછળ જાય અને પછી બેટ ઊંચું ક તો હિટ વિકેટ થવાની સંભાવના રહે છે. ભારતના ઓપનિં બેટ્સમેન અંશુમન ગાયકવાડની બેક લિફ્ટ ખૂબ ઊંચી છે. આ પરિણામે અત્યંત ઝડપી ગોલંદાજો સામે એને ખેલતાં ઘણ મુશ્કેલી પડતી હતી. બીજી બાજુ ઈંગ્લેન્ડનો વર્તમાન સુકાન ગ્રેહામ ગૂચ ઘણી ઊંચી બેક લિફ્ટ ધરાવતો હોવા છતાં બે નીચે લાવીને સમયસર દડાને ફટકારી શકે છે. ક્યારેક બેક લિફ્ટ કારણે ખેલાડી અમુક પ્રકારના દડા ખેલી શકતો નથી. ભારતન વર્તમાન સુકાની મોહંમદ અઝહરૂદ્દીને એની બેક લિફ્ટમાં થો પરિવર્તન કરીને ઝડપી ગોલંદાજો સામે ખેલવામાં થોડી વ સફળતા મેળવી હતી.

બેક લિફ્ટની તાલીમ મેળવવા માટે એક તરીકો એ કે દીવાલની બને તેટલા નજીક જઈને સ્ટાન્સ લઈને ઊભા રહે અને પછી બેટ પાછળ ઊંચું કરવું. બેટ દીવાલને અડી જા

નહીં તે તપાસવું હોય તો અરીસા સામે ઊભા રહીને સ્ટાન્સ લેવો અને પછી બેટને ઊંચું કરવું. આથી તરત જ ખ્યાલ આવશે કે બેક લિફ્ટ બરાબર છે કે નહીં! જ્યાં સુધી બેટ સીધું ઊંચકાય નહીં અને નીચું આવે નહીં ત્યાં સુધી બેક લિફ્ટનો પ્રયાસ ચાલુ રાખવો જોઈએ.

દડાને પૂરેપૂરો પારખવા માટે ખેલાડીની બંને આંખ સરખી ઊંચાઈએ હોવી જોઈએ. આનો હેતુ એ છે કે દડો ક્યાં પડશે, કયા પ્રકારનો છે, અને એથી કયા પ્રકારનો ફટકો લગાવાવો તેનો ત્વરિત નિર્ણય કરી શકશે. ખેલાડીએ મેદાનની બહાર ગૉગલ્સ પહેરવા જોઈએ નહિ. આનાથી એને સૂર્યના તાપમાં રક્ષણ મળે છે, પરંતુ જ્યારે ચળકતા સૂર્યપ્રકાશમાં ખેલવાનું આવે ત્યારે એને માટે ખેલવું મુશ્કેલ બને છે. વધુ પડતા લાંબા વાળ ક્રિકેટરની કારકિર્દીને હરી લે છે.

કયો દડો ફટકારવા-લાયક છે અને કયો દડો સાચવીને ખેલી લેવાની જરૂર છે તેનો બેટ્સમેને વિવેક કરવો પડે છે. દડા પ્રમાણે એને રક્ષણાત્મક રીતે રમવો કે આક્રમક રીતે તે નક્કી કરવામાં આવે છે. આ માટે ફૂટવર્ક એ મહત્ત્વની બાબત બને છે. કુશળ ફૂટવર્ક ધરાવનાર ગમે તેવી છેતરામણી સ્પિન ગોલંદાજીનો સામનો કરી શકે છે. ભારતની ધરતી પર સ્પિનને યારી આપતી વિકેટ પર જે વિદેશી ખેલાડી કુશળ ફૂટવર્ક ધરાવતો હોય એ જ ફાવે છે. આથી જ ઑસ્ટ્રેલિયા કે વેસ્ટ ઈંડીઝના ખેલાડીઓ એમના ચપળ ફૂટવર્કને પરિણામે ભારતીય સ્પિનરો સામે ઝીંક ઝીલી શકે છે, પણ ઈંગ્લૅન્ડના ખેલાડીઓ આવા ચપળ ફૂટવર્કના અભાવને કારણે ઘણીવાર ભારતીય સ્પિનરો સામે નિષ્ફળ નીવડ્યા છે. આ ફૂટવર્કને આધારે જ બેટ્સમેન ફટકો લગાવવા માટે ઓછો કે વધુ સમય મેળવી શકે છે. આથી તો બેટિંગની ક્લાસિકલ છટા ધરાવનાર ઈંગ્લૅન્ડના ખેલાડી સર લેન હટને એમ કહ્યું છે કે પોતાના પગને ચપળ રાખવા માટે બેટ્સમેને નૃત્ય શીખવું જોઈએ. સર લેન હટનનો સંકેત ક્રિકેટમાં ફૂટવર્કનું કેટલું મહત્ત્વ છે એ તરફ છે. ભારતના સુનિલ ગાવસકર, વેસ્ટ ઈંડીઝના વિવિયન રિચાર્ડ્સ ઑસ્ટ્રેલિઆના ઍલન બોર્ડર અને પાકિસ્તાનના જાવેદ મિયાંદાદ આ ચપળ ફૂટવર્કને કારણે દડો પીચ પડ્યો હોય ત્યાં પહોંચી જઈને જોરથી ડ્રાઈવ લગાવતા હતા. આમાંથી ઊગરવા માટે જો ગોલંદાજ દડાને વધુ શોર્ટ નાંખે તો આવા બેટ્સમેનો સહેજ પાછા જઈને 'કટ' લગાવતા હોય છે.

ઈંગ્લૅન્ડના બેટ્સમેનોની વારંવાર એવી ટીકા થાય છે કે તેઓ ચપળ ફૂટવર્ક ધરાવતા નથી અને તેને પરિણામે ઘણીવાર બેટને બદલે પેડથી રમતા હોવાની ટીકા કરવામાં આવે છે. આ ટીકા સાચી પણ છે. અને તેમાં પણ બેટ્સમેન સ્પિન ગોલંદાજી સામે ફૂટવર્કના અભાવે પારાવાર પરેશાની ભોગવતા હોય છે. એમાં પણ જો સ્પિનર બરાબર લેન્થ જાળવીને ગોલંદાજી કરે તો આવા બેટ્સમેનો ફૂટવર્કના અભાવે દડાને ફટકારી શકતા નથી. તમારો સ્ટાન્સ બરાબર સમતોલ હશે અને

(અનુસંધાન પૃ. ૨૬૪ પર)

# આરોગ્યસૂત્ર

'પુનર્વસુ'

- શિયાળો ચાલે છે ને? તો અડદના ગુણકર્મ જાણી લો. અડદ પચવામાં ભારે, મળમૂત્રને સાફ લાવનાર, સ્નિગ્ધ, રુચિકારક, વાયુનાશક, બળપ્રદ, શુક્રવર્ધક, વાજીકરણ, ધાવણ વધારનાર, શરીરને પુષ્ટ કરનાર, અર્શ, અર્દિત એટલે કે મોંનો લકવો, શ્વાસ વગેરેનો નાસ કરનાર છે. અડદની દાળને આ ઋતુકાળમાં ભોજનમાં અવારનવાર સ્થાન આપો.
- નારિયેળના કોપરાને સુશ્રુતે માંસપ્રદ કહ્યું છે. જેમના શરીરમાં માંસધાતુની ઊણપ હોય એમણે આ ઋતુમાં કોપરું અને ગોળ ખાવાથી લાભ થાય છે. આપણે ત્યાં શિયાળામાં કોપરું અને ગોળ ખાવાની પરંપરા છે. ગોળ શક્તિદાયક, શ્રમહર અને સુપાચ્ય છે.
- અનિદ્રા માટે એક પ્રયોગ જાણવા જેવો છે. રાતે ભોજનમાં બેત્રણ ચમચા દહીંમાં ઝીણી સમારેલી એક મધ્યમ કદની ડુંગળી ભેળવીને ખાવી. આમાં નમક કે ખાંડ નાખી શકાય. આ દહીં-ડુંગળી ખાવાથી સરસ ઊંઘ આવશે. પંડિત ભાવમિશ્રે 'ભાવપ્રકાશ'માં આ પ્રયોગ દર્શાવ્યો છે.
- ચરક કહે છે કે સોજાવાળા માટે ગાજરનું શાક હિતકર છે. સોજાના દર્દીને બધા ખોરાક બંધ કરાવીને દિવસમાં ત્રણ વખત એકએક કપ ગાજરનો રસ આપવો. દિવસમાં ત્રણચાર વખત એકએક કપ દૂધ પાવું. ચારપાંચ દિવસ કડક પથ્ય પાળવા સાથે આ પ્રયોગથી સોજા ઊતરી જાય છે. આરામ થયા પછી ધીરે ધીરે રોજિંદા ખોરાક પર ચઢવું.
- ઘણા પ્રસવને કારણે શિથિલ થઈ ગયેલા ગર્ભાશયને માટે 'ખેર' ખૂબ જ ગુણકારી છે. ચારેક કપ પાણીમાં દસ ગ્રામ ખેરની છાલનો ભૂકો નાખીને ધીમા તાપે ઉકાળવો. આશરે ત્રણ કપ જેટલું પાણી બળી જાય એટલે તેને ગાળીને સવાર-સાંજ અર્ધો અર્ધો ભાગ પી જવો. ધીરજ રાખી બે મહિના સુધી આ પ્રયોગ ચાલુ રાખવો.
- દાંત અને પેઢામાં કળતર થતું હોય તો તે માટે એક ઘરગથ્થુ ઈલાજ છે. આકડાનું પાન તોડતાં જે દૂધ ટપકે છે તે દૂધનાં ટીપાં આંગળી પર લઈને દુખતા દાંત-પેઢા ઉપર ધીમા હાથે ઘસવું અને પછી થૂંકી દેવું. દાંતના કૃમિ અને તેના કારણે થતા દંતશૂલ માટે વાગ્ભટે આ પ્રયોગ સૂચવ્યો છે.
- શિયાળામાં ઘણાંને કફ અને ખાંસીની ફરિયાદ વધી જાય છે. તેમાં બહેડાનું ચૂર્ણ તથા હળદરનું ચૂર્ણ બંને ત્રણત્રણ ગ્રામ અને લીંડીપીપરનું ચૂર્ણ બે ગ્રામ લઈ તેને ભેળવી દઈ દિવસમાં ત્રણ વખત મધમાં મેળવીને ચાટી જવું. ઘેર જ હો ત્યારે પાણી ઉકાળીને સહેજ ગરમગરમ હોય ત્યારે પીવાનું રાખવું. તળેલા અને ગળ્યા પદાર્થો ખાવાનું બંધ રાખવું.

# સુખ એટલે જે પડોશી પાસે છે તે

વિનોદ ભટ્ટ

સીતેશ આલોકની એક મર્મકથા યાદ આવે છે. કથાનું નામ છે 'હાર-જીત.'...રેડિયો પર સમાચાર આવ્યા કે ટ્રેન પાટા પરથી ઊતરીને પુલ સાથે અથડાઈ પડી. ચાર ડબ્બા ખડીને નદીમાં પડી ગયા. પાંત્રીસ લાશો મળી હતી ને મૃત્યુનો આંકડો બસોથી વધુ હોવાનો ભય સેવાઈ રહ્યો હતો.

એ જ ટ્રેનમાં ગામના બે માણસો ઘેર પાછા ફરી રહ્યા હતા. નામ રાધેશ્યામ અને ગનેસી. અંદરોઅંદરની મુકદ્દમાબાજી બંનેને કોર્ટના કામ અંગે ત્યાં ખેંચી ગઈ હતી. બેમાંથી એકેય બચ્યો કે નહીં એની કોઈને ખબર નહોતી. બંને સાખપડોશી હતા. બંનેની ઘરવાળીઓ છાજિયાં લઈને એકબીજાને ભાંડી રહી હતી.

બે દિવસ પછી ઝોળીમાં પ્લાસ્ટરવાળો હાથ નાખીને ગનેસી આવ્યો, સાથે રાધેશ્યામના માર્યા ગયાના સમાચાર પણ લાવ્યો. ગનેસીની પત્ની ફુલાએ મંદિરે જઈને ભગવાનનાં ચરણોમાં માથું ટેકવી દીધું: 'લાજ રાખી મારી', હે પરમેશ્વર...'

ગનેસીને આશ્વાસન આપતાં તે બોલી: 'હાથ તો કાલે સાજો થઈ જશે, જાન બચી એ જ મોટી વાત છે. ભગવાન નથી જોતો બધું? એ નસ જોઈને જ ડામ દે છે. કમજાત કુસુમડી તો એવી રીતે છણકતી હતી જાણે એનો ધણી કલેક્ટર ના હોય! હવે રોતાંય નહીં આવડે રાંડને...'

એ જ રાતે રેડિયો પરથી સમાચાર પ્રસારિત થયા કે રેલવે દુર્ઘટનામાં માર્યા ગયેલાઓના પરિવારને રૂપિયા પચાસ હજાર આપવાની સરકારે જાહેરાત કરી છે. હેં? ...પચાસ હજાર એટલે કેટલા? પાંચને કેટલાં મીંડાં ? ફુલાએ પૂછ્યું, ને પાંચની ઉપર ચાર મીંડાં એટલે પચાસ હજાર - એ સાંભળતાં જ તેની છાતી બેસી ગઈ, તો તો કુસુમડી ઘણી બધી જમીન ખરીદી લેશે...પાકું મકાન પણ ચણાવી નાખશે ને તો ય હજારો રૂપિયા બચશે.

આખી રાત તે ઊંઘી ના શકી. બસ, રડ્યા જ કર્યું. ગનેસીએ પણ રેડિયો પર સમાચારા સાંભળેલા. તે ચૂપચાપ ફુલાની સૂઝેલી આંખો જોઈ રહ્યો, પણ કંઈ બોલી શક્યો નહીં. ફુલા પણ ગનેસી સામે આંખ માંડીને જોતી નહોતી.

ફુલા ફરી મંદિરે ગઈ. ડૂસકાં સાથે પોતાનું માથું તેણે મૂર્તિ પર પટકી દીધું: 'હે ભગવાન! કયા પાપની સજા દઈ રહ્યો છે!...'

ગમે તેને રૂપિયા એક કરોડની લૉટરી લાગે એથી માણસને કશો ફેર પડતો નથી, પણ પોતાના પડોશીને એ લૉટરી લાગે તે સહન થાય એવી વાત નથી, માણસમાં પડેલી આ એક જબરજસ્ત ગ્રંથિ છે. પડોશીના ફ્રીઝનો બરફ વધુ ઠંડો હોવાની આશંકા ઘણીવાર થાય છે. આપણા ટી.વી. કરતાં પડોશીના ટી.વી.ની 'બ્રાઈટનેસ' વધારે દેખાય છે. પડોશીનું નાનું અમથું સુખ બહુ મોટું લાગે છે.

આ સુખ ખરેખર શું છે? 'સુખ' શબ્દ પણ આપણે ધારીએ છીએ એટલો સુખી નહીં હોય. આમ તો સુખ એ વસ્તુગત નથી, વ્યક્તિગત છે. બેર્ટોલ્ટ બ્રેશ્ટ કહે છે કે એકને માટે જે સુખ હોય છે તે બીજાને મન દુ:સ્વપ્ન હોય છે, આ બીના આજની જ નહીં, હંમેશની પણ છે.

જુદી જુદી ઉંમરે એક જ માણસની સુખની વિભાવના બદલાતી રહે છે. સ્વ. (!) ભગવાન રજનીશે સુખની અનુભૂતિ વિશે એક રોચક વાત કરી છે. ૧૮ વર્ષનો એ કિશોર તેના મિત્રને કહેતો હતો: 'આજનો દિવસ મારા માટે ખૂબ જ સુખનો દિવસ છે, પેલી મંદાએ મારી સામે જોઈ મારકણું સ્મિત કર્યું - આઈ એમ વેરિ વેરિ હેપિ....' ચાલીસ વર્ષની ઉંમરે પહોંચેલ આ જ યુવાન તેના મિત્રને કહેતો હતો: 'આજે દોસ્ત મઝા આવી ગઈ. તારી ભાભીએ શું અદ્‌ભુત બટાકાવડાં બનાવ્યાં હતાં! કહેવું પડશે...' ને પાંસઠ વરસની ઉંમરે પહોંચેલ એ જ વૃદ્ધ તેના મિત્રને કહેતો હતો: 'આજે યાર બહુ સુખ અનુભવું છું. ત્રણ દિવસે આજે બરાબર સાફ થયું. શરીરનું આ સુખ દૂર થયું...'

આમ તો સુખ એ સુખમાં હોતું જ નથી, તે મેળવવામાં છે એવું દોસ્તોયેવસ્કીનું કથન છે. બર્ટ્રાન્ડ રસેલ આ જ સુખના સંદર્ભમાં પોતાના એક યુવાન મિત્રને કહેતા હતા: 'મેં એક વિચિત્ર શોધ કરી છે. મારા નોકર સાથે વાત કરતી વખતે હું હંમેશાં કહેતો કે સુખ આ જગતમાં શક્ય જ નથી એવું મને હંમેશાં લાગ્યા કરે છે, પણ જ્યારે હું મારા માળી સાથે વાત કરતો હોઉં છું ત્યારે મને તેનાથી તદ્દન વિપરીત પ્રતીતિ થાય છે....'

સુખના સંદર્ભમાં મારો એક મિત્ર ફરિયાદ કરે છે કે 'મારે અને અમિતાભ બચ્ચનને સરખી મૂંઝવણ છે. સવારે નાહીને બાથરૂમમાંથી બહાર આવ્યા પછી પહેલો પ્રશ્ન એ થાય છે કે કયું પેન્ટ પહેરવું? ફરક એટલો છે કે પસંદગી માટે અમિતાભ પાસે પાંચસો પાટલૂન છે, મારી પાસે બે જ છે - પણ મૂંઝવણ બંનેની સરખી છે.'

એલેક્ઝાન્ડર સોલ્ઝેનીત્સિન કહે છે કે માણસને સુખી થવું હોય તો તેને કોઈ જ રોકી શકતું નથી, એ જ પ્રમાણે કહી શકાય કે જે માણસને દુ:ખી થવું હોય તેને પણ કોઈ રોકી શકતું નથી. અમેરિકન ઉદ્યોગપતિ રોકફેલર વિશે કહેવાય છે કે તે અબજોપતિ હતો ને દુનિયાના ધનાઢ્ય માણસોમાં તેની ગણના થતી, પણ જીવનના છેલ્લા તબક્કામાં તે પોતાનો ધંધો તૂટી પડવાથી ને દેવાળું ફૂંકવાની બીકના ઓથાર હેઠળ આવી ગયેલો. તેમ જ પોતાનો જીવ જોખમમાં હોવાનો ડર પણ તેને સતત લાગ્યા કરતો. આ કારણે પોતાની પાસે જે કંઈ હતું એનો આનંદ પણ તે મેળવી શકતો નહીં, બરાબર જમી કે ઊંઘી શકતો નહોતો. એ રીતે મહાન કોમેડિઅન ચાર્લી ચેપ્લિન પણ તેની

ફિલ્મ સફળ થાય ત્યારે તેણે બનાવવા ધારેલ નવી ફિલ્મ નહીં જામે તો! - એવા કાલ્પનિક ભયથી નર્વસ થઈ જતો.

શેરલોક હોમ્સનો સર્જક સર આર્થર કોનન ડોઈલ. તેની તીવ્ર ઈચ્છા વૉલ્ટર સ્કોટ જેવી ઐતિહાસિક નવલકથાઓ લખીને અમરત્વ પ્રાપ્ત કરવાની હતી, પણ એમાં તેનો હાથ બરાબર બેઠો નહીં એટલે શેરલોક હોમ્સને કાગળ પર જીવતો કર્યો. હોમ્સે તેને ખૂબજ પ્રતિષ્ઠા તથા 'સર'નો ખિતાબ અપાવ્યો, તે છતાં જીવનની છેલ્લી ક્ષણો સુધી બેનમૂન ઐતિહાસિક નવલકથાઓ રચવાની તેની ઈચ્છા હતી. વૉલ્ટર સ્કોટ એ સમયે હયાત હોત તો હોમ્સથી આકર્ષાઈને, ઐતિહાસિક કથાઓ તડકે મૂકીને તે હોમ્સ જેવા પાત્રનું સર્જન કરવાના કામે લાગી ગયો હોત. માણસનું મન જ એવું છે, અન્યના પતરાળામાં પીરસાએલ મોદક તેને હંમેશાં મોટો લાગતો હોય છે. માણસ દૂરનું જોઈ શકે છે એટલું પાસેનું જોઈ શકતો નથી. એક ઇરાની કથા છે, જેમાં બગદાદનો એક અમીર ખરાબ સોબતને લીધે પોતાની તમામ મિલકત ગુમાવી બેસે છે. ખુદાને તે પ્રાર્થના કરે છે કે કાં તો થોડું ધન આપ કે પછી આ તન લઈ લે. ત્યાં તેને સપનું આવે છે કે તું કાહિરા જા, તને ઈચ્છા મુજબ ધન-દોલત ત્યાંથી મળી રહેશે. બગદાદથી તે કાહિરા ગયો. સ્વપ્નમાં તેને દટાયેલો ખજાનો દેખાયો હતો એ જગ્યાએ તે પહોંચી ગયો. ફકીરનો વેશ લઈ તે મોડી રાતે ખજાનો મેળવવા ગયો તો ત્યાં એક સિપાઈને શક જતાં તેને પડકાર્યો. પકડ્યો. ચોર ગણી ફટકારવા માંડ્યો એટલે તેણે સ્વપ્નની વાત જણાવી ને ઉમેર્યું કે પોતે ચોર-બદમાશ નથી, પણ વસુનો માર્યો અહીં ખેંચાઈ આવ્યો છે. આ સાંભળી તેની ગરદન પરની પકડ ઢીલી કરતાં સિપાઈ બોલ્યો: 'તું એક નંબરનો બેવકૂફ છે. સપનાને સાચું માનીને બગદાદથી કાહિરા સુધી લાં...બા થવાતું હશે! એમ તો મને ઘણાં વર્ષોથી એક સપનું કાયમ આવ્યા કરે છે કે બગદાદમાં ફલાણા મહોલ્લાની ફલાણી ગલીમાં આવેલ છેવાડાના મકાનમાં ખજાનો છુપાએલો છે, તો પણ હું તે લેવા બગદાદ નથી જતો ને તું કાહિરા આવી ગયો?' સિપાઈએ જે મકાનનું વર્ણન કર્યું તે આ ફકીર અમીરનું જ હતું. તે મનમાં બબડ્યો: 'હું બેવકૂફ જ નહીં, આંધળો ય છું, ખજાનો મારા ઘરમાં હોવા છતાં તે શોધવા હું બહાર ભટક્યા કરું છું...' ને તે બગદાદમાં પાછો આવી ગયો. આ વાત સુખને ય એટલી જ લાગુ પાડી શકાય. સુખ આપણી અંદર પડેલું છે ને આપણે તેને કાહિરામાં શોધીએ છીએ.

નાનપણમાં આનંદી કાગડાની વાર્તા ભણવામાં આવતી. હરહાલતમાં તે સુખ ને આનંદનો જ અનુભવ કરતો. આ આનંદી કાગડો બનવું એ એક આદર્શ છે, વાસ્તવ નથી. - આનંદી કાગડાની વાર્તા લખનાર લેખકને આ વાર્તા માટે જે કંઈ પુરસ્કાર મળ્યો હશે એથી તેને પૂરતો આનંદ કદાચ નહીં થયો હોય.

બ્રિટન બર્નાર્ડે ભલે કહ્યું કે સુખ ખરીદવાનો આપણી પાસે વેત ન હોય તો સુખ મળતું હોય એ દુકાનમાં ડોકિયાં કરવાં પ્રયત્ન ન કરવો. સુખ કદી રેશનકાર્ડ પર મળતું નથી એની જાણ હોવા છતાં સુખ માટે માણસ ભટકતો હોય છે, વલખતો હોય છે. એક પરભાષી વ્યંગકાર મિત્ર મારે ત્યાં મહેમાન બન્યા. આમ તો પહેલીવાર અમે રૂબરૂ મળતા હતા. વાતમાંથી વાત નીકળી, મેં પૂછ્યું: 'કેટલાં સંતાનો છે, લતીફભાઈ?'

'ઈશ્વરકૃપાએ દસ છે, નવ દીકરીઓ ને એક દીકરો...' તેમણે માહિતી આપી.

'કેટલી દીકરીઓ પરણાવી?' મારો પ્રશ્ન.

'ચાર પરણાવી, પાંચ બાકી છે.' તે સ્વસ્થતાથી બોલ્યા. તેમની સામે હું આશ્ચર્યથી તાકી રહ્યો, મારે બે દીકરીઓ કુંવારી હોવા છતાં તેની ચિંતામાં હું ઊંઘી શકતો નથી, એટલે તેમને મેં કુતૂહલથી પ્રશ્ન કર્યો : 'ઊંઘ બરાબર આવે છે?'

'બિલકુલ, પથારીમાં પડતાં જ ઊંઘ આવી જાય છે...'

'તો દોસ્ત, એક કામ કરશો?'

'ફરમાવો.'

'મારે તમારું ઓશિકું જોઈએ છે...' મેં માગણી કરી. મારી સામે જોઈ તે હસવા માંડ્યા. જાણે તે કહેતા હતા: 'મારી પાસે ઓશિકું હોત તો તમને ચોક્કસ આપત, પણ મિત્ર, ઊંઘ ઓશિકામાં નથી હોતી...' બહુ જ સાચી વાત છે. ઊંઘ ઓશિકામાં નથી હોતી, પાંપણની નીચે છુપાઈને બેઠી હોય છે.

સુખનું પણ એવું જ છે. પસલાની હજામતની પેટીમાં ભરાઈને બેઠું છે. પસલો એક રાજાનો ફેમિલિ બાર્બર, જે રાજાની દાઢી કરવા નિયમિત આવે. દાઢી કરાવતી વખતે રાજા નાઈને હંમેશાં પૂછે કે પસલા, મારી રૈયત મજામાં છે ને?'

'મહારાજ, રૈયત બહુ સુખી છે, આપના રાજમાં તે દૂધે રાંધીને ઘીએ જમે છે...' પસલો આ જ ધ્રુવવાક્ય કાયમ બોલે, કારણ એટલું જ કે તેની પાસે પાંચ તોલાની સોનાની ગોટી હતી જે તે વત્તાનાં ઓજારો સાથે પેટીમાં રાખે. તે સુખી હતો એટલે તમામ પ્રજા તેને સુખી લાગતી.

એક દિવસ કોઈકે તેની સોનાની ગોટી ચોરી લીધી. પસલો દુઃખી દુઃખી થઈ ગયો. રાજાની હજામત કરવા ગયો. રાબેતા મુજબ રાજાએ રૈયતનાં ખબરઅંતર પૂછ્યાં. દુણાએલા અવાજે રાજાને તેણે જણાવ્યું: 'પ્રજા ઘણી દુઃખી છે, રાજમાં કોઈ સુખી નથી, રાજમાં ચોરીઓ ને લૂંટફાટ વધી ગયાં છે, લોકો પાયમાલ થઈ રહ્યાં છે.'

મારા પિતાશ્રી હંમેશાં કહેતા કે મારે ચારચાર પુત્રો છે જે મારા કહ્યામાં છે ને નિર્વ્યસની છે - મારા જેવો સુખી માણસ બીજો કોઈ નહીં હોય... સુખ માટેના માપદંડ માણસે-માણસે અલગ હોય છે... એક સૂફીએ વેપારમાં ઘણું ધન પેદા કર્યું. એકવાર એક માણસ તેના ઘેર ગયો ને સૂફીની જાહોજલાલી જોઈ ચકિત થઈ ગયો. પછી તેણે લોકોને કહેવા માંડ્યું કે હું એવા સૂફીને ત્યાં ગયો જેણે આનંદ પ્રમોદની અઢળક ચીજ-વસ્તુઓ વસાવી છે, આવા જણને સૂફી જ કેમ કહેવાય?

(અનુસંધાન પૃ. ૨૭૩ પર)

# ।। कथासरित्सागर ।।

**કનુભાઈ જાની**

**(પ્રથમ લમ્બક)**

**ચતુર્થ તરંગ: વરરુચિ-ઉપકોશાની લગ્નકથા (શ્લોક ૧ થી ૧૯)**

વિન્ધ્યારણ્યમાં આ પ્રમાણે કાણભૂતિને કથા કહીને, ફરીથી વરરુચિ મૂળ (પ્રસ્તુત) વાત પર આવ્યો:

આમ, વ્યાડી-ઈન્દ્રદત્તની સાથે ત્યાં (પાટલિપુત્રમાં) રહેતાં રહેતાં પછી કાળક્રમે શૈશવ પૂરું થતાં સુધીમાં તો મેં સર્વે વિદ્યાઓનો તાગ લઈ લીધો. (એમાં) એકવાર અમે (નગરમાં) ઈન્દ્રોત્સવ જોવા ગયા, તો ત્યાં એક કન્યકા જોઈ: કામદેવનું અસ્ત્ર, બાણવિનાની કામઠી! મેં ઈન્દ્રદત્તને પૂછ્યું, 'કોણ છે આ?' 'એ તો ઉપવર્ષની દીકરી, એનું નામ ઉપકોશા' એણે કહ્યું. એ પણ, એની સખીઓ પાસેથી મારી ઓળખ મેળવીને, પ્રીતિ-કોમળી નજરે મારા હૈયાને પોતાની સાથે તાણતી ભારે પગલે પોતાને ઘેર ગઈ. પૂર્ણચન્દ્રમુખી! ઉત્તમ નીલોત્પલલોચના! કોમળ કમળતંતુશા મંડિત બાહુવાળી! સ્તને પીને સુશોભતી! કમ્બુક (શંખ) જેવી ડોકવાળી. ગુલાબી પરવાળા જેવા હોઠથી વળી ઓર સોહતી. પ્રીતિના રાજવીના મહાલયની જાણે રિદ્ધિ બીજી! પછી તો કામબાણથી વીંધાયેલ હૈયે, એના બિમ્બોષ્ઠની તરસે, આખીયે રાતની મારી ઊંઘ હરામ થઈ ગઈ.

રાત ઊતર્યે થોડીક ઊંઘ આવી ત્યાં દેખાઈ કોઈક શ્વેતવસ્ત્રાવૃતા દિવ્ય સ્ત્રી! મને એ કહેવા લાગી: 'આ જ છે તારી પૂર્વજન્મની ભાર્યા ઉપકોશા. તારા ગુણો એ જાણે છે; એટલે બીજો કોઈ પતિ એને ના ખપે. તેથી, હે પુત્ર, તારે અહીં બીજી કોઈ ચિન્તા કરવાની જરૂર નથી. હું તો છું તારા શરીરની અંદર સદા વસનારી એવી સરસ્વતી. તારું દુઃખ મેંથી જોયું જતું નથી? એટલું કહીને એ તો અન્તર્ધાન થઈ ગઈ! ત્યારે હું જાગી ગયો. ઉત્સાહિત થયો. ધીમે ધીમે એ પ્રિયતમાના આવાસે જઈ, ત્યાં એક બાલ-આમ્રવૃક્ષ હતું એની નીચે જઈ ચડ્યો. એટલે ત્યાં એની એક સખીએ આવીને મને, ઉપકોશાના આ પ્રથમ પ્રેમની પ્રગાઢ પીડાએ કેવી ઘેરી લીધી છે એની વાત કરી. ત્યારે વળી મને બેવડું દુઃખ થયું. મેં એને કહ્યું: 'વડીલો પોતે (સામે ચાલીને એને) મને ન ભળાવે તો મારે સ્વેચ્છાથી ઉપકોશાને કેવી રીતે પામવી? (એમાં એની અપકીર્તિ થાય.) અપકીર્તિથી તો મૌન બહેતર છે. એટલે જો એના વડીલો તારી સખીના હૃદયને સમજે તો જ (સૌનું) શુભ થાય. માટે, ભદ્રે , તું જ મને અને તારી સખીને બંનેને બચાવ.'

મારી વાત સાંભળીને એ સખીની માતા પાસે ગઈ અને બધી વાત કરી; કે તરત જ માએ પોતાના પતિ ઉપવર્ષને કહી; એમણે પોતાના ભાઈ વર્ષને કહી; એમણે એમાં ખુશી બતાવી. વિવાહનું નક્કી થતાં જ, આચાર્ય વર્ષના કહેવાથી વ્યાડિ કૌશામ્બીથી મારી માતાને તેડી લાવ્યો. આમ, મેં એના પિતા દ્વારા વિધિવત્ ઉપકોશાને મેળવી; અને માતા તથા મારી ગૃહિણીની સાથે હું આનંદથી ત્યાં (પાટલીપુત્રમાં) રહેવા લાગ્યો.

**પાણિનિના નવ્યવ્યાકરણની ઉદ્‌ભવકથા: (શ્લોક ૨૦ થી ૨૭)**

કેટલોક સમય જતાં વર્ષનો શિષ્યવર્ગ ખૂબ વધ્યો. એમાં એક પાણિનિનામે પૂરો જડબુદ્ધિ હતો. (ગુરુને ત્યાં) સેવાચાકરીથી એ કાયમ કંટાળતો અને ખિન્ન રહેતો; તેથી (ગુરુપત્નીએ) વર્ષપત્નીએ એને વદાય કર્યો; ને એ વિદ્યાની કામનાથી (તીવ્ર ઇચ્છાથી) તપઅર્થે હિમાલય ગયો. (પછી) ત્યાંથી આવીને મને એણે પોતાની સાથે વાદ કરવાનું આહ્‌વાન આપ્યું. અમે વાદમાં ઊતર્યા. એમાં (સતત) સાત દિવસ થઈ ગયા. આઠમે દિવસે મેં (શાસ્ત્રાર્થમાં) તેને લગભગ જીતી લીધો કે તરત જ આકાશેથી મહાઘોર હુંકાર શંભુએ કર્યો. એથી અમારું ઐન્દ્રવ્યાકરણ[1] પૃથ્વી પરથી સાવ નષ્ટ થયું; પાણિનિએ અમને સૌને જીતી લીધા. અને અમે બધા ફરીથી મૂરખ ઠર્યા. એટલે (એટલો) અણગમો છૂટ્યો કે ઘરમાંનું ધન (ઘરખર્ચની જોગવાઈ માટે) વણિક હિરણ્યગર્ભને ત્યાં મૂકી, એની વાત ઉપકોશાને કરી, હું શંકરની આરાધના કરવા, નિરાહારી બની, તપઅર્થે હિમાલયે ગયો.

**પરદારાભિગામીઓને ઉપકોશાનો પદાર્થપાઠ[2] :**
**(શ્લોક ૨૮ થી ૮૯)**

મારું જ શ્રેય સદા વાંછતી ઉપકોશા, પોતાનું જ ઘર બરાબર સંભાળીને બેઠેલી હતી; રોજ પ્રભાતે ગંગાસ્નાનનું એને વ્રત હતું. એકદા આવ્યો મધુ માસ[3] (ચૈત્ર, વસન્તકાળ.) (પતિવિરહે) આ પાંડુવર્ણી કૃશાંગી મનોરમા દીસતી હતી પ્રતિપદાની ચન્દ્રલેખા-શી! લોકસમસ્તનાં લોચન હતી. એને રાજપુરોહિત, દંડાધિપતિ (નગરપાલ)અને કુમારસચિવ -યુવરાજના મંત્રી- (ત્રણેયે) ગંગામાં સ્નાનાર્થે જતી (સાંજે) દીઠી. તત્ક્ષણ એ કામબાણે વીંધાયા. એ દિવસે વળી કોણ જાણે કેમ પણ એને સ્નાનમાં પણ કાંઈક ઝાઝી વાર લાગી. સંધ્યાકાળે એને આવતી જોઈને કુમાર સચિવે બલપૂર્વક બાવડેથી ઝાલી. આ (તો હતી) પ્રતિભાવતી. તરત કહે, 'ભલા'દમી! આ જે તમને અભિપ્રેત છે તે મને પણ હોય જ! પણ હું રહી ઊંચા કુળમાં જન્મેલી, જેનો પતિ પરદેશ ગયો છે એવી નારી. એટલે મારાથી આમ (ખુલ્લી રીતે) કેમ થાય? કદાચ કોઈ આપણને જોઈ જાય! તો તમારી સાથોસાથ મારું ય અશ્રેય થાય એ નક્કી. માટે, રાત્રીના પ્રથમ પ્રહરે, જ્યારે નગરજન બધા મધુમાસના ઉત્સવમાં ગળાબૂડ હોય ત્યારે તમે જરૂરાજરૂર મારે ઘરે પધારજો ને!'

એમ કહીને, એને વચન આપીને, એનાથી તો એ માંડ છૂટી, (પણ) વિધિને કરવું તે, જરાક આગળ જતાં જ એને પુરોહિતે રોકી. એને પણ એણે તે જ દિવસે, એ પ્રમાણે જ, એ જ રાત્રીના બીજા પ્રહરમાં આવવાનો આગ્રહ કર્યો. એમ એનાથી પણ જેમતેમ છૂટી. જરાક આગળ ગઈ હશે ત્યાં એ સારી પેઠે વિહ્વળ થએલી નારીને ત્રીજાએ - નગરપાલે (દંડાધિપે). - વળી રોકી. એટલે એને પણ એણે તે જ દિવસે એ જ પ્રમાણે પધારવાનો સંકેત કર્યો. નસીબ કે એનાથી પણ છૂટી! કંપતી કંપતી એ માંડ પોતાને ઘેર પહોંચી. ને પોતાની દાસીઓને પોતે સામે ચાલીને જ પોતાનાં વચનોની ને એમાં શું શું કરવાનું છે તેની (કર્તવ્યોની)વાત કરતાં બોલી, 'પતિ જેનો પ્રવાસે હોય એવી કુલનારીને તો, રૂપ પર લુબ્ધ થતી લોકનજરને પાત્ર થવા કરતાં તો મરવું જ બહેતર.' એમ વિચારતી, મને યાદ કરતી, પોતાના જ રૂપ વિષે શોક કરતી, એ સાધ્વીએ રાત તો નિરાહારી રહીને જ પસાર કરી.

સવારે બ્રાહ્મણને (દક્ષિણાર્થીને) પૂજાર્થે(જરૂરી) થોડુંક ધન લેવા પોતાની દાસીને પેલા વણિક હિરણ્યગુપ્તને ત્યાં મોકલી. એટલે એ જ આવ્યો! કહે, 'પ્રિયા! તું જો મારી થઈશ તો તારા પતિએ મૂકેલું બધું જ ધન હું તને આપીશ.' એ સાંભળીને, પતિએ મૂકેલા એ ધનનું કોઈ સાક્ષી નથી. એ ખ્યાલમાં આવતાં, વણિકની પાપી વૃત્તિ જોઈને ખેદ અને ક્રોધથી ત્રાસેલી એણે, એને (વણિકને) પણ એ જ રાત્રે ચોથે, છેલ્લે, પ્રહર આવવાનો સંકેત કર્યો; એટલે એ વિદાય થયો. દરમ્યાનમાં એણે દાસીઓની પાસે, કસ્તૂરી આદિ સુગંધી દ્રવ્યોથી સારી પેઠે ભરેલી તેલમિશ્રિત કાજળની (તાંબા-)-કૂંડીઓ તૈયાર કરાવી; અને (એ કાજળવાળા તેલથી) પચપચતી ચાર લંગોટીઓ તૈયાર રાખી; તથા એક મોટી મજૂસ (પેટી) બહારથી નકૂચો મરાય એવી તૈયાર કરાવી.

હવે, એ વસન્તોત્સવના મહાઅવસરે બનીઠનીને (તે દિવસે) રાત્રીના પહેલે પહોરે કુમારસચિવ તો આવી પૂગ્યા. કોઈ જોઈ ન જાય એમ ઘરમાં પેઠેલા એને ઉપકોશા કહે, 'નહાયા વિનાનાને તો હું સ્પર્શું પણ નહિ; માટે પહેલાં જાવ અંદર અને કરો સ્નાન.' એ મૂરખે એ વાત માની, અને ગુપ્ત અંધારી ધબ્બ ઓરડીમાં દાસી એને જ્યાં દોરી ગઈ ત્યાં પોતે પ્રવેશ્યો. ત્યાં એનાં બધાં જ આભૂષણો ને આભરણો ઉતારી લઈને, એકમાત્ર (પેલી કાજળભીની) લંગોટી વીંટાળવા આપી. પછી મર્દનને બહાને, એ ધન અંધકારમાં કશું ન કળી શકતા એ પાપીને, માથેથી છેક પગ સુધી, આખે અંગે કાજળવાળું તેલ ઘસ્યે રાખ્યું! દાસીઓ એના પ્રત્યેક અંગને આમ મર્દન કરતી હતી એ દરમ્યાન, રાત્રીને બીજે પહોરે પેલા પુરોહિતજી આવી ચડ્યા. '(હાય બાપ !)વરરુચિના મિત્ર પુરોહિત અહીં અચાનક આવી ચડ્યા જો! તમે (ઝટપટ) અહીં આમાં પેસી જાઓ!' એમ દાસીએ એને, ગભરાયેલા એ કુમારસચિવને પેલી મજૂસમાં ઘાલીને બહારથી નકૂચો મારી, એને પૂરી દીધો. પછી પેલા પુરોહિતને પણ સ્નાનને બહાને અંધારે નાવણિયે લઈ જઈ, એ રીતે જ વસ્ત્રાદિ હરી લઈ, તેલ-કાજળનું મર્દન કરી, દાસીઓએ માત્ર લંગોટીભેર કરી મૂક્યો. દરમ્યાનમાં તો ત્રીજે પ્રહરે દંડાધિપજી પણ આવી ચડ્યા. જેવા એ આવ્યા કે તરત જ દાસીઓએ એમના આગમનથી પુરોહિતને, પહેલાની માફક જ, ભડકાવીને, મંજૂષામાં ધકેલ્યો; એને નકૂચો દીધો. પછી સ્નાનને મિષે પેલા દંડાધિપને પણ ત્યાં લઈ જઈને કાજળનું મર્દન કર્યું. પહેલાઓની માફક જ આને પણ લંગોટીભેર કરી મૂકી, મૂરખ બનાવ્યો; એટલામાં તો રાત્રીને છેલ્લે પ્રહરે પેલો વણિક પણ ત્યાં આવી ચડ્યો. એ ઓળખાઈ જશે એવી બીક એને પણ બતાવીને, એ દંડાધિપને પણ દાસીઓએ મજૂસમાં પેસાડીને બહારથી નકૂચો દીધો. આમ, એ એક જ મજૂસમાં પુરાએલા એ ત્રણેય, એ અન્ધ તમિસ્રે જ, એક જ વાસમાં સાંકડેમોકળે એકબીજાની સાથે ગોઠવાયા તો ખરા છતાં, એક બીજાને (ચપોચપ) અડેલા હોવા છતાં પણ, બોલે એ બીજા!

ઉપકોશાએ દીવો પેટાવી, પેલા વણિકને ત્યાં ઘરમાં લઈ જઈને કહ્યું, 'મારા પતિએ મૂકેલું ધન મને દઈ દો.' એ સાંભળીને, ઘરમાં કોઈ જ નથી એ સાંભળીને, ઘરમાં કોઈ જ નથી એ જોઈને શઠ બોલ્યો,'મેં તને કીધું છે જ ને કે તારા પતિએ આપેલું ધન હું તને આપીશ.' ઉપકોશા પણ પેલી મજૂસને સંભળાવતી બોલી:'આ હિરણ્યગુપ્તનું વચન છે હોં! (બરાબર) સાભળજો હે દેવતાઓ!' એમ કહીને, દીવો રામ કરી, એ અંધ જેવા બનેલા વણિકને પણ દાસીઓએ સ્નાનને બહાને કાજળથી લપેટ્યો. કાજળ-મર્દન લાંબું ચાલ્યું. 'રાત ગઈ, હવે આપ પણ સિધાવો' એમ, રાત પૂરી થતાં જ દાસીઓએ સંભળાવી દીધું. એણે નારાજી બતાવી ત્યારે એની ગળચી ઝાલીને એને બહાર ધકકેલી મૂક્યો. વસનમાં માત્ર લંગોટી, કાજળલ પગલે પગલે પાછળ પડેલ કૂતરાં કરડે, એવો તે અત્યંત લજ પોતાને ઘેર પહોંચ્યો. ઘેર જ્યારે ચાકરો એનું કાજળ ધોતા હતા ત્યારે ઊંચું મોઢું કરીને એ એમની સામે જોઈ પણ નહોતો શકતો. પાપ-પંથ છે પીડાકારી!

પછી પ્રાતઃકાળે ઉપકોશા પણ દાસીઓને લઈને, વડીલોને જાણ કર્યા વિના, રાજા નન્દના દરબારમાં ગઈ. જાતે જ રાજાને ફરિયાદ કરી: 'હિરણ્યગુપ્ત નામે વણિક મારા પતિએ (એને ત્યાં) ન્યાય તરીકે (જાળવવા) એને સોંપેલું ધન હડપ કરી જવા માગે છે.' બધું જાણવા માટે રાજાએ વણિકને પોતાને ત્યાં બોલાવ્યો; 'દેવ, મારી પાસે તો આનું કશું જ (ધન) નથી' એમ એણે જણાવ્યું. ત્યારે ઉપકોશા કહે, 'દેવ, મારે તો આના સાક્ષી તરીકે ખુદ ગૃહદેવતા છે જેને મારા પતિ એક મજૂસમાં છુપાવીને મૂકતા ગયા છે. એમની સમક્ષ આણે પોતે, પોતાની જીભે મારું ધન રાખ્યાનું કબૂલ્યું છે. આપ એ મંજૂષાને જ અહીં મંગાવીને, એ દેવતાઓને જાતે જ પૂછી (ખાતરી કરી) શકો છો.' આ સાંભળીને વિસ્મયથી રાજાએ એ મજૂસ લઈ આવવાની આજ્ઞા કરી. થોડીવારે ઘણા મજૂરોથી ઉપાડાએલી એ મજૂસ ત્યાં રાજાની સામે લઈ આવાઈ. એટલે ઉપકોશા, (એને સંબોધીને), બોલી, 'હે દેવતાઓ! સાચ્ચું

(અનુસંધાન પૃ. ૨૯૦ પર)

ઊર્મિલ કૉમેડિનાં એંધાણ

# અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

કોન્ગ્રીવ પછી સર જૉન વાનબ્રુ (John Vanbrugh)થી રેસ્ટોરેશન કૉમેડિનું માળખું તૂટવાનો આરંભ થતો દેખાય છે અને જ્યૉર્જ ફાર્કહાર (George Farquhar)થી તો કૉમેડિ મૂળ વિષય-વસ્તુથી દૂર ફંટાઈ જાય છે અને કેટલીક કૉમેડિમાં હવે પછી આવનારી ઊર્મિલ કૉમેડિ(Sentimental Comedy)નાં એંધાણ વરતાય છે.

### જૉન વાનબ્રુ (૧૬૬૪-૧૭૨૬)

જૉન વાનબ્રુમાં રેસ્ટોરેશન કૉમેડિનો પ્રકાશ ઝંખવાતો જોઈ શકાય છે. સાંપ્રત સમાજની - એનાં ખોટાં મૂલ્યોની, અનૈતિક રીતરસમોની - ઝાટકણી કાઢવાનું વાનબ્રુને પણ ઇષ્ટ છે. જે કંઈ દાંભિક છે, મૂલ્યહ્રાસ કરનારું છે તેના સામે તેનો કટ્ટર વિરોધ છે, પણ એની લેખક તરીકેની મુશ્કેલી એ છે કે તેની પાસે સ્પષ્ટ દર્શન નથી. એટલે એનાં નાટકો નથી કંઈ નવી જ્ઞાનલબ્ધિ કરાવતાં કે નથી કલાનંદનો અનુભવ કરાવતાં. એ પોતાની કૉમેડિમાં પોતે જે કંઈ જોયું-જાણ્યું તેનું આલેખન કરે છે, પણ એ સમયના હજારો-લાખો લોકો જે સાંપ્રત સમાજના અવનવા 'ખેલ' જાણતા-અનુભવતા હતા તેનાથી કશું પણ નવું, વિશિષ્ટ વાનબ્રુ રજૂ કરી શકતો નથી. કૉમેડિ લખવા માટે પણ જે કંઈ ગાંભીર્ય જોઈએ તે તેનામાં નથી. અલબત્ત, તખ્તાલાયકીની તેનામાં સૂઝ છે. વસ્તુને કેમ અસરકારક રીતે તખ્તા પર રજૂ કરવી તેનો કસબ તેને આવડે છે. એની કૉમેડિમાં વસ્તુની - ઘટનાની ગોઠવણી તે કરી શકે છે પણ નીતિબોધ (moral) તેને માટે ગૌણ છે. પોતાની કૉમેડિમાં એ નિરાંતે જૂના કે સમકાલીન ફ્રેંચ અથવા અંગ્રેજ નાટ્યકારોની કૉમેડિમાંથી ઘણું બધું તફડાવે છે - અલબત્ત સર્જક સદા લૂંટતો જ આવ્યો છે, પણ એનામાં પારકી ઉઠાવેલી વસ્તુનો ય કલાત્મક વિનિયોગ કરવાની તેવડ નથી. એની કશી મુદ્રા જ ઊપસતી દેખાતી નથી, ઊલટો એ પુરોગામી કે સમકાલીનોની કૃતિઓને વિકૃત કરી મૂકે છે. મોટાભાગે વાનબ્રુ પાસેથી ઊંચી કલાત્મક કૉમેડિને બદલે હીન કક્ષાના ફારસનો 'આસ્વાદ' મળે છે. એની કૃતિઓમાં 'ધ રિલેપ્સ' (The Relapse- ૧૬૯૬), 'ઇસપ', (Aesop-૧૬૯૭) 'ધ પ્રવોક્ડ વાઈફ' (The Provoked Wife- ૧૬૯૭) વગેરે છે. ઉપર નિર્દેશેલી એકાદ કૉમેડિમાં પણ રેસ્ટોરેશન કૉમેડિમાં રજૂ થતો શીલ-પ્રતિષ્ઠા અને વાસનાતૃપ્તિ વચ્ચેનો સંઘર્ષ ભાગ્યે જ જોવા મળે છે. 'રિલેપ્સ'માં પોતાની પત્ની પ્રત્યે નિષ્ઠાવાન અને સામાજિક નીતિનિયમોની મર્યાદામાં રહીને જીવનારા એક પતિને તેની ઇચ્છા વિરુદ્ધ વ્યભિચારને માર્ગે ઘસડી જવામાં આવે છે એવું નાટ્યવસ્તુ છે. પણ કૉમેડિની રંગત મુખ્ય વસ્તુની સાથેના ગૌણ ઘટનાપ્રવાહ (subplot)માં જોવા મળે છે. તેમાં નાનો ભાઈ ટૉમ ફેશન (Tom Fashion) એના મોટાભાઈને મૂર્ખ બનાવીને એની વારસદાર હોયડનને (Hoyden) કેવી રીતે ઉઠાવી જાય છે તેનું રસપ્રદ આલેખન છે.

'ધ પ્રવોક્ડ વાઈફ'માં પણ સર જૉન(John) અને લેડિ બ્રૂટ (Lady Brute) વચ્ચે પરસ્પર તિરસ્કારનાં તાતાં તીર છોડતા કેટલાક સંવાદો બાદ કરતાં કંઈ વિશેષ વિત્ત નથી; પણ આ ય ડ્રાયડનની કૃતિ મેલન્થા (Melantha)નો પુન: અવતાર છે.

વાનબ્રુ એની કૉમેડિમાં કેટલેક અંશે ઈલિઝાબેથ યુગની જકબિઅન કૉમેડિ તરફ વળતો જણાય છે તો વળી ક્યારેક અઢારમી સદીમાં ઉદ્‌ભવનારી સેન્ટિમેન્ટલ કૉમેડિનો પણ અણસાર આવી રહે છે.

વાનબ્રુએ રેસ્ટોરેશન કૉમેડિ એ જમાનાની ફેશનને અનુકૂળ થઈને લખવાના પ્રયત્ન કર્યા, પણ સમકાલીન સમાજ કે તત્કાલીન જાતીય સંબંધો અંગે તેનામાં કોઈ નવીન, વિલક્ષણ દૃષ્ટિ નહોતી, અને ખાસ તો ઊણપ જ સર્જકતાની.

### જ્યૉર્જ ફાર્કહાર (૧૬૭૮ - ૧૭૦૭)

જ્યૉર્જ ફાર્કહાર પણ કૉમેડિની રચનાઓમાં ઈલિઝાબેથ યુગની કૉમેડિનાં કેટલાંક લક્ષણો પ્રકટ કરતો જણાય છે, પણ સમગ્રપણે એની કૉમેડિ વિશે કોઈ વિવેચકે ઉત્સાહનો ઉદ્‌ગાર કર્યો નથી - ક્યાંક ક્યાંક એની બૌદ્ધિકતાના ચમકારા વરતાય છે છતાંય. એની કૉમેડિ રચનાઓમાં 'લવ એન્ડ બૉટલ' (Love and Bottle-૧૬૯૮) 'ધ કોન્સ્ટન્ટ કપલ' (The Constant Couple-૧૬૯૯), 'ધ ટ્વિન રાઈવલ્સ', (The Twin Rivals-૧૭૦૨), 'ધ બોઝ સ્ટ્રૅટિજમ' (The Beaux Stratagem- ૧૭૦૭) વગેરે છે.

ફાર્કહારની આરંભની કૃતિઓમાં રેસ્ટોરેશન કૉમેડિ સાથે વિષયબીજ તેમજ રીતિ (Manner) પ્રત્યે કંઈક સુસંગતતા દેખાય છે - એટલે કે રેસ્ટોરેશન કૉમેડિના માળખાનો તે સ્વીકાર કરીને ચાલે છે, પણ પાછળની કૃતિઓમાં એ રેસ્ટોરેશન કૉમેડિ સાથે છેડો ફાડી કંઈક જુદી કેડીએ પ્રસ્થાન કરે છે - 'ધ ટ્વિન રાઈવલ્સ'માં એ વલણ વિશેષપણે જોઈ શકાશે. કેટલીકવાર એ શેક્સ્પીઅરની કૉમેડિની દિશા પકડતો પણ દેખાય. વાનબ્રુ અને ફાર્કહારની કૃતિઓને લક્ષમાં રાખીને એમ કહી શકાય કે ૧૮મી સદીના આરંભમાં કૉમેડિ બે વિભાગમાં વહેંચાઈ ગઈ હતી. એક તરફ સિબર (Cibber) અને સ્ટીલ (Steele)ની ઊર્મિલ (Sentimental) કૉમેડિ અને બીજી તરફ ઈલિઝાબેથ યુગની કૉમેડિ.

ફાર્કહારે એની એકાદબે કૃતિઓમાં સમકાલીન સમાજની વિપરીત ગતિની - રહેણીકરણીની નુક્તેચીની કરી છે ત્યાં પણ તેને મન એ

ગૌણ બાબત છે. એનો મુખ્ય રસ બદમાશીની છેતરપિંડીની કાવાદાવાની, મિલકતો હજમ કરવાની બાબતોમાં છે અને એ બધાંની રજૂઆતમાં તે કોમેડિકાર તરીકેની પોતાની શક્તિ ઠાલવે છે. એના મર્માળા કટાક્ષનું એક ઉદાહરણ 'ધ કોન્સ્ટન્ટ કપલ'માંથી જોઈએ.

એ કોમેડિમાં એક પાત્ર ક્લિન્ચર (Clincher) પર લૂંટ અને ખૂનનો આરોપ મુકાયો છે. ત્યારે કોન્સ્ટેબલ ઉદ્‌ગાર કરી ઊઠે છે. 'ખૂન અને લૂંટ...! ત્યારે તો એ નક્કી સદ્‌ગૃહસ્થ હોવો જોઈએ!'

અને પછી આગળ - 'સાચેસાચ સદ્‌ગૃહસ્થ! એનો વર્તાવ જ સદ્‌ગૃહસ્થને છાજે તેવો! (જુઓ તો ખરા) એણે પોતાની તલવાર ખેંચી અને સોગંદ ખાધા; અને પછી તલવાર મ્યાન કરી અને કંઈ જ બોલ્યો નહિ!'

કોઈકોઈવાર ફાર્કહારમાં આધુનિકતાનો સ્પર્શ પણ ચમકી જાય છે - જાણે બટલર કે બર્નાર્ડ શોની હેસિયતથી કોઈ આધુનિક લેખક સમાજવિષયક નુક્તેચીની કટાક્ષપૂર્વક કરતો ના હોય? એકબે દષ્ટાંત નોંધવા જેવાં છે :

'The patient's faith goes farther toward the miracle than your prescription.'

સમજી શકાય તેવું છે કે દર્દીના દાક્તર અંગેના આ ઉદ્‌ગાર છે.

બીજું એક માર્મિક વિધાન : 'Tis still my maxim, that there is no scandal like rags, nor any crime so shameful as poverty'.

રેસ્ટોરેશન કોમેડિમાં પ્રેમ અને લગ્ન બાબત નવો જ બૌદ્ધિક અભિગમ ઉદ્‌ભવ પામ્યો હતો અને લગ્નસંસ્થાના મૂળમાં ઘા કરી, દેહવાસનાને છૂટો દોર આપવા તરફનો તેમાં ઝોક હતો.

ફાર્કહારને પ્રેમ અને લગ્નની બાબતમાં પ્રગતિશીલ અને નવો બૌદ્ધિક અભિગમ રજૂ કરનાર તરીકે વિવેચકોએ પ્રમાણ્યો છે. રેસ્ટોરેશન યુગની પ્રણાલિને તેણે પોતાના નવીન અભિગમથી પ્રબળ ઘા કર્યો. ફાર્કહારનો મુદ્દો એ છે કે દેહલગ્નના આનંદ-ઉપભોગને પોતે કદી બિનમહત્ત્વના ગણતો નથી, પણ દેહલગ્નની સાથે માનસિક જોડાણ પણ હોવાં જોઈએ. એની એક કોમેડિમાં ચાર્લ્સ ફ્રીમેન (Charles Freeman)નું પાત્ર બીજા એક પાત્ર બોનિફેસ (Boniface)ને ઉદ્દેશીને કહે છે : 'You and your wife, Mr. Guts, may be one flesh, because you are nothing else; but rational creatures have minds that must be united'

(તમે શ્રીમાન અને શ્રીમતી! ભલે દેહસંબંધથી એક હો - એ છો જ, પરંતુ બુદ્ધિજીવીઓને ચિત્ત જેવો પણ એક પદાર્થ હોય છે અને એ ચિત્તની એકતા પણ સધાવી જોઈએ.)

પણ નાટકને અંતે ('ધ,બોઝ સ્ટ્રેટિજમ') શ્રીમાન અને શ્રીમતી સલન્સ (Sullens) પશુ જેવા લગ્નજીવનમાં એકબીજાથી ત્રાસીને છેવટે છૂટાં પડે છે.

ફાર્કહાર માને છે કે શ્વાન-માર્જર જેવા દામ્પત્ય કરતાં અને પરસ્પર બેવફાઈ અનુભવવા કરતાં તલ્લાકનો માર્ગ વધુ યોગ્ય છે. સત્તરમી સદીમાં પતીપત્ની વચ્ચે બેવફાઈના વિષયને બધા રેસ્ટોરેશન કોમેડિકારોએ રમૂજપૂર્વક ચગાવ્યો હતો, પણ અઢારમી સદીમાં ફાર્કહારનું ઉપર્યુક્ત નાટક રજૂ થયું ત્યારે રેસ્ટોરેશન યુગની સામાજિક સ્થિતિ બદલાઈ ચૂકી હતી...અને ફાર્કહારે એ બદલાયેલી પરિસ્થિતિમાં લગ્નજીવન વિશેનો નવો અભિગમ રજૂ કર્યો.

ફાર્કહાર ક્યારેક ઘટનાઓને રેસ્ટોરેશન કોમેડિની રીતિએ આલેખવાનું શરૂ કરે છે, પણ તરત જ એ હળવા હાસ્ય-કટાક્ષમાંથી ખડખડાટ હાસ્યવાળા ફારસ તરફ સરકી જાય છે. એક મઝાનું દષ્ટાંત અહીં ઉતારવું યોગ્ય થશે. એક માજી દૂરદૂરથી પોતાના પતિના પગ માટેની દવા લેવા માટે લેડિ બાઉન્ટિફુલ (Bountiful)ને ત્યાં આવે છે. શ્રીમતી સુસાન (જેમનું દામ્પત્ય સાવ ભંગાર અવસ્થામાં છે) તેને વચમાં જ રોકી પાડીને પોતે જ સાસુનો (બાઉન્ટિફુલ) પાઠ ભજવે છે.

Woman : I come, an't please your ladyship -
you're my Lady Bountiful, an't ye?
Mrs.S : Well, good woman, go on.
Woman : I come seventeen long mail to have
a cure for my husband's sore leg.
Mrs.S : Your husband! what, woman, cure
your husband!
Woman : Ay, poor man, for his sore leg
won't let him stir from home.
Mrs.S : There, I confess you have given me a reason. Well, good woman, I will tell you what you must do. You must lay your husband's leg upon a table, and with a chopping knife you must lay it open as broad as as you can; then you must take out the bone, and beat the flesh soundly with a rolling pin; then take salt, pepper, cloves, mace and ginger, some sweet herbs and season it very well; then roll it up like brawn, and put it into the oven for two hours.

ફાર્કહારની જે હાસ્યકાર તરીકેની શક્તિ છે તે આ છે. એની જિંદગી પણ રસકસવિહીન, સંતાપદાયક હતી. એટલે જિંદગીને એક રમત તરીકે જ ગણવાનું તેને ઇષ્ટ હતું. ઉપર્યુક્ત શ્રીમતી સલન્સના જેવી જ પારકાનાં દુઃખમાં મોજ માણવાની તેની વૃત્તિ હતી.

કેટલીકવાર તો એ પાત્રની અભિવ્યક્તિમાં અણધાર્યો વળાંક લાવીને આશ્ચર્યમિશ્રિત હાસ્ય રેલાવી દે છે : 'સર હેરિ વીલ્ડેર'-૧૭૦૧ (Sir Harry Wieldair)માં એક બાનુ લ્યુઅરવેલ (Lurewell) એક છોકરીને ઉદ્દેશીને કહે છે :

Look ye, girl we women of quality have each of us some darling fright - I, now, hate a mouse; my Lady Lovecards abhors a cat; Mrs. Fiddlefan can't bear a squirrel; the Countess of piquet abominates a frog; and my Lady Swimair hates a man.

ફાર્કહારમાં કવિ શોધવાનો અગર તો કોઈ જીવનમીમાંસક જોવાનો કે રેસ્ટોરેશન યુગના પ્રકારના કોઈ વિચારકને પામવાનો પ્રયત્ન અવશ્ય એળે જશે. એનામાં તો સમાજના જડ અને પજવી-મૂંઝવી નાખતાં કઠોર નિયંત્રણમાંથી બેધડી ખડખડાટ કે વિદૂષકીય અને અડધુંપડધું નૉનસેન્સ હાસ્ય પામવાની જ અપેક્ષા રાખવી ઈષ્ટ છે.

આમ, એથરિજથી શરૂ થયેલી રેસ્ટોરેશન કૉમેડિ કોન્ગ્રીવમાં સમાપ્તિ પામે છે. જેરિમિ કોલિઅરે (Jeremy Collier) ઈ. ૧૬૯૮માં 'Short view of the Immorality and Profaneness of the English stage' પ્રકાશિત કરીને રેસ્ટોરેશન કૉમેડિમાં પ્રકટ થતાં પ્રેમ, લગ્ન, અનૈતિક વલણો વગેરે પર પ્રહાર કરી જીવન અને સાહિત્ય વિશે નિરાળો અભિગમ વ્યક્ત કર્યો. એના પર ઉગ્ર વાદવિવાદો પણ સર્જાયા. તેમ છતાં કેટલાક નાટ્યલેખકોએ રેસ્ટોરેશન કૉમેડિની પ્રણાલિ પોતાની કૃતિઓમાં જાળવી રાખી - કેટલાકે કૉમેડિ ઓવ મેનર્સની સાથે ફારસનું મિશ્રણ કર્યું; કેટલાકે સેન્ટિમેન્ટલ કૉમેડિના કે કૉમેડિ ઓવ ઈન્ટ્રીગ (Comedy of Intrigue)ના અંશો ભેળવ્યા. પણ કાચીપાકી ય રેસ્ટોરેશન કૉમેડિ રચાતી રહી. એ રચનારા લેખકોમાં વિલ્સન (Wilson), સેડલે (Sedley), મિસિસ. પિક્સ (Mrs, Pix), દુર્ફે (D'Urfey), ક્રાઉન (Crowne), ટૉમસ શેડવેલ (Thomas Shadwell) અને એક વિશિષ્ટ લેખિકા મિસિસ અફ્રા બેન (Mrs. Aphra Behn) અને ઑટવે (Otway) આદિનો સમાવેશ થાય છે

આ બધાં સર્જકોની કલમ એક ગોત્રની હોય તેમ લાગે. અલબત્ત, ચાતુર્યયુક્ત સંવાદો (Wit), સાહિત્યિક ગુંજાયશ, રચનાપટુત્વ - એ બધાંમાં તેમની શક્તિ વચ્ચેનો ભેદ પરખાઈ આવે છે. પરંતુ એમનો નાટ્યવિષય અથવા વસ્તુબીજ (Theme) લગભગ સરખું હોય છે - ફ્રેન્ચ સભ્યતાથી છકી ગયેલા છેલબટાઉ, જ્યોતિષીઓ, પ્રગલ્લભો, વગેરે જ એ રચનાઓમાં પ્રસ્તુત થતા હોય છે અને બધાનો પ્રશ્ન એક જ - પ્રેમનું નિરૂપણ કયા પ્રકારનું કરવું?

પણ ફાર્કહાર પછીના નાટ્યકારો બદલાયેલી સામાજિક પરિસ્થિતિમાં ઊર્મિલ કૉમેડિ(Sentimental Comedy) તરફ ઝોક દાખવે છે.

રેસ્ટોરેશન યુગની કૉમેડિની આ બધી ચર્ચાવિચારણા પછી એટલું કહી શકાય કે એમાં ભલે ઉઘાડી અનૈતિકતા હતી; પ્રેમ, લગ્ન અને બીજાં અનેક જીવનમૂલ્યો પર પ્રહારો હતા તેમ છતાં એ જે

(અનુસંધાન પૃ. ૨૯૮ પર)

અનુસંધાન ) શાંતારામની વિદાય ( પૃ. ૨૮૩ પરથી

'પડોસી' ફિલ્મ પછી શાંતારામનો પ્રભાત કંપની સાથેના સંબંધનો અંત આવ્યો. મુંબઈ આવ્યા પછી તેમણે પહેલી ફિલ્મ 'શકુન્તલા' બનાવી. આ ફિલ્મ માટે ત્યારે ઊહાપોહ મચી ગયેલો. શાંતારામની 'શકુન્તલા' તે જમાનાની સમકાલીન શકુન્તલા સમી હતી. તેથી કેટલાંક લોકોએ વિરોધનો એવો વંટોળ જગાડ્યો કે કાલિદાસની શકુન્તલાને બદલવાની હિંમત શાંતારામ કેમ કરી શકે? આખી ફિલ્મ એમના પોતાના રાજકમલ સ્ટૂડિઓમાં જ ઉતારવામાં આવી હતી. પરંતુ 'પડોશી' જેવું ઊંડાણ તેમાં ન હતું.

આ પછી તેમણે જો કોઈ નોંધપાત્ર ફિલ્મ બનાવી હોય તો તે હતી 'ડૉ. કોટનીસ કી અમર કહાની'. ચીનમાં દાકતરી સેવા માટે મોકલાએલા એક ભારતીય ડૉક્ટરના જીવન ઉપર આ ફિલ્મ બનાવવામાં આવી હતી. ચીનમાં જ તેમનું મૃત્યુ થયું. એમાં શાંતારામે પોતે જ ડૉ. કોટનીસની ભૂમિકા ભજવી હતી.

પચાસના દાયકામાં શાંતારામે બે યાદગાર ચલચિત્રો આપ્યાં : 'ઝનક ઝનક પાયલ બાજે' અને 'દો આંખે બારહ હાથ'.

'ઝનક ઝનક પાયલ બાજે' ભારતીય ટેક્નિશિયનો માટે ગૌરવ સમાન હતું. આ ટેક્નિકલર ફિલ્મ બનાવવા માટે કોઈપણ વિદેશી ટેક્નિશિયનની એમણે મદદ લીધી ન હતી. સામાન્ય માણસ પણ આનંદથી માણી શકે તે રીતે કથક નૃત્યશૈલીની તેમાં રજૂઆત કરવામાં આવી હતી. ફિલ્મમાં નૃત્ય અને ગીતો ઉપર જ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ ફિલ્મ એમની એક અત્યંત સફળ ફિલ્મ પુરવાર થઈ હતી. તે પછી બ્લૅક અને વ્હાઈટ છબીકલામાં તેમણે 'દો આંખે બારહ હાથ' બનાવ્યું. આ ફિલ્મને ઘણાં રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય ઇનામો પણ મળ્યાં. જેલ-સુધારણાની સત્ય ઘટના ઉપર આધારિત આ ફિલ્મનો નાયક જેલર તમામ કાંટાની વાડો નાબૂદ કરીને તેના છ કેદીઓને ખુલ્લી ભૂમિ ઉપર સ્વતંત્ર માનવી તરીકે રાખે છે. આ પ્રયોગ સફળ કરવા જતાં જેલરને અંતે પોતાના પ્રાણની આહુતિ આપવી પડે છે. હૃદય હચમચાવી દે તેવું તેનું ચિત્રણ તેમાં કરાયું હતું. એમાં જેલરની ભૂમિકા ખૂદ શાંતારામે નિભાવી હતી.

શાંતારામ મરાઠી ભાષામાં પણ ચલચિત્રો બનાવતા હતા. પ્રભાત સ્ટૂડિઓમાં પણ તેમણે હિન્દી અને મરાઠીમાં ચિત્રો બનાવ્યાં હતાં, અને મુંબઈમાં પણ તે જ રીતે બંને ભાષામાં ચિત્રોનાં નિર્માણનું કાર્ય ચાલુ રાખ્યું હતું. 'રામ જોશી' 'અમર ભૂપાલી' અને 'પિંજરા' વગેરે તેનાં ઉદાહરણો છે.

શાંતારામે તેમની સમગ્ર કારકિર્દી દરમ્યાન ૫૮ ફિલ્મોનું દિગ્દર્શન અને ૮૦થી વધુ ફિલ્મોનું સર્જન કર્યું હતું. મૂગી ફિલ્મોથી માંડીને બોલતી ફિલ્મોના આધુનિકકાળ સુધીની ફિલ્મનિર્માણની એમની સુદીર્ઘ કારકિર્દી તથા વિધવિધ હેતુલક્ષી કથાવસ્તુઓની એમની રજૂઆતોને કારણે આરંભથી જ તેમણે ફિલ્મ-ઉદ્યોગમાં પોતાનું જે આગવું વ્યકિતત્વ ઊપસાવ્યું હતું તે ભવિષ્યમાં પણ આ ક્ષેત્રમાં ઉદાહરણ રૂપ જ નહિ, પ્રેરક પણ બની રહેશે. □

# વી. શાંતારામની વિદાય

— પીયૂષ વ્યાસ —

ભારતીય ચલચિત્ર ઉદ્યોગમાં પ્રતિભાસંપન્ન ફિલ્મ નિર્માતા, દિગ્દર્શક સ્ટૂડિઓના માલિક અને સંવેદનશીલ અભિનેતા વી. શાંતારામનું ગઈ તા. ૨૮ ઑક્ટોબરે રવિવારે હૃદયરોગના હુમલાથી અવસાન થતાં હિંદી ફિલ્મ ઉદ્યોગની એક તેજસ્વી દીપજ્યોત બુઝાઈ ગઈ.

તેમનો જન્મ કોલ્હાપુરના એક ગામડામાં ૧૮ નવેમ્બર ૧૯૦૧માં થયો હતો. ઉચ્ચ શિક્ષણનો અભાવ છતાં તેમને કલ્પનાશક્તિની કુદરતી બક્ષિસ મળી હતી. મહત્ત્વકાંક્ષા અને સાહસિક વૃત્તિ તેમને શહેર પ્રત્યે ખેંચી લાવી. એક નાની થીએટર કંપનીમાં પર્દો ખેંચવાના કામથી તેમની ફિલ્મ-કારકિર્દીનો પ્રારંભ થયો. શરૂઆતમાં ફિલ્મના કેમેરા ઊંચકવાથી માંડીને પરચુરણ મજૂરી જેવું કામ તેમને મળ્યું. તે જમાનામાં ફિલ્મસર્જન માટે કોઈ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ અથવા તાલીમ વર્ગો ન હતાં. માત્ર ઊંડાં નિરીક્ષણોથી તેઓએ આપમેળે ફિલ્મસર્જનની પ્રક્રિયા શીખી લીધી. માત્ર છવ્વીસ વર્ષની વયે જ્યારે એમણે પ્રથમ ફિલ્મનું દિગ્દર્શન કર્યું ત્યારે પોતાની મહત્વાકાંક્ષા તેમને સાકાર થવાનો પ્રારંભ થતો લાગ્યો. તેઓએ અભિનય, છબીકલા, સંકલન અને દિગ્દર્શન વગેરે ફિલ્મ-નિર્માણનાં તમામ પાસાંઓનો ઊંડો અભ્યાસ કર્યો. ભારતની પ્રથમ કલાત્મક ફિલ્મ 'સાવકારી પાશ' બનાવનાર બાબુરાવ પેન્ટર એમના ગુરુ હતા. શાંતારામે આ ફિલ્મમાં મુખ્ય અભિનેતા તરીકે કામ કરેલું. પૈસા ધીરનાર શરાફો સામે બળવો પોકારતા ખેડૂત યુવાનનું એ પાત્ર હતું.

શાંતારામે સ્વતંત્ર દિગ્દર્શક તરીકે પ્રથમ ફિલ્મ 'નેતાજી પાલકર' બનાવી હતી. સ્વાતંત્ર્ય માટે ઝઝૂમનાર શિવાજીના એક સરદારના જીવન પરથી આ ફિલ્મ બની હતી. એ પછી શાંતારામે શિવાજી ઉપર પણ ફિલ્મ બનાવી, જેમાં તેમણે પોતે યુવાન શિવાજીનું પાત્ર ભજવ્યું હતું. આ ફિલ્મ 'સ્વરાજ્ય તોરણ'નું નામ બદલીને તેમને 'ઉદયકાલ' રાખવું પડેલું, કારણ બ્રિટિશ રાજની સેન્સરશિપે 'સ્વરાજ તોરણ' નામ સામે વાંધો ઊઠાવ્યો હતો. તેમની બીજી ફિલ્મ 'મહાત્મા' પણ બ્રિટિશ સેન્સર બોર્ડનો ભોગ બની. આ ફિલ્મ તેમણે મહારાષ્ટ્રના કવિસંત એકનાથના જીવન પર બનાવી હતી. તે ફિલ્મનું નામ પણ 'મહાત્મા' બદલીને તેમને 'ધર્માત્મા' રાખવું પડ્યું હતું. બ્રિટિશ રાજવીઓને ગાંધીજીના મહાત્મા નામને કારણે તે નામ સાથે ડર હતો. જોકે આ ફિલ્મમાં સમકાલીન રાજકીય અને સામાજિક પરિસ્થિતિનું પ્રતિબિંબ તો હતું જ.

ઈ. ૧૯૨૭માં 'નેતાજી પાલકર' ફિલ્મ સાથે દિગ્દર્શનની કારકિર્દી શરૂ કરેલી ખરી પણ શાંતારામે ૧૯૩૭ સુધી કોઈ સામાજિક ફિલ્મ બનાવવાનો પ્રયાસ નહોતો કર્યો. જો કે તેમની 'અમૃતમંથન' અને 'અમર જ્યોત' આ બંન્ને ફિલ્મોમાં તે સમયની સમાજ-વ્યવસ્થાનો પ્રતિધ્વનિ અવશ્ય મળે છે. 'અમૃતમંથન'માં માનવ-બલિદાનની પ્રણાલિકાનો નિર્દેશ હતો. જ્યારે 'અમર જ્યોત'માં સ્ત્રી-સ્વાતંત્ર્યની ભાવના છુપાયેલી હતી. આ બંને ફિલ્મોમાં આંખોના 'ક્લોઝ-અપ્સ' અને કેમેરાની સ્થાયી હલનચલનની પ્રક્રિયા બતાવતી હતી કે શાંતારામ એક પ્રતિભાવંત સર્જક બની ચૂક્યા છે. આયોજનની કલાની દૃષ્ટિએ આ બંન્ને ફિલ્મો તેમનાં જમાનાથી ખૂબ આગળ હતી. એક વિદેશી વિવેચકે 'અમૃતમંથન' જોતાં કહેલું કે 'તેમાં કેમેરા બોલે છે.'

ત્યારબાદ શાંતારામે ત્રણ મહાન ફિલ્મો 'પ્રભાત' કંપની માટે બનાવી. આ ફિલ્મો હતી: 'દુનિયા ના માને', 'આદમી' અને 'પડોસી'. આમાં 'દુનિયા ના માને' પ્રથમ સ્થાને આવે. આ ફિલ્મ સમાજ માટે પડકારરૂપ હતી. તેમાં વૃદ્ધલગ્ન ઉપર સીધો પ્રહાર હતો. તેમાં એક તેજસ્વી યુવતીને પોતાના પિતા જેટલી મોટી વયના વૃદ્ધ સાથે લગ્ન કરવા પડે છે. તે યુવતી આ લગ્ન રોકી શકતી નથી, પરંતુ પેલા વૃદ્ધના પતિ તરીકે હક્કો ભોગવવા સામે પ્રતિકાર કરે છે. અને તેનો આ પ્રતિકાર પણ તે બીજા યુવાનને ચાહે છે એટલા માટે નહિ, પરંતુ પતિ તરફથી તેને થએલા અન્યાય માટે હતો. શાંતારામે આ ફિલ્મમાં પાર્શ્વસંગીતમાં કોઈ વાજિંત્રનો ઉપયોગ જ કર્યો નહોતો. જે કુદરતી અવાજો આસપાસનાં વાતાવરણમાંથી આવતા તેને જ તેમણે ફિલ્મમાં ઉતાર્યા હતા. વળી, જૂની ઘડિયાળ અને જૂની છત્રીના પ્રતીકાત્મક શૉટ્સ દ્વારા એમણે વૃદ્ધ પતિના માનસિક સંઘર્ષનાં સૂચન મૂકયાં હતાં. ફિલ્મમાં આવા શૉટ્સ 'શાંતારામ ટચ' બની ગયા હતા.

કેટલાક વિવેચકો 'આદમી' ફિલ્મને શાંતારામની શ્રેષ્ઠ ફિલ્મ તરીકે ઓળખાવે છે. નિઃશંક એ જમાનાની તે એક 'બોલ્ડ' ફિલ્મ ગણાવી શકાય. તેમાં ભારતીય પર્દા ઉપર પ્રથમ વાર એક વેશ્યા અને પોલીસના પ્રેમની કથા છે. પોલીસ સાથે પ્રેમમાં પડેલી એ વેશ્યા જ્યારે પોલીસના ઘેર આવે છે ત્યારે પવિત્રતાની મૂર્તિ સમી પોલીસની માતાને જોઈ તેનું હૃદય દ્રવી ઊઠે છે અને તે ત્યાંથી નાસી જાય છે. અંતે વેશ્યાની દલાલી કરતા પોતાના કાકાનું એ ખૂન કરે છે અને તેને આજીવન કારાવાસની સજા થાય છે. આમ, વેશ્યાજીવનનાં કરુણ દર્શન સાથે એક બીજો પણ સંદેશ તેમાં હતો. ફિલ્મનો નાયક પોલીસ પોતાનું દુઃખ ભૂલવા શરાબનો સહારો લેવાને બદલે પોતાની ફરજ બજાવવા પ્રતિ પોતાનું લક્ષ વાળે છે. આ ખ્યાલ પણ 'શાંતારામ ટચ' કહી શકાય.

'દુનિયા ના માને' અને 'આદમી' બંને બંડખોર નાયિકાપ્રધાન ફિલ્મ પછી તેમણે હિન્દુ-મુસ્લિમ એકતા ઉપર 'પડોસી' ફિલ્મ બનાવી. કથામાં બતાવેલા બંને પડોશીઓ એકબીજાના જિગરજાન દોસ્ત હતા. કવચિત્ ઝગડતા યે ખરા, પણ પછી એક થઈ જતા. ફિલ્મના અંતિમ દૃશ્યમાં ડેમનાં પાણીને રોકવા આ બંને એકબીજાનાં હાથમાં હાથ પરોવીને મૃત્યુને ભેટે છે. આ ફિલ્મનાં કેટલાંક દૃશ્યો હૃદયદ્રાવક અને કાવ્યાત્મક હતાં. જો કે ફિલ્મની મુખ્ય કથામાં મુસ્લિમ પડોશીની યુવાન પુત્રીનો હિંદુ પાડોશીના યુવાન પુત્ર સાથેનો પ્રેમ પણ બતાવ્યો છે; પરંતુ ગૌણ રૂપે. તે જમાનામાં કદાચ તે બંનેને પરણતાં બતાવવાની શાંતારામની હિંમત ચાલી નહિ હોય. (અનુસંધાન પૃ. ૨૮૨ પર)

# ૬૦ હજાર વર્ષના અબોલા તૂટે છે!

ડૉ. સુશ્રુત પટેલ

વાણીની ક્ષમતા એ કુદરતે માનવને આપેલી અદ્દભુત દેણગી છે. વાચા દ્વારા આપણે પ્રત્યાયન (કમ્યુનિકેશન) ઉપરાંત ફાવે એટલી ઝડપે વિશિષ્ઠ ઉચ્ચારો કરી શકીએ છીએ કે પછી મંજુલ સ્વરે આલાપી શકીએ છીએ. આ બધું ગળામાં ગોઠવાએલી સ્વરપેટીની ખાસ રચનાને કારણે શક્ય બને છે. એની રચના જો આવી અસાધારણ ન હોત તો આપણે વિવિધ સ્વરના આટલા સ્પષ્ટપણે કાઢી ના શકત. કેટલાક વિશિષ્ટ ઉચ્ચારોની અવિરત ગતિબધ્દતા એની ખાસ રચનાને જ આભારી છે.

આપણી જાતને 'આધુનિક માનવ' તરીકે આપણે ખપાવીએ છીએ. વિજ્ઞાનિઓ 'આધુનિક માનવ'ને હોમો સેપિયન્સ સેપિયન્સ (Homo sapiens sapiens) તરીકે પિછાણે છે. આ માનવ આજથી અંદાજે ૫૦,૦૦૦ વર્ષો પહેલાં પૃથ્વી પર વિહરતો થયો હોવાનું માનવામાં આવે છે. હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે અંદાજે પચાસેક હજાર વર્ષો પહેલાંના કાળમાં, એટલે કે 'આધુનિક માનવ'ના જન્મ પહેલાંના કાળમાં, એના અપવાદને બાદ કરતાં, એના પૂર્વજો સહિત બીજા કોઈ જીવ એવા હતા ખરા કે જે વાણીનું આવું સામર્થ્ય ધરાવતા હોય?

મોટાભાગના નૃવંશશાસ્ત્રીઓ આ પ્રશ્નનો ઉત્તર નકારમાં આપશે. પણ આધુનિક સંશોધનોએ આ દિશામાં નવો પ્રકાશ પાડ્યો છે.

આપણે જાણીએ છીએ કે એપ (ape) એ પૂંછડી વિનાના વાનર છે. એમની શરીરરચના માનવને ઘણીબધી રીતે મળતી આવે છે એટલે એ નર-વાનરો (primates) પણ કહેવાય છે. બધી મળીને એમની અગિયારેક જેટલી જાતિઓ (સ્પીશીઝ) જોવા મળે છે. ચિમ્પૅન્ઝી, ગોરિલ્લા, ગિબન્સ વગેરે નર-વાનરો યા એપમાં આવે છે. આ બધા આપણી જેમ બોલી શકતા નથી, અથવા એમ કહેવું જોઈએ કે આપણી જેમ બોલી શકવાની એમની હેસિયત જ નથી, કારણ કે એમની સ્વરપેટીની રચના અને ગોઠવણ જ એ પ્રકારની છે. ચિમ્પૅન્ઝી અને ગોરિલ્લાને જો તાલીમ આપવામાં આવે તો એ બુદ્ધિશાળી હોઈ, કેટલાક સાદા વિચારોને વ્યક્ત કરતાં હાવભાવ કે નિશાનીઓ કરી શકે ખરા, અને આમ કાંઈક અંશે એમની વચ્ચે વિચાર-વિનિમય યા પ્રત્યાયન શક્ય બને. પણ આપણા જેવી વાણી તો એ કોઈ સંજોગોમાં ઉચ્ચારી શકે નહીં.

મનુષ્યેતર અન્ય પ્રાણીઓને પણ આ જ વાત લાગુ પડે છે. દેવચકલી, પિટ્ટા, શામા, દૈયડ વગેરે પંખીઓ મધુર સ્વર કાઢી શકે છે, તો કાળિયો કોશી તેમજ એનો પીતરાઈ ભૃંગરાજ અથવા ભીમરાજ બીજાં પક્ષીઓના અવાજનું હૂબહૂ અનુકરણ કરી શકે છે, પણ આપણી જેમ બોલી શકતા નથી. આમાં પોપટ (પૅરટ અને પારાકીટ - બંને અર્થમાં) અને કાંઈક અંશે કાળી મેના યા બોલતી મેના (crackle) તથા પહાડી મેના જેવા થોડાક અપવાદ પણ છે, પરંતુ એ બધાં માત્ર શબ્દાનુકરણ જ કરી શકે છે. તો પોપટ કવચિત્ સ્વયંસ્ફુરિત વાક્યો બોલી શકે છે ખરા, પણ એમની સ્વરપેટીની રચના તો આપણાથી તદ્દન ભિન્ન હોઈ, આપણી વાચા-યોગ્યતાની તોલે હરગિજ ન આવી શકે.

ડૉલ્ફિન તેમજ વ્હેલ જેવાં જળચર જાતભાતના અવાજો કરી શકે છે અને એ વિવિધ ધ્વનિઓ કયા કારણથી કરે છે એ અંગે હજુ આપણું જ્ઞાન સીમિત છે. (પ્રખ્યાત 'નૅશનલ જ્યૉગ્રૉફિક' મૅગેઝિને આવા જળચરોના ધ્વનિઓ મુદ્રિત યા કહો કે અંકિત કરીને એની રેકૉર્ડ્ઝ તૈયાર કરીને, થોડાં વર્ષો પહેલાં એના ગ્રાહકોને ભેટ આપી હતી). આમ, ભૂ-ચર, જળ-ચર કે ખે-ચર જેવા મનુષ્યેચર જીવો તો ઠીક, પણ આપણા નજદીકના એકમાત્ર જીવિત સહોદર એવા એપ (કપિ) પણ આપણા વાચા સામર્થ્યની તોલે આવી ન શકે. આમ, વાચા એ માનવીની પોતીકી પહેચાન છે.


આ તો માનવ સિવાયના ઇતર જીવોની વાત થઈ. પણ આપણા પૂર્વજો શું બોલી શકવાની શક્તિમત્તા ધરાવતા હતા ખરા?

આશરે ૫૦ લાખથી માંડીને બે લાખ વર્ષો પૂર્વેના ગાળામાં થઈ ગએલા ઑસ્ટ્રેલોપિથેસિન્સ (Australopithecines), હોમો હેબિલિસ યા હોમો ઈરેક્ટસ - જેવા માનવસમ (hominid) પૂર્વજોમાં વાચાની ક્ષમતા આપણા જેવી હોવાનું માનવામાં એટલે નથી આવતું કે એમના મગજનું કદ આપણાં મગજ કરતાં ક્યાંય નાનું અને તેથી ઓછું વિકસેલું હતું. એટલે વાચા-સામર્થ્યના આપણા એ પછીના ઉમેદવાર આજથી અંદાજે ૩,૦૦,૦૦૦ વર્ષો પહેલાં ઉદ્દભવેલા અને કમસેકમ આજથી ૩૦,૦૦૦ વર્ષો પહેલાંના કાળ સુધી પૃથ્વી ઉપર વિહરતા રહેલા નિયંડરથલ માનુષ (Neanderthal man)ને ગણવામાં આવે છે. આપણા આ પૂર્વજના મળી આવેલા અસ્થિ-અવશેષો આપણી સાથે એટલાં તો મળતાં આવે છે કે એને 'આધુનિક માનવી'ની ઉપજાતિ (સબસ્પીશીઝ) ગણીને એને 'હોમો સેપિયન્સ નિયંડરથેલેન્સિસ' (Homo sapiens neanderthalensis) કહેવાય છે. એનું મગજ ઠીકઠીક મોટું અને પ્રમાણમાં વિકસિત હતું. એક આશ્ચર્યની વાત એ છે કે એના મગજનો પાછળનો ભાગ, આગળના ભાગની સરખામણીમાં વધુ વિકસેલો હતો, અને આનો શું અર્થ થાય એ અંગે આપણે કશું જાણતા નથી!

એટલે મૂળ સવાલ એ રહે છે કે આ નિયંડરથલ પૂર્વજો આપણી જેમ બોલી શકતા હશે કે નહીં?

પણ આ પ્રશ્નનો જવાબ એક વિજ્ઞાન-કથા શો આપે છે તે પ્રથમ જોઈએ. લેસ્ટર ડેલ રે નામના લેખકે એ લખી છે છેક ૧૯૩૯માં એનું શીર્ષક છે : "The Day Is Done." બને છે એવું કે આધુનિક માનવોના હાથમાં એક બચી ગએલો છેલ્લો નિયંડરથલ માનવી આવી પડે છે. આપણા લોકો બહુ સલૂકાઈથી એની સાથે વર્તે છે, પણ કશુંક અંદરક-અંદર એને કોરી ખાય છે, અંતે હતાશા એને ઘેરી વળે છે અને લઘુતાગ્રંથિનો ભોગ બનીને એ મૃત્યુ પામે છે. એનું એકમાત્ર કારણ તે એ કે આપણી જેમ ગૉટ-પિટ ન બોલી શકવાની એની લાચારી!

અલબત્ત, આ વિજ્ઞાન-કથા અત્યાર સુધીની વૈજ્ઞાનિક માન્યતાને વાચા આપવાનું જ કામ કરે છે અને એ રીતે એમાંનો વૈજ્ઞાનિક મુદ્દો ખોટો નથી, પરંતુ આધુનિક સંશોધનોએ હવે નવો વળાંક લીધો છે અને તે કેવી રીતે, તે જોઈએ.



આપણા નીચેના જડબાની નીચલી ધારથી આશરે બે સેન્ટિમીટર જેટલા અંતરે, ગળાની આગળના ભાગમાં, બરાબર વચ્ચે એક નાનકડું હાડકું હોય છે. એનો મુખ્ય ભાગ એકાદ ઇંચ જેટલો પહોળો હોય છે અને એને જોડાએલા બે શિંગડા જેવા ભાગો સારા એવા સાંકડા છે, એનો આકાર અંગ્રેજી કેપિટલ 'U' જેવો છે અને એનું નામકરણ મૂળ ગ્રીક ઉપરથી 'હાયોઈડ' (Hyoid) એવું પાડવામાં આવ્યું છે, જેનો અર્થ પણ 'U'-આકારનો - એવો જ થાય છે. આ અસ્થિ આપણી જીભ (જિહ્વા) ના મૂળ પાસે આવેલું છે, અને એટલે એને આપણે જીહ્વાસ્થિ કહી શકીએ. એનું બીજું નામ કંઠિકા-અસ્થિ છે. આ અસ્થિની એક ખાસિયત એ છે કે તે સીધી રીતે તો શરીરના કોઈ પણ અસ્થિ સાથે જોડાએલું નથી. એની સાથે માત્ર સ્નાયુઓ જ જોડાએલા હોય છે. આ કંઠિકા-અસ્થિ સ્વરયંત્ર યા કંઠ કે ઘાંટી (larynx) સાથે બે જૂથના એવા અગિયારેક નાનાનાના સ્નાયુઓ સાથે જોડાએલું હોય છે. એની આવી રચના અને સ્વરયંત્ર સાથેનું એનું આવું જોડાણ સ્વરયંત્રને ઉપર-નીચે કરવામાં સહાયભૂત થઈ પડે છે, અને એટલે જ વિવિધ સ્વરના ઉચ્ચારો તેમજ વ્યંજનો યા સ્વરોનો ત્વરિત મેળ બેસે છે. આ અસ્થિ ન હોત, તો આપણી બોલી આજના એના સ્વરૂપની ન હોત. આ કારણે 'હાયોઈડ-બોન'ને 'બોલવાનું હાડકું' (speaking bone) કહેવાય છે.

અત્યાર સુધી નિયંડરથલ મનુષ્યના જે કાંઈ અવશેષો મળતા હતા, એમાં આ બોલવાનું હાડકું ક્યારેય મળ્યું ન હતું. એના ઉપરથી એવું તારણ કાઢવામાં આવેલું કે આપણો આ પૂર્વજ આપણી જેમ બોલી શકતો નહીં હોય. પ્રત્યાયન માટે માત્ર ઇશારા કે સાંકેતિક ભાષા જ પ્રયોજતો હશે. અને અવાજ કરી શકતો હશે તો વાંદરાની જેમ ખખૈયાં, યા શિયાળની જેમ લાળી કે સિંહની જેમ ડણકી શકતો હશે. બહુ બહુ તો ભૂંડણ એનાં ભૂંડકાં સાથે ઘૂરકે એમ ઘૂરકતો કે છીંકારતો હશે.

જો કે ઘણા નૃવંશશાસ્ત્રીઓના મતે હાયોઈડ-અસ્થિનું મૂળ હાડપિંજરના અવશેષો સાથે ન મળેલું અને એના ઉપરથી આવા તારણ પર આવવું બહુ વાજબી ગણવામાં આવતું ન હતું. એ લોકોનું કહેવું એમ હતું કે આ અસ્થિ ઘણું જ નાનું છે અને વળી પાછું શરીર સાથે કોઈ અસ્થિ વડે જોડાએલું પણ નથી. જ્યારે મૃત માનવશરીર સડવા કે કહોવાવા લાગે છે ત્યારે આ અસ્થિની સાથે સંકળાયેલા સ્નાયુઓ પણ ક્ષીણ થઈને એમની પકડ ગુમાવી બેસે છે. એટલે મૂળ શરીરની સાથે ન રહેતાં આ નાનકડું બોલકું હાડકું અબોલા લઈને દૂર ખસી જાય છે. કાળની થાપટોમાં એ બહુ દૂર ફેંકાઈ જાય છે. અને અત્યાર સુધીના નિયંડરથલ માનુષના અવશેષોમાં, કોને ખબર, આવું નહીં થયું હોય?

આ શંકા કાંઈ ખોટી નથી. અને આવી શંકા કરનારામાંના એક જાણીતા વિજ્ઞાનલેખક અને વિજ્ઞાન-કથા-લેખક ડૉ. આઈસેક આસિમોવ પણ છે. 'ધ ડે ઇઝ ડન'થી વિરુદ્ધ 'The Ugly Little Boy' એ શીર્ષકથી એમણે એક વિજ્ઞાન-કથા ૧૯૫૮માં લખી. એમાં એક નિયંડરથલ બાળક મળી આવે છે. અને 'આધુનિક માનવ' સાથે રહીને એ અંગ્રેજી ભાષા બોલતાં શીખે છે, એટલું જ નહીં, પણ આપણે જે જે કરીએ છીએ તે સઘળું જ શીખી લે છે! આમ, વિજ્ઞાન-કથા ઘણીવાર સત્યકથા બની રહેતી હોય છે. અને આસિમોવની આ કલ્પનારંગી કથા પણ આખરે સાચી પુરવાર થઈ છે, કારણ કે ૧૯૮૯ના એપ્રિલમાં ઇઝરાએલ ખાતેની માઉન્ટ કારમેલની ગુફાઓમાંથી એક નિયંડરથલ માનવીનું એવું અસ્થિપિંજર અવશેષ મળી આવ્યું છે કે જેના ઉપર આ 'બોલતું અસ્થિ' એની મૂળ જગ્યાએ જ, ગોઠવાએલું છે. એનું કદ, આકાર વગેરે બરાબર આપણી સાથે જ મેળ ખાય છે - નથી મેળ ખાતી એની વય. કારણ કે એ નાનકડું અસ્થિ આપણામાંના કોઈનું નથી, પણ ૬૦ હજાર વર્ષ પૂર્વેના આપણા પૂર્વજનું છે. અત્યાર સુધી અબોલા કે કીટ્ટા કરીને ચૂપ રહેલા આ નાનકડા અસ્થિએ હવે આપણી સાથે આવી રમત માંડી વાળવાનું વિચાર્યું હોય એમ લાગે છે.

આ મહત્ત્વની શોધ તેલ અવીવ યુનિવર્સિટીના બરુખ એરેંસબર્ગ (Baruch Arensburg) તથા ફ્રાન્સ વગેરે અન્ય દેશોના એમના સાથીઓએ સંયુક્તપણે કરી છે. આ શોધે એટલું તો પુરવાર કરી જ આપ્યું છે કે આપણા અમુક પૂર્વજો શરીરશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં બોલવાની ક્ષમતા ધરાવતા હતા ખરા. □

# ભ્રાન્તિમૂલક ન્યૂટ્રિનો

છોટુભાઈ સુથાર

વિશ્વમાં સતત વહી રહેલા ન્યૂટ્રિનો પદાર્થ જગતના અતિ સૂક્ષ્મ મૌલિક કણો છે. કોઈ પણ પ્રકારનો વિદ્યુતભાર ધારણ ન કરનારા આ કણોને ખાસ દળ હોવાનું પણ માનવામાં નથી આવતું. પોતાના માર્ગે વહ્યે જતા ન્યૂટ્રિનો એમને રોકનારી કોઈ પણ આડશ સાથે અથડાઈ પડવાને બદલે માર્ગરોધકનું જાણે અસ્તિત્વ ન હોય તેમ તેની આરપાર નીકળી જાય છે.

સૂર્યના અભ્યંતરમાં હાઈડ્રોજનનું હેલિયમમાં રૂપાંતર થઈ રહ્યું છે ત્યાં ન્યૂટ્રિનો વિશાળ પાયા પર ઉત્પન્ન થાય છે અને સૂર્યમાંથી બહાર નીકળી બધી દિશામાં વહેવા માંડે છે. પૃથ્વી સુધી આવી પહોંચતા ઉક્ત ન્યૂટ્રિનોની સંખ્યા, દર ચોરસ સેન્ટિમીટર જેટલી જગાના હિસાબે, દર સેકંડે ૬૦ અબજ જેટલી છે!

ન્યૂટ્રિનોનું અસ્તિત્વ સાબિત થયું છે પણ પ્રાયોગિક રીતે તેમની ભાળ મેળવવાના પ્રયત્નો હજી સફળ થયા નથી. આજથી વીસ વર્ષ પહેલાં, અમેરિકન વિજ્ઞાની રેમન્ડ ડેવિસે, સોનાની એક ખાણમાં પૃથ્વીની સપાટીથી દોઢ કિલોમીટર ઊંડે, ન્યૂટ્રિનોનો પત્તો પામવા એક મોટું અભિજ્ઞાપક સાધન (Detector) ગોઠવ્યું હતું. ડેવિસનું માનવું હતું કે દર ૩૦૦ અબજ ન્યૂટ્રિનો પૈકી એકાદ ન્યૂટ્રિનો ઉક્ત સાધનમાં રખાયેલા અતિ શુદ્ધ પ્રવાહી સાથે અવશ્ય ટકરાશે અને એનો થડકાટ પ્રવાહીમાં મુકાયેલા ક્લોરિન ૩૭ના કોઈ કણને આર્ગન ૩૭માં પલટશે. ડેવિસ વાજબી રીતે માનતો હતો કે પૃથ્વીની દોઢ કિલોમીટરની ઊંડાઈને ન્યૂટ્રોન સિવાય બીજો કોઈ કણ ભેદી શકે તેમ નથી. ડેવિસ દ્વારા ઉપયોગમાં લેવાયેલું પ્રવાહી ૮૭,૫૦૦ ગેલન હતું અને તેમાં ૧/૧૬ ગેલન જેટલા વિશુદ્ધ ક્લોરિન ૩૭ના પરમાણુ હતા. આ પરમાણુ પૈકી કોઈ કોઈ સાથે ન્યૂટ્રિનો અથડાઈ પડતાં રેડિયો એક્ટિવ આર્ગન ૩૭ના પરમાણુ મળવાની ગણતરી હતી.

ન્યૂટ્રિનોનો પ્રાયોગિક પત્તો મેળવવા ડેવિસે ૨૦ વર્ષ સુધી પ્રયત્ન કર્યા હતા: અને એ બધાને અંતે એમ કબૂલ કરવું પડ્યું કે ઉક્ત પ્રયોગ ફળદાયી બની શક્યો નથી. લાંબા સમય સુધી ચાલેલા ડેવિસના ઉચ્ચ કક્ષાના સંશોધને કશું હકારાત્મક પરિણામ કેમ ન આપ્યું કે ડેવિસનું વિશિષ્ટ પ્રકારનું ન્યૂટ્રિનો દૂરબીન જે ન્યૂટ્રિનોની ભાળ મેળવવા સક્ષમ હતું તે ન્યૂટ્રિનો સૂર્યમાં અવસ્થિત બોરોન ૮ના વિઘટન સમયે પેદા થનારા કણો હતા. સૂર્યમાં બોરોનની માત્રા અતિ અલ્પ છે અને એના પરમાણુઓના વિઘટનથી બહુ મોટી માત્રામાં ન્યૂટ્રિનો પેદા થાય છે કે કેમ તે બાબત અનિશ્ચિતતાયુક્ત છે; અને આમ સૂર્યના પેટાળમાં ઉત્પન્ન થતા ન્યૂટ્રિનોનો ભેદ પામી શકાયો નહીં.

ડેવિસનો પ્રયોગ એક દૃષ્ટિએ વિશિષ્ટ ઊર્જાયુક્ત ન્યૂટ્રિનોને લગતો હતો. વિજ્ઞાનીઓએ વિચાર્યું કે સૂર્યમાં ઉત્પન્ન થઈ અવકાશમાં અતિ મોટી સંખ્યામાં વહેતા અતિ સામાન્ય મંદ ઊર્જાવાળા ન્યૂટ્રિનોને પરખી શકે તેવા કોઈ ઉપકરણ અંગેની યોજના કરવી જોઈએ. આ માટે ક્લોરિન ૩૭ને બદલે વિરલ ધાતુ ગેલિયમનો ઉપયોગ કરવાનું તેમણે વિચાર્યું. આ ધાતુના ૪૦ ટકા પરમાણુ ગેલિયમ ૭૧ છે જે વિરલ સંજોગોમાં મંદ-ઊર્જા ન્યૂટ્રિનોને અટકાવે તેમ છે: અને એમ કરતી વેળા ગેલિયમ ૭૧ના પરમાણુ રેડિયો સક્રિય જર્મેનિયમ ૭૧માં પલટાઈ જશે.

ઉપર્યુક્ત વિચારણાને અમલી બનાવવા, બધું મળી ૩૩ ટન પ્રવાહી ગેલિયમ ચાર મોટાં પાત્રોમાં ભરવામાં આવ્યું. બાદમાં પ્રયોગસ્થળે મુકાયેલા આ પ્રવાહીમાં કોઈ જર્મેનિયમ કણ બંધાયો છે કે કેમ તે જોવા, રાસાયણિક પૃથક્કરણ દ્વારા, દર મહિને ચકાસવાનું કાર્ય શરૂ થયું. પાત્રોમાં ઊભરી આવનારી રેડિયો સક્રિયતાના હિસાબે ગેલિયમ સાથે કેટલા ન્યૂટ્રિનો ટકરાયા તેનો ક્યાસ મેળવવાની વિજ્ઞાનીઓની ઉમેદ હતી.

એમ માનવામાં આવ્યું હતું કે સૂર્યમાંથી અસંખ્ય પ્રમાણમાં વછૂટતા ન્યૂટ્રિનો ગેલિયમ સાથે ટકરાશે અને એ દ્વારા જર્મેનિયમ ૭૧નું અસ્તિત્વ જાહેર કરશે. પણ અફસોસ! એવું કશું બન્યું નહીં.

અને છતાં વિજ્ઞાનીઓ હિમ્મત હાર્યા નથી. એમણે ૧૯૯૧ની સાલમાં ગેલિયમ અભિજ્ઞાપક પ્રયોજવાનું અને તે દ્વારા ફરીથી પ્રયોગ કરવાનું નિશ્ચિત કર્યું છે.

વૈજ્ઞાનિક પ્રયોગો નિષ્ફળતામાં શાથી પરિણમ્યા એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. વિશ્વમાં ન્યૂટ્રિનો અસ્તિત્વ ધરાવે છે તો પછી એવી કઈ બાબત છે કે જેના કારણે એમની ભાળ મેળવી શકાતી નથી? આધુનિક મંતવ્ય અનુસાર નીચે દર્શાવ્યા અનુસારની કોઈ પરિસ્થિતિને એ માટે કારણભૂત ગણી શકાય:

(૧) પ્રયોગોની કાર્યપદ્ધતિઓમાં યા પ્રક્રિયાઓમાં મૂળભૂત ખામીઓ રહેલી હોય.

પણ આ શક્ય નથી. કારણ કાર્યપદ્ધતિઓને એકવાર નહીં પણ વધુ વાર, ફરી ફરીને પરીક્ષણ કરી ચકાસી જોવામાં આવી હતી: તે દોષમુક્ત માલૂમ પડી હતી.

(૨) એમ પણ કેમ ન બને કે સૂર્યના પેટાળમાં જે કંઈ બની રહ્યું છે તે અંગેની આપણી સમજ દોષપૂર્ણ હોય.

પણ આમ કલ્પનું અર્થયુક્ત નથી. સૂર્યના પેટાળમાં ઉત્પન્ન થતી ઊર્જા અંગેનાં વૈજ્ઞાનિક મંતવ્યોમાં છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન કશો ફેરફાર થયો નથી.

(૩) ત્રીજું કારણ ઉત્તેજના જન્માવનારું છે.

(અનુસંધાન પૃ. ૨૯૮ પર)

* Elusive Nutrino પ્રતારણાપૂર્ણ ન્યૂટ્રિનો-

# પ્રદૂષણ અને પ્રાણીઓ

— ડૉ. નગીન મોદી —

ઉમાશંકર જોશીના 'વિશ્વશાન્તિ' કાવ્યમાં બે પંક્તિઓ છે:
'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી:
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ!'

મનુષ્ય પ્રકૃતિ સાથે આજે જે ચેડાં કરી રહ્યો છે તે સાથે આ પંક્તિઓ તરત જ સ્મરણે ચઢશે. શું આ જગતમાં કેવળ બેપગા માનવીનું જ આધિપત્ય છે? ના; આ વિશાળ જગમાં પશુ, પંખી, પુષ્પો અને વનવિસ્તરી વનસ્પતિ પણ છે જ. પરન્તુ આજનો માનવી જાણે આ બધું ભૂલી ગયો છે. પ્રકૃતિનો ખપ જેટલો મનુષ્યને છે તેટલો જ અન્ય પ્રાણીઓને પણ છે.

જેમ માનવીને સુખાકારી માટે અને સરળતાથી જીવવા માટે શુધ્ધ પાણી અને શુધ્ધ હવાની જરૂર પડે છે તેમ પ્રાણીમાત્રને જીવવા માટે આ બન્ને દ્રવ્યો જરૂરી છે. માનવીની જેમ પ્રાણી અને વનસ્પતિને આ પૃથ્વી પર જીવવાનો અધિકાર છે. પ્રવર્તમાન સમયમાં સતત બદલાતું જતું પર્યાવરણ આ અધિકારની આડે આવે છે. કુદરતે બક્ષેલાં હવા, પાણી અને ખાદ્યસામગ્રીના પુરવઠાનો માનવી આડેધડ ઉપયોગ કરી પર્યાવરણની સમતુલાને હાનિ પહોંચાડે છે. પરિણામે પશુ, પંખી અને વનસ્પતિ માટે જીવન ટકાવવું મુશ્કેલ બની ગયું છે. બેફામ વસ્તીવધારો, આડેધડ સ્થપાતાં જતાં ઔદ્યોગિક સંકુલો તથા માનવીની રોજિંદી સામાન્ય પ્રવૃત્તિઓને લીધે વન્યસૃષ્ટિનું નિકંદન નીકળી રહ્યું છે; તથા પ્રકૃતિએ રચેલી સમતુલા ડગી રહી છે. માનવ-વસ્તીની વૃધ્ધિ અને તેને લીધે માણસની જરૂરિયાતમાં થતો બેફામ વધારો કુદરતી રીતે મળેલા સ્રોતોનો વગર વિચાર્યે અને આડેધડ ઉપયોગ કરવા તેને પ્રેરે છે. આમ, પોતાનો જ નહિ, પણ સમગ્ર જીવસૃષ્ટિનો તે વિનાશ નોતરી રહ્યો છે.

આપણા જળસ્રોતોમાં અનેકવિધ પ્રદૂષકો અને અવાંછનીય દ્રવ્યો ઉમેરાતાં જાય છે તેમ તે પાણી એટલી હદે પ્રદૂષિત થઈ રહ્યું છે કે તે પાણી જીવનનો આધાર બનવાને બદલે જીવલેણ નીવડવા મંડ્યું છે. પાણીમાં રહેલાં પ્રદૂષક તત્ત્વો અત્યંત ઝેરી અને હાનિકારક જણાયાં છે. માત્ર માનવીના આરોગ્યને જ આ પ્રદૂષિત પાણી નુકસાન પહોંચાડે છે એવું નથી; પરન્તુ પ્રાણીઓ, પંખીઓ અને સમગ્ર જીવંત સૃષ્ટિ પર તે વિપરીત અસર કરે છે, અને તેના જીવનવ્યવહારને ખોરવી નાખે છે. એક જ સ્થળે સ્થપાતાં જતાં અનેક ઔદ્યોગિક સંકુલો અને નગરોની ગીચ વસ્તીને લીધે પાણીમાં અવનવાં પ્રદૂષકોનું પ્રમાણ વધતું જાય છે. કારખાનામાંથી નીકળતાં મલિન પાણીમાં આર્સેનિક, કેડમિયમ, ક્રોમિયમ, સીસું, પારા કે જસત જેવાં તત્ત્વો તથા સાઈનાઈડ અને ફ્લોરાઈડનાં સંયોજનો હોય છે. આ બધાં દ્રવ્યો હાનિકારક માલમ પડ્યાં છે. એક મોટામસ ઔદ્યોગિક સંકુલની બાજુમાં એકત્રિત થયેલું મલિન પાણી પીતાં એક હાથી ત્યાં ને ત્યાં તરફડીને મરી ગયો હતો. આ મલિન પાણીમાં પારા નામના તત્ત્વનું પ્રદૂષણ હતું. આર્સેનિક, સીસું, જસત, કે પારા જેવાં તત્ત્વો પ્રાણીના જ્ઞાનતંતુ પર વિપરીત અસર કરે છે, એટલું જ નહિ પણ તે પ્રદૂષકો ઝેરી અને જીવલેણ પણ હોય છે.

ફ્લોરસ્પાર ખનીજમાંથી ફ્લોરિન વાયુ છૂટો પાડી તેમાંથી ફ્લોરિનયુક્ત સંયોજનો બનાવવાનો ઉદ્યોગ પણ હવા અને પાણીને પ્રદૂષિત કરે છે. આ વાયુ આમ તો બ્રોમિન અને ક્લોરિન કુળનો છે. જે વિસ્તારમાં ફ્લોરાઈડનાં સંયોજનો બનાવવાનાં કારખાનાં હોય છે, તે વિસ્તારની હવાને આ વાયુ પ્રદૂષિત કરે છે. આ કારખાનાંમાંથી નીકળતું મલિન પાણી ફ્લોરાઈડથી પ્રદૂષિત થયેલું હોય છે. આ પાણીનો ઉપયોગ માણસ અને પ્રાણીઓ કરે તો તેમને હાડકાંનો રોગ થાય છે. તેમનાં હાડકાં અને દાંત પર સફેદ ડાઘ પડી જાય છે. ઘણીવાર તેમનાં અંગો જકડાઈ જાય છે અને પંગુતા આવે છે. ફ્લોરાઈડ-યુક્ત મલિન પાણી દૂધાળાં ઢોર પીએ તો તેમનાં આંચળ ફૂલીને મોટામસ થઈ જાય છે અને તેમના પગ પર ખૂબ સોજા ચઢી આવે છે.

બિનજરૂરી અને નુકસાનકારક જીવજંતુઓનો નાશ કરવા ડી.ડી.ટી. જેવાં જંતુનાશકોનો આજે ખેતીકામમાં બહોળો ઉપયોગ થતો હોય છે. સામાન્ય માણસ પણ આ જંતુનાશકોનો ઉપયોગ પોતાના ઘરમાં કરતો હોય છે. ખેતીકામમાં વપરાયેલાં જંતુનાશકોને લીધે અનાજના દાણા, ફળફળાદિ અને શાકભાજી પર આ ડી.ડી.ટી. ચોંટેલો હોય છે. જમીનમાં તે માટી સાથે ભળેલો હોય છે. આ ડી.ડી.ટી. કે અન્ય જંતુઘ્નોથી પ્રદૂષિત ખોરાક પ્રાણીઓ, પંખીઓ કે મનુષ્ય ખાય તો તેને ભારે નુકસાન થાય છે. ઘાસચારા પર ચોંટેલો ડી.ડી.ટી. ગાયભેંસ જેવાં દૂધાળાં પ્રાણીના શરીરમાં પ્રવેશે છે અને તે તેમના આરોગ્યને નુકસાન કરે છે. પ્રાણીના શરીરમાં પ્રવેશે તો ડી.ડી.ટી.ના થોડાક અંશ દૂધ વાટે બહાર આવે છે. આપણે રોજ જે દૂધ કે માખણ વાપરીએ છીએ તેમાં આ ડી.ડી.ટી.નું પ્રમાણ નુકસાનકારક માત્રામાં હોવાનું માલમ પડ્યું છે. આ સિવાય વણવપરાયેલા ડી.ડી.ટી.નો જથ્થો વરસાદથી ધોવાઈને ઠેઠ સમુદ્ર સુધી પહોંચે છે. છેવટે માછલી અને દરિયાઈ વનસ્પતિ ડી.ડી.ટી.થી પ્રદૂષિત થાય છે. તેને લીધે દરિયાઈ પ્રાણીઓનો નાશ થાય છે.

શહેર કે ગામડામાં એકત્ર થયેલા કચરાનું સૂક્ષ્મ જીવાણું દ્વારા કુદરતી રીતે વિઘટન થાય છે. આ વિઘટનની ક્રિયા વખતે પાણીમાં ઓગળેલો ઑક્સિજન વપરાઈ જાય છે. આને લીધે પાણીમાં રહેતાં દરિયાઈ પ્રાણીઓ અને માછલી જેવા જીવોને પૂરતો પ્રાણવાયુ મળતો નથી એટલે તે મરી જાય છે. આને પરિણામે જૈવિક સમતુલા પણ ખોરવાય છે.

આપણા ઉદ્યોગો જે મલિન પાણી બહાર કાઢે છે તેમાં અવાંછનીય દ્રવ્યો ઓગળેલાં હોય છે. આવાં કાર્બનિક કે અકાર્બનિક દ્રવ્યો પાણીને

દૂષિત કરે છે. તે પાણીનો રંગ, સ્વાદ અને ગંધ બદલી નાખે છે. આવું પાણી પીવાયોગ્ય રહેતું નથી. પ્રાણીઓ આવું પ્રદૂષિત પાણી પીએ તો તેમનાં સ્વાસ્થ્ય પર માઠી અસર થાય છે. જૈવિક સમતુલા ખોરવાતાં, તે પાણીમાં પ્રાણવાયુનું પ્રમાણ ઘટી જાય છે અને જીવંત સૃષ્ટિનો નાશ થાય છે. પરિણામે પાણી વધારે દુર્ગંધ મારતું થઈ જાય છે.

આપણા શહેરની ચારેકોર ઔદ્યોગિક સંકુલો સ્થપાતાં જાય છે. આ ઔદ્યોગિક સંકુલોમાં કોલસાથી ચાલતાં બૉઈલરો હોય છે. ખનીજ કોલસામાં ગંધકનું વત્તુંઓછું પ્રમાણ હોય છે. ખનીજ કોલસામાં તેના વજનના દસેક ટકા ગંધક હોય છે. આ કોલસો જ્યારે બળે છે ત્યારે સલ્ફર ડાયૉક્સાઈડ વાયુ ઉત્પન્ન થાય તે હવા સાથે ભળે છે. વળી, ઉદ્યોગને ઉપયોગી ગંધકનો તેજાબ પણ ત્યાં જ ઉત્પન્ન કરવામાં આવે છે. તેવા ઉદ્યોગોની ચિમનીમાંથી જે સફેદ ધુમાડો નીકળે છે તેમાં સલ્ફર ડાયૉક્સાઈડ નામનો તીવ્ર વાયુ હોય છે. ઔદ્યોગિક સંકુલોમાં જ્યાં ને ત્યાં ગંધકના તેજાબનું વિપુલ ઉત્પાદન કરવામાં આવે છે. કોલસાના જ્વલનને લીધે તથા ગંધકના તેજાબના ઉત્પાદન વેળા ઉત્પન્ન થતો સલ્ફર ડાયૉક્સાઈડ વાયુ હવાને પ્રદૂષિત કરે છે. તેના લીધે પ્રાણીમાત્રની શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા અવરોધાય છે. ફેફસાં અને શ્વાસનળીને માઠી અસર પહોંચે છે. આ વાયુ આંખ અને ચામડીને સ્પર્શતાં, તે બળવા મંડે છે. આ ઔદ્યોગિક સંકુલની આસપાસના વિસ્તારમાં કમોસમી માવઠું કે વર્ષાઋતુનો પહેલો વરસાદ પડે ત્યારે શુધ્ધ પાણી નથી વરસતું પણ ઍસિડનો વરસાદ પડે છે! આ ઍસિડવર્ષા વનસ્પતિનો નાશ કરે છે! ફળદ્રુપ જમીન રસકસ વિનાની થઈ જાય છે. આમ, વનસ્પતિનો નાશ થતાં પ્રાણીઓ માટે ખોરાકનો પુરવઠો ઘટે છે. અને તેના લીધે પ્રાણીઓને ભૂખમરો વેઠવાનો વારો આવે છે. આવી ઍસિડવર્ષા એલ્યુમિનિયમ જેવી ધાતુને ઓગાળીને પાણી સાથે વહેતી કરી દે છે. આવું પ્રદૂષિત પાણી છોડ કે વનસ્પતિ માટે ઝેર સમાન છે. તેનાથી જંગલોનો નાશ થાય છે. જંગલોનો નાશ થતાં તેની સીધી અસર વન્ય પ્રાણીઓનાં જીવન પર પડે છે.

સ્વયંસંચાલિત વાહનો જ્યારે રસ્તા પર દોડે છે ત્યારે તેમાંથી બહાર ફેંકાતા વાયુઓ વડે હવા પ્રદૂષિત થાય છે. પેટ્રોલ, કોલસો કે કેરોસીનના અર્ધજ્વલનને લીધે કાર્બન મૉનોક્સાઈડ, સ્મોગ રિએક્ટન્ટ્સ, ટોટલ ઑક્સિડન્ટ જેવા વાયુઓ ઉત્પન્ન થાય છે. હવામાં કાર્બન મૉનોક્સાઈડનું પ્રમાણ વધી જતાં માનવીની જેમ પ્રાણીઓ પણ ગૂંગળામણ અનુભવે છે. કાર્બન મૉનોક્સાઈડ અને નાઈટ્રિક ઑક્સાઈડ શ્વાસમાં લેતાં તે રક્તકણોમાં રહેલો ઑક્સિજન શોષી લે છે. પરિણામે રક્તકણોમાં રહેલા પ્રાણવાયુનું પ્રમાણ ઘટી જાય છે. તેને લીધે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં તકલીફ ઊભી થાય છે. ડિઝલ ઑઈલના જ્વલનથી કૅન્સર માટે જવાબદાર પાયરિન, ફ્લોરિન, ફ્લ્યુઓ એન્થ્રેસીન, બેન્ઝોપાયરિન જેવા ઝેરી વાયુ ઉત્પન્ન થાય છે. સાથોસાથ સીસાનાં સંયોજનો પણ બહાર પડે છે. તે શ્વાસમાં લેતાં માનવી તથા પ્રાણીના સ્નાયુ નબળા પડે છે. મગજના કોષને નુકસાન પહોંચે છે.

વસ્તીવધારાને લીધે માનવીય જરૂરિયાતોને પહોંચી વળવા આપણે વનમાં ઊગેલાં વૃક્ષોની મનફાવે તેમ કતલ કરતા રહીએ છીએ. વૃક્ષવિહોણી બનેલી આ ધરતી પર પૂરતો વરસાદ પડતો નથી. અનાવૃષ્ટિ જેવી આફત પણ આવી પડે છે. પરિણામે આપણી હરીભરી ધરતી વેરાન બની રહી છે. તદ્ઉપરાંત વાતાવરણમાંના કાર્બન ડાયૉક્સાઈડને શોષી લઈ વનસ્પતિએ બનાવેલા કાર્બનિક પદાર્થો પ્રાણીમાત્રનો ખોરાક છે. પ્રાણી આ પદાર્થોનું ઑક્સિજન સાથે દહન કરી પોતાની જીવાદોરી ટકાવી રાખે છે. આમ, કાર્બન-ઑક્સિજનનું સમતુલન જાળવી રાખવા માટે પ્રકાશ સંશ્લેષણની ક્રિયા અવરોધ વિના થતી રહેવી જોઈએ; પરન્તુ વૃક્ષો કાપવાથી જંગલોનો નાશ થાય છે, તેથી તેની અસર પ્રકાશસંશ્લેષણની ક્રિયા પર પડે છે. પ્રાણીમાત્રને જોઈતો ખોરાક પૂરતા પ્રમાણમાં બનતો નથી. વળી, અનાવૃષ્ટિને લીધે જંગલો લીલી વનસ્પતિવિહોણાં બની જાય છે. વનસ્પત્યાહારી પ્રાણીઓ ભૂખથી કમોતે મરી જાય છે. તેની અસર માંસાહારી પ્રાણીઓ પર પણ પડે છે. તેમને પૂરતો માંસ-ખોરાક ન મળવાથી તે પણ મૃત્યુને શરણ થાય છે. પરિણામે માનવીની અવિચારી પ્રવૃત્તિને લીધે પૃથ્વી પરથી પશુપંખીની જાત ઘટતી જાય છે.

વસ્તીવધારાને પહોંચી વળવા વધુ અનાજ ઉગાડવું પડે છે અને વધારે અનાજ ઉગાડવા માટે કૃત્રિમ ખાતરનો ઉપયોગ થાય છે. ખેતરમાં નાખેલાં ખાતરનો વણવપરાયેલ વધારાનો જથ્થો, નદી, સરોવર કે સમુદ્રમાં પહોંચી ત્યાં એકઠો થાય છે. આ કૃત્રિમ ખાતરને લીધે દરિયાઈ વનસ્પતિ કે લીલ વધારે પ્રમાણે ઊગે છે. આવી વનસ્પતિ પાણીમાં ઓગળેલાં પ્રાણવાયુને શોષી લે છે. તેથી જળચર પ્રાણીઓને પૂરતો ઑક્સિજન મળતો નથી અને તેમનો વિનાકારણ નાશ થાય છે.

વળી, આજકાલ એક નવા પ્રદૂષણનો ઉમેરો થયો છે. આ છે ઘોંઘાટ. ધ્વનિનું પ્રદૂષણ ઘોંઘાટ કહેવાય છે. ઘોંઘાટની માનવીના આરોગ્ય પર માઠી અસર તો પડે જ, સાથોસાથ પ્રાણીઓ અને પંખીઓને ૮-૧૦ અઠવાડિયાં ઘોંઘાટભર્યાં વાતાવરણમાં રાખ્યાં પછી, તેમની શારીરિક તપાસ કરતાં જણાયું કે તેમનું લોહીનું દબાણ અને લોહીમાંના કોલેસ્ટેરોલનું પ્રમાણ વધી ગયું હતું. ઘોંઘાટથી દૂધાળાં ઢોરને પૂરતો આરામ મળતો નથી તેથી તે ઓછું દૂધ આપે છે. ઘોંઘાટિયા વિસ્તારમાં રહેતાં પક્ષીઓને પણ પૂરતો આરામ મળતો નથી. તેથી તે સ્થળાંતર કરી શાંત વિસ્તારમાં જતાં રહે છે. દૂધાળાં ઢોર કે વનસ્પતિને મધુર કર્ણપ્રિય સંગીત સંભળાવવામાં આવે તો તે ફૂલેફાલે છે, તેનો સુયોગ્ય વિકાસ થાય છે અને વધારે દૂધ કે ફળફૂલ આપે છે.

આમ, પ્રદૂષિત પર્યાવરણથી પશુપંખીઓ માટે સુખશાંતિથી જીવવાનું દોહ્યલું બની ગયું છે અને તેની સીધી અસર આપણા સમાજજીવન પર પણ પડે છે. આપણે આ ભયસ્થાન પ્રત્યે ક્યાં સુધી ઉદાસીનતા સેવ્યા કરીશું? □

# સાહિત્યસંપર્ક

## લૉરેન્સ ડરેલ



બ્રિટિશ નવલકથાકાર અને કવિ લૉરેન્સ ડરેલનું ૮મી નવેમ્બર ૧૯૯૦ના રોજ ફ્રાન્સની દક્ષિણે સોમિઅરિસમાં પોતાના નિવાસસ્થાને ૭૮ વર્ષની વયે અવસાન થયું. ૧૯૧૨માં ભારતમાં દાર્જિલિંગ ખાતે એમનો જન્મ. દાર્જિલિંગમાં એમણે આરંભનું શિક્ષણ લીધેલું જ્યારે બાકીનું શિક્ષણ કેન્ટરબરિમાં સેંટ એડમન્ડ્ઝ સ્કૂલમાં પૂરું કરેલું. ૧૯૩૧માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ક્વેઈન્ટ ફ્રેગ્મેન્ટ' પ્રકટ થયેલો, જેમાં ૧૬થી ૧૯ની વય વચ્ચે રચેલાં એમનાં કાવ્યો સંગૃહીત થયેલાં. ૧૯૩૫માં એમણે ચાર્લ્સ નોર્ડનના તખલ્લુસથી પ્રથમ નવલકથા 'પૅનિક સ્પ્રિંગ' પ્રકટ કરી હતી; જ્યારે એ જ વર્ષે પોતાના અસલ નામથી 'પાઈડ પાઈપર ઓફ લવર્સ' નામક બીજી નવલકથા પણ પ્રકટ કરેલી. ભૂમધ્ય પ્રદેશમાં એમણે જીવનમાં ઘણાં વર્ષો ગાળ્યાં હતાં. તેમના આ વસવાટે એમની ઘણી મહત્ત્વની કૃતિઓમાં પશ્ચાદ્ ભૂમિકા પૂરી પાડી છે. ગ્રીસ પરની એમની જાણીતી કૃતિઓ 'પ્રોસ્પેરોઝ સેલ' ૧૯૪૫માં અને 'બિટર લેમન્સ' ૧૯૫૭માં આધારરૂપ છે. યુગોસ્લાવિઆ, સાયપ્રસ અને ઈજિપ્તમાં એમણે બ્રિટિશ પત્રકાર તરીકેની સેવાઓ આપેલી. 'એલેક્ઝાન્ડ્રિઆ ક્વોર્ટેટ' એમની ખૂબ જાણીતી નવલકથા-ચતુષ્ટયી છે. એમાંની પ્રથમ નવલકથા 'જસ્ટિસ'૧૯૫૭માં, બીજી અને ત્રીજી નવલકથા 'બાલ્થેઝર' અને 'માઉન્ટોલિવ' ૧૯૫૮માં તથા ચોથી નવલકથા 'ક્લી' ૧૯૬૦માં પ્રકટ થઈ હતી. આ નવલકથા-ચતુષ્ટયીમાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈજિપ્તમાં એમને જે અનુભવો થયા તેનો ચિતાર સુપેરે આપ્યો છે. ૧૯૬૮માં 'ટ્નક' નવલકથા અને 'નનકવેમ' ૧૯૭૦માં પ્રકટ થયેલી. 'મસ્યર' નવલકથા ૧૯૭૪માં પ્રકટ થયેલી.

એમણે કાવ્યસર્જન પણ ઠીક ઠીક પ્રમાણમાં કર્યું હતું. ૧૯૩૧માં 'ક્વેઈન્ટ ફ્રેગ્મેન્ટ'નામક પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકટ થયા પછી ૧૯૪૩માં 'અ પ્રાઈવેટ કન્ટ્રિ', ૧૯૪૬માં 'સિટીઝ, પ્લેન્સ એન્ડ પીપલ' અને 'ઑન સીમિંગ ટુ પ્રિઝ્યૂમ', ૧૯૫૫માં 'ધી ટ્રી ઑફ આઈડલનેસ', ૧૯૬૬માં 'ધ આઈકોન્સ', ૧૯૭૩માં 'વેગા એન્ડ અધર પોએમ્સ' સંગ્રહ પ્રકટ થયેલા. એમના આ કાવ્યસંગ્રહોમાંથી ચયન કરીને ૧૯૭૭માં એલન રોસે 'સિલેક્ટેડ પોએમ્સ ઑફ લૉરેન્સ ડરેલ' નામે સંગ્રહ પ્રકટ કર્યો છે.

ડરેલે પ્રવાસવર્ણનો પણ આપ્યાં છે. સિસિલીના ટાપુઓ પરનો એમનો પ્રવાસલેખ 'સિસિલિઅન કેરોલેસ'માં સરસ રીતે રજૂ થયો છે. 'બિટર લેમન્સ', 'રિફ્લેક્સન ઑન અ મરિન વિનસ' અને 'પ્રોસ્પેરોઝ સેલ' એમના પ્રવાસવર્ણનના અન્ય ગ્રંથો છે. ગ્રીસ આર્જેન્ટીનામાં એમણે કવિતાશિક્ષણ આપ્યું તે વ્યાખ્યાનો 'અ કી ટુ મૉડર્ન પોએટ્રિ' નામથી ૧૯૫૨માં ગ્રંથસ્થ થયા છે. ગદ્યકાર તરીકે એમની ખ્યાતિને લીધે એમના કવનની યોગ્ય મૂલવણી થઈ જણાતી નથી. પરન્તુ એમાં એક સંવેદનશીલ કવિનો સાફસૂથરો અવાજ જરૂર સંભળાય છે.

- ધી.પ.

## પ્રાપ્ત પ્રકાશનો

અટકળ : જાતને ઓળખવા, પામવા અને માણવાની મથામણ રૂપ કવિ દુર્ગેશ ઉપાધ્યાય-'મુક્ત'નાં કાવ્યોનો સંગ્રહ. (પ્રાપ્તિસ્થાન : ગુજરાત પુસ્તકાલય સ.સ. મંડળી લિ., સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા - ૩૯૦ ૦૦૧, પૃ. ૬૦, કિં. રૂા. ૫/-)

શ્વાસનો પર્યાય : પ્રફુલ્લા વોરાની ૫૧ ગઝલો. (પ્રકાશક : કુ. પ્ર. વોરા, ૩૭ શાંતિનાથ એપાર્ટ., ગોળીબાર હનુમાનના મંદિર પાસે, રૂપાણી, ભાવનગર - ૩૬૪ ૦૦૧. કિં. રૂા. ૭/૨૫).

ઋતુકંટક : દાઉદ જરગેલા -'કંટક'નાં નવાં અછાંદસ કાવ્યો. (પ્રકાશક : આરતી થીએટર્સ, સરસપુર કૉલેજ છાત્રાલયનું મકાન, મિરઝાપુર, અમદાવાદ. પૃ. ૮૮. કિં. રૂા. ૨૦).

એક્વેરીઅમ : કાસમ જખમીનાં ૭૫ હાઈકુ. (પ્રકાશક : બ્લોચ કાસમ એન., ટેલિફોન એક્સચેન્જ પાછળ, ખેડબ્રહ્મા - ૩૮૩ ૨૨૫. કિં. રૂા. ૧).

પશુઓની નગરયાત્રા : શ્રીમતી સુશીલાબેન ઝવેરીની સરસ સુગમ બાલવાર્તાઓ. (પ્રકાશક : શ્રીમતી સુશીલા ઝવેરી, ગણેશપ્રસાદ, નૌશીર ભરૂચા માર્ગ, તારદેવ, મુંબઈ - ૪૦૦ ૦૦૭. કિં. રૂા. ૧૪).

ગિજુભાઈની બાળવાર્તાઓ - ભા. ૨ : આઠથી ચૌદ વર્ષનાં બાળકોને વિશેષ રસ પડે તેવી ૧૮ વાર્તાઓ. (પ્રકાશક : લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. ૨૩, સરદારનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧. કિં. રૂા. ૫.)

અવગાહન : અજિત સરૈયાના સાહિત્યવિષયક ૧૨ નિબંધો. (પ્રકાશક : ઇન્દુ પ્રકાશન, ૩૯૮-એ, કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨. કિં. રૂા. ૧૫.)

આતમતૃષા : ઇન્દુ રજની મોદીની ૫૪ ગીતરચનાઓ. (પ્રકાશક : દિવ્યબાળા કે. મજમુદાર, ૩૪૧, લીલા નિવાસ, ચંદાવરકર રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯. કિં. રૂા. ૧૨.)

અંતિમ માંગલ્ય : એક પ્રણયત્રિકોણનાં ત્રણ પાત્રોના ભાવનાપરાયણ જીવનના ચઢાવઉતાર નિરૂપતી સંસારકથા. (લેખક-પ્રકાશક : ચંપકલાલ સંઘવી. પ્રાપ્તિસ્થાન : ગ્રંથ નિકેતન, ૭૮/૭૯ દાદાભાઈ નવરોજી માર્કેટ, વલસાડ - ૩૯૬ ૦૦૧. કિં. રૂા. ૫૪.)

(અનુસંધાન પૃ. ૨૯૨ પર)

# માધુકરી

ઈસુની ઉક્તિ

કાંટા તણો તાજ ધરી બજારે
ચાલ્યો, અને છેવટ અંગ ખીલા
ખાધા, કદી કંટક જો તમારે
વાગે પગે, થાવ ન ભાઈ, ઢીલા.

મકરન્દ દવે

## સર મોર્ટિમર વ્હીલરની જન્મશતાબ્દી

ધી આર્કિઓલૉજિકલ સર્વે ઑવ ઈન્ડિયા, ધી ઈન્ડિયન ઈન્ટરનેશનલ સેન્ટર અને ભારતમાંના બ્રિટિશ હાઈકમિશનના ધ બ્રિટિશ કાઉન્સિલ વિભાગના ઉપક્રમે ગઈ તા. ૨૮ નવેમ્બરથી ૪ ડિસેમ્બર સુધી નવી દિલ્હીમાં સર મોર્ટિમર વ્હીલરની જન્મ-શતાબ્દીની ઉજવણી થઈ ગઈ.

ભારતીય પુરાતત્ત્વ-સંશોધનના કાર્યને સુયોજિત વૈજ્ઞાનિક પદ્ધતિનું રૂપ આપીને આપણા પુરાતત્ત્વખાતાનો ઉદ્ધાર અને વિકાસ કરનાર તથા આજના આપણા અગ્રગણ્ય પુરાતત્ત્વવિદોના ઘડતરમાં સઘન તાલીમ સીંચીને એમનું એક ઉમદા જૂથ તૈયાર કરનાર સર મોર્ટિમર વ્હીલર પુરાતત્ત્વ-સંશોધન ક્ષેત્રની એક મહાન વ્યક્તિ હતા. આ ઉજવણી પ્રસંગે યોજાએલી વ્યાખ્યાનમાળાના ચાર પ્રમુખો - સર્વશ્રી બી.બી.લાલ, બી.કે.થાપર, એમ.સી.જોશી તથા એમ.એન.દેશપાંડે પણ સર મોર્ટિમર પાસે જ તાલીમ પામ્યા હતા. આપણે ત્યાં સરકારી તેમજ યુનિવર્સિટી સ્તરે પુરાતત્ત્વનું યોગ્ય મહત્ત્વ પ્રસ્થાપી એમાં સક્રિય રસ પ્રકટાવનાર તરીકે પણ આપણે સર મોર્ટિમરને સદાય યાદ કરતા રહીશું.

આમ તો આપણું પુરાતત્ત્વખાતું છેક ઈ. ૧૮૬૧થી ચાલતું હતું, પણ જાહેર બાંધકામ ખાતાની શાખા તરીકે અનેક મર્યાદાઓ એના વિકાસ અને કાર્યમાં અવરોધક બની રહેતી. જાહેર બાંધકામ ખાતાથી અલગ પડ્યા પછી યે આ ખાતાની કામગીરીનો યોગ્ય વિકાસ થવો બાકી હતો. સર મોર્ટિમરે તેને સુધાર્યું, વિકસાવ્યું અને એના આગવા વ્યક્તિત્વને ઘડ્યું. ત્યારથી એમની જ નિગેહબાનીમાં અને એ પછી ફરી એકવાર એમના જ માર્ગદર્શનમાં પુનર્રચના પામી આજ એ ખાતાએ દેશમાં સંખ્યાબંધ નવાં અને મહત્ત્વનાં સંશોધનો કરીને ભારતના ઈતિહાસની અનેક ખૂટતી કડીઓ સાંકળી આપીને આપણા ભૂતકાળ ઉપર ઘણો નવો પ્રકાશ પાડ્યો છે.

ઈ. ૧૮૯૦માં એક મધ્યમ વર્ગીય સ્કૉટિશ પરિવારમાં એમનો જન્મ થએલો. રૉબર્ટ એરિક મોર્ટિમર વ્હીલર એ એમનું પૂરું નામ. પિતા યૉર્કશાયરમાં એક અખબારમાં સહસંપાદક હતા.

વિદ્યાર્થી તરીકે મોર્ટિમરની કારકિર્દી ઉજ્જ્વળ હતી. યુનિવર્સિટી કૉલેજમાં એ માટે શિષ્યવૃત્તિ પણ મેળવેલી. એ સમયે એમને ચિત્રકાર બનવાની હોંશ હતી. આ માટે લંડનની સ્લેઈડ સ્કૂલ ઑવ આર્ટમાં પણ દાખલ થએલા, પણ થોડા જ કાળમાં ચિત્રકલામાં પોતાની હેસિયત પિછાની જઈ એ અભ્યાસ છોડી દીધો.

ઈ. ૧૯૧૨માં એમ.એ. થયા પછી રૉયલ કમિશન ઑવ હિસ્ટોરિકલ મ્યૂઝીઅમમાં જુનીઅર સંશોધક તરીકે જોડાયા, એટલામાં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં ફ્રાંસ અને ઈટલીના મોરચે તોપદળમાં કામ કર્યું. યુદ્ધ પછી વેલ્સના નેશનલ મ્યૂઝીઅમના પુરાતત્ત્વ વિભાગમાં સંરક્ષક તરીકે નિમણૂક મળી. આ સાથે કાર્ડિફ યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા પણ બન્યા. કાર્ડિફમાં એમણે સંગ્રહસ્થાનોનો સંઘ સ્થાપ્યો અને પુરાતત્ત્વવિષયક એક તાલીમ શાળા પણ ઊભી કરી. રોમનકાળનાં ત્રણ સ્થાનોમાં મહત્ત્વભર્યાં ઉત્ખનનો પણ કર્યાં. આ જ રીતે ૧૯૨૬માં લંડન મ્યૂઝીઅમમાં જોડાયા પછી સતત દસેક વર્ષ સુધી મહેનત કરી ૧૯૩૭માં એમણે પુરાતત્ત્વ-વિષયક એક સંસ્થા સ્થાપી તેના પ્રથમ ડિરેક્ટર બનેલા. દરમિયાન એમણે કરેલાં ઉત્ખનનો દ્વારા રોમનકાલીન બ્રિટન વિષેના એક નિષ્ણાત જ્ઞાતા તરીકે તેઓ ખ્યાત બની ગયા હતા. ફ્રાંસમાં પણ એમણે ઉત્ખનનકાર્ય કરેલું. એમનાં પત્ની પણ પુરાતત્ત્વના નિષ્ણાત હોઈ પતિને એમનો પૂરો સાથ હતો. ૧૯૧૪માં એમનાં લગ્ન થએલાં, અને ૧૯૩૭માં પત્નીનું અવસાન થએલું.

બીજા વિશ્વયુદ્ધમાં પણ વ્હીલરે મોરચા પર કામ કરેલું અને બ્રિગેડિઅર-પદ સુધી પહોંચેલા. પણ યુદ્ધકાળમાં જ ૧૯૪૪માં હિંદુસ્તાનના પુરાતત્ત્વ ખાતાના વડા સર જ્હૉન માર્શલ નિવૃત્ત થતા હોઈ મોર્ટિમરને યુદ્ધક્ષેત્ર પરથી પાછા બોલાવી લઈને આ ખાતાના ડિરેક્ટર જનરલ બનાવવામાં આવ્યા. ત્યારે હિન્દુસ્તાનથી અજાણ એવા એમને આ પદ સોંપાતાં ઘણાંને એમના કામને સફળતા મળવા અંગે શંકાઓ પણ થએલી, પરંતુ ચાર જ વર્ષમાં પોતાની દેખરેખ તળે કરાવેલાં ઉત્ખનનોથી તથા ખાતાની વહીવટી કામગીરીમાં અપૂર્વ સુવ્યવસ્થા આણીને એમણે પોતાની શક્તિ બતાવી આપી હતી.

તક્ષશિલામાં એમણે ઉત્ખનન આદર્યું ત્યારે તેમાં ભાગ લેવા અને એ રીતે આ પ્રકારનાં કામનો પ્રત્યક્ષ અનુભવ મળે એ હેતુથી એમણે હિંદભરમાંથી પુરાતત્ત્વ વિષયના યોગ્ય વિદ્યાર્થીઓને પણ આમંત્રીને તેમાં સામેલ કરેલા. આ ઉત્ખનનમાં એમણે સ્તરવાર ખોદકામ કરવાની પદ્ધતિનો પહેલી જ વખત ઉપયોગ કર્યો હતો. એમણે જ આ પદ્ધતિ વિકસાવી હતી જેના થકી ઉત્ખનનને અત્યંત મહત્ત્વનું અને પદ્ધતિસરનું સુવ્યવસ્થિત સ્વરૂપ મળ્યું છે. આજે દુનિયામાં લગભગ બધે આ પદ્ધતિ અજમાવાય છે. આનાથી આપણી ભૂતકાલીન સંસ્કૃતિના અનેક તબક્કાઓનાં અનુસંધાન શક્ય બન્યાં છે. કર્ણાટક પ્રદેશમાં બ્રહ્મગિરિનાં તથા પૉંડિચેરી નજીકનાં ઉત્ખનનો દ્વારા એમણે ભારત અને રોમ વચ્ચેના પ્રાચીન સંબંધો અંગે નક્કર સાબિતીઓ શોધી આપી હતી. હરપ્પાનાં ક્ષેત્રસંશોધન દ્વારા એમણે ૩૫૦૦ વર્ષ પૂર્વેની સિંધુતટની નગર-સંસ્કૃતિની કિલ્લેબંધીને પ્રકાશમાં આણીને સાબિત કર્યું હતું કે ભારતમાં ઊતરી આવેલા આર્યોને આ જ કિલ્લેબંધી સામે લડવું પડ્યું હતું અને એમાં જ આ હરપ્પન સંસ્કૃતિનો નાશ થયો હતો. હરપ્પીય કાળમાં એ સંરક્ષણ હરોળ છેક ગુજરાત સુધી પહોંચતી હતી એમ તેઓ માનતા હતા, અને કચ્છ તથા

લોથલનાં છેલ્લાં સંશોધનોથી એમની એ માન્યતાને પુષ્ટિ મળે છે એ હવે આપણે જાણીએ છીએ.

એ પછી એમની અહીંની નિમણૂકની અવધિ પૂરી થતી હતી, અને આપણી સરકારે એ મુદત લંબાવી નહિ ત્યારે તક ઝડપી લઈને પાકિસ્તાને એમને પોતાને ત્યાં પુરાતત્ત્વક્ષેત્રના સલાહકાર તરીકે બોલાવી લીધા. બે વર્ષ ત્યાં રહીને એમણે કરાંચીના સંગ્રહસ્થાનને પાકિસ્તાનના રાષ્ટ્રિય સંગ્રહસ્થાનનું સ્વરૂપ આપ્યું હતું. આવું જ કામ એમણે પૂર્વ આફ્રિકામાં પણ કર્યું હતું. ઇ. ૧૯૫૮માં પેશાવર નજીક ઉત્ખનન કરીને એમણે પ્રસ્થાપિત કરેલું કે પેશાવર એ જ ગાંધારની પાટનગરી પુષ્કલાવતીનું અસલ સ્થાન હતું.

ઇ. ૧૯૬૫માં ભારત સરકારે આપણા પુરાતત્ત્વખાતાનું કાર્ય નિહાળી એ અંગે તથા ખાતાને વધુ યોગ્ય રૂપ આપી તેની પુનર્રચના અંગે યોગ્ય સલાહસૂચનો આપવા એમને ખાસ બોલાવ્યા હતા. દિવસરાત મહેનત કરી માત્ર ત્રણેક સમાહમાં તો એમણે આ અંગે વિગતસભર અહેવાલ તૈયાર કરી આપ્યો હતો. ઝડપી કાર્યની આવી અપેક્ષા એ પોતાની સાથે કામ કરતા સૌ કોઈ પાસે પણ રાખતા. સંશોધનકાર્યોના અહેવાલ જો આમ તુરત જ તૈયાર ન થાય તો દરેક ઉત્ખનન- કાર્ય નિરર્થક બની રહે એમ તેઓ માનતા હતા. ભારતના પુરાતત્ત્વખાતા દ્વારા 'એન્શ્યન્ટ ઇન્ડિયા'નામનું એક સામયિક પણ પ્રકટ કરાવવા માંડેલું. પ્રકાશનની બાબતોમાં પણ એ નિષ્ણાત હતા. લેખનમાં પ્રત્યેક શબ્દ માટે ચોકસાઈના તેઓ આગ્રહી હતા. લશ્કરી અનુભવોને કારણે હાથ ધરેલું દરેક કાર્ય નિશ્ચિત રૂપે અને યોજનાબદ્ધ પૂરું કરી તુરત તેનો અહેવાલ તૈયાર કરી દેવાની તેમની ખાસિયત હતી. પુરાતત્ત્વમાં પ્રાચીન સિક્કાઓ, શિલાલેખો કે પ્રાચીન સાહિત્ય કરતાં ઉત્ખનનો દ્વારા મળતી સાબિતીઓ પર તેઓ વધુ આધાર રાખવાના મતના હતા.

'સિવિલિઝેશન ઓફ ઇન્ડસ એન્ડ બિયોન્ડ', 'સ્પ્લેન્ડર્સ ઓવ ધી ઇસ્ટ', 'અર્લી ઇન્ડિયા એન્ડ પાકિસ્તાન', 'ધી ઇન્ડસ વેલિ સિવિલિઝેશન' અને 'ફાઈવ થાઉઝન્ડ ઇઅર્સ ઓવ પાકિસ્તાન' વગેરે એમનાં વિખ્યાત અભ્યાસનીય પુસ્તકો છે. 'સ્ટિલ ડિગિંગ'નામે એમણે આત્મકથા પણ લખી છે. 'આર્મ્સ ફોર ઑબ્લિવિઅન' એમના લેખોનો સંગ્રહ છે. આ બધામાં એમની બુદ્ધિયુક્ત જિજ્ઞાસાવૃત્તિ, ચોટદાર રમૂજો તેમજ સરળ રસમય અને માહિતીસભર લેખનશૈલીનો પરિચય મળે છે. વ્યાખ્યાતા તરીકે પણ તેઓ રસ જમાવી શકતા. ટેલિવિઝન પરના એમના કાર્યક્રમોમાં એમની વિદ્વત્તા અને વ્યક્તિત્વ દીપી ઊઠતાં. પુરાતત્ત્વશાસ્ત્રના જ્ઞાન જેટલું જ મહત્ત્વ એમણે આ વિદ્યાને લોકપ્રિય બનાવવા અંગે પણ આપ્યું હતું. ભારતની ઘણી વિદ્યાપીઠોમાં પુરાતત્ત્વશાસ્ત્રના અભ્યાસની સગવડ સ્થપાવા પાછળ એમનો ઘણો મોટો હિસ્સો રહ્યો છે.

ભરાવદાર મૂછ, આગળ પડતું નાક અને ખુલ્લા ગરમ હવામાનમાં કામ કરવાને કારણે તામ્રવર્ણા બનેલા દેહથી એમનું એક આગવું જ વ્યક્તિત્વ પ્રકટ થતું. પોતાનાં જ્ઞાન અને કાર્યથી સૌને માટે પ્રેરણારૂપ બની રહેતા રસ મોર્ટિમરે ઉત્ખનનોમાંથી મળેલા કોઈ સામાન્ય લાગતા ભાંગ્યાતૂટ્યા અવશેષને તત્કાલીન માનવીની સિદ્ધિની દ્યોતક કૃતિમાં રૂપાંતરિત કરી બતાવીને પુરાતત્ત્વને શુષ્ક સંશોધનકાર્યના બદલે એક રસભરપુર વિદ્યા બનાવી દીધી હતી. આ એમની સૌથી મોટી સિદ્ધિ હતી. આપણા પુરાતત્ત્વવિદોને એમના થકી જે પ્રેરણા અને જ્ઞાન મળ્યાં છે એ બદલ આપણે સદાય એમના ઋણી રહીશું.

-બિ. ટાંક

## વિજયાલક્ષ્મી પંડિતની વિદાય

દેશના સ્વાતંત્ર્ય પૂર્વે ભારતની નારી એમની આજની પ્રગતિનાં હજી તો સ્વપ્નો જોતી હતી ત્યારે અનેકવિધ દિશામાં અગ્રચારી બની રહેવાનું સૌભાગ્ય પામનાર વિજયાલક્ષ્મી પંડિતના નામથી લગભગ સમગ્ર દેશ પરિચિત બની ગયો હતો. ગઈ તા.૧ ડિસેમ્બરે દેહરાદુન ખાતેના પોતાના નિવાસસ્થાને લાંબી માંદગી બાદ ૯૦ વર્ષની વયે એમનું અવસાન થયું. દેશની સાંપ્રત પરિસ્થિતિઓમાં વિસ્તૃત બનતી જતી એક નારીપ્રતિભાની વિલીનતા પર કાળની મહોર લાગી ગઈ. રાષ્ટ્રએ એક નિષ્ઠાવાન સામાજિક કાર્યકર, અસાધારણ રાષ્ટ્રવાદી, માનવઅધિકારોના પુરસ્કર્તા અને સ્ત્રીઉત્કર્ષના લડવૈયાં નારીરત્નને ગુમાવી દીધું.

અલ્હાબાદમાં પં. મોતીલાલ નેહરુના દેશખ્યાત નિવાસસ્થાન આનંદભવનમાં ઇ. ૧૯૦૦ની ૯ ઑગસ્ટે એમનો જન્મ થએલો. પં. જવાહરલાલ નેહરુનાં એ નાનાં બહેન. બચપણનું નામ તો સ્વરૂપકુમારી હતું, પણ ઘરમાં સૌ એમને 'નન્હી' કહેતા. સમૃદ્ધિની છોળો અને પૂરી પાશ્ચાત્ય રહેણીકરણી વચ્ચે એક અંગ્રેજ ગવર્નેસ મિસિસ હૂપરની દેખરેખ તળે એમનો ઉછેર થયો હતો. ઘોડેસવારી સહિત એમનું બધું જ ભણતર કોઈ શાળામાં નહિ પણ ઘરઆંગણે થયું હતું.

ઇ. ૧૯૨૧ના મે માસમાં ઉત્તરપ્રદેશમાં રણજિત સીતારામ પંડિત સાથે એમનું લગ્ન થએલું. રણજિત પંડિત મૂળ રાજકોટના, બૅરિસ્ટર અને સંસ્કૃતના વિદ્વાન હતા. મહાદેવ દેસાઈએ આ જોડી ગોઠવી આપેલી. આ લગ્ન પછી સ્વરૂપકુમારી વિજયાલક્ષ્મીના નામે ઓળખાતાં થયાં હતાં. આઝાદીની ચળવળો અને તેને કારણે ભોગવવા પડેલા જેલવાસથી આવી પડેલી તબિયતની નાદુરસ્તીમાં ૧૪ જાન્યુઆરી ૧૯૪૪માં રણજિત પંડિતનું અવસાન થએલું.

ભારત - સ્વાતંત્ર્યની લડતોમાં નેહરુ પરિવારની સાથોસાથ સક્રિય રહેનાર



વિજયાલક્ષ્મીએ અનેકવાર કારાવાસ પણ ભોગવ્યો હતો. અલ્હાબાદ મ્યુનિસિપાલિટીની શિક્ષણ સમિતિના અધ્યક્ષપણાથી એમની જાહેર કારકિર્દી આરંભાઈ ત્યારથી માંડીને '૭૦માં એમણે રાજકારણ છોડી દેહરાદુનમાં વસવાટ કર્યો ત્યાં સુધીનાં વર્ષોની એમની વિધવિધ કામગીરીની યાદી ઠીકઠીક લાંબી રહી છે. દેશની વિવિધ ચળવળોમાં નેતૃત્વ, બંધારણીય સભા અને ત્રીજી લોકસભાનું સભ્યપદ, ભારતનાં પ્રથમ મહિલા પ્રધાન, ઈંગ્લેન્ડ, આયર્લેન્ડ, ઝૈરે, અમેરિકા, મેક્સિકો, સ્પેઈન અને રશિયામાં એલચી, 'યુનો'માં ભારતીય પ્રતિનિધિઓનું નેતૃત્વ, 'યુનો'નું પ્રમુખપદ, ઑલ ઇન્ડિયા વીમેન્સ કૉન્ફરન્સનું પ્રમુખપદ, મહારાષ્ટ્રમાં રાજ્યપાલ સહિત અન્ય સંખ્યાબંધ પ્રવૃત્તિઓ ને તેના નેતૃત્વનો તેમાં સમાવેશ થાય છે. '૬૫માં લાલબહાદુર શાસ્ત્રીના પર્સનલ એન્વોય તરીકે તેઓ ફ્રાન્સ, હોલેન્ડ અને જર્મની પણ ગએલાં. લોકસભામાંથી છૂટા થઈ એમણે અમેરિકામાં વ્યાખ્યાનપ્રવાસ પણ કરેલો. એ વ્યાખ્યાનોમાં ભારતમાંના બ્રિટિશ શાહીવાદને એમના જેટલા સજજડ તમાચા કદાચ કોઈએ નહોતા માર્યા. ત્રણેક વર્ષ એમણે 'યુનો'માં આરબ-એશિયાઈ રાષ્ટ્રના જૂથનું નેતૃત્વ પણ કરેલું. વર્ણોન્માદના એ પ્રખર વિરોધી હોઈ આફ્રિકન પ્રજાઓનો ચાહ પણ એમણે મેળવેલો. રાજનીતિના ક્ષેત્રમાં બહુ ઓછી મહિલાઓએ એમના જેટલો યશ અને પ્રસિદ્ધિ મેળવ્યાં હતાં. દેશ-વિદેશમાંથી અનેક માનઅકરામ પામવા સાથે ૧૬ જેટલી માનદ્ ડૉક્ટરની ઉપાધિઓ પણ તેઓ ધરાવતાં હતાં.

ક્રોધ, સૌંદર્ય અને ઔદાર્ય એ નેહરુ કુટુંબની ખાસિયત રહી છે. બચપણથી જ લાડકોડમાં ઊછરેલાં વિજયાલક્ષ્મીમાં પણ એ જોવા મળતી, અને કદાચ વધુ પ્રમાણમાં પણ કહી શકાય. રાજકારણમાં યે તેઓ આગવા વિચારો ધરાવતાં અને એમાં એ પં. જવાહરલાલ કરતાં મોરારજીભાઈ, જગજીવનરામ અને કૃષ્ણમેનનની વધુ નજીક હતાં. 'ઇન્ડિપેન્ડન્ટ' અખબારમાં એમણે પત્રકાર તરીકે પણ કામ કરેલું, પરંતુ આગળ જતાં પત્રકારોને એ 'ટાળી ન શકાય તેવા ઉપદ્રવકારી' માનવા લાગ્યાં હતાં. ભારત સરકારને તેમણે 'અનિર્ણાયકતાની કેદી' કહી હતી. અંગ્રેજી અને હિંદુસ્તાનીના એ એક અચ્છા વક્તા ગણાતાં હતાં. સર્વધર્મસમભાવના હિમાયતી હતાં. ધાર્મિક ક્રિયાકાંડોમાં એમને શ્રદ્ધા નહોતી. અલબત્ત, જવાહરલાલજીની પુણ્યતિથિ ૨૭ મેના રોજ એ પોતાને ત્યાં હમેશાં પ્રાર્થના રાખતાં હતાં.

'ધી ઇવૉલ્યૂશન ઑવ ઇન્ડિયા', 'સો આઈ બીકેમ અ મિનિસ્ટર', 'પ્રિઝન ડેયઝ' અને 'રોલ ઑવ વીમેન ઇન ધ મૉડર્ન વર્લ્ડ' એમનાં જાણીતાં પુસ્તકો છે. એમને ત્રણ પુત્રીઓ છે - ચંદ્રલેખા, નયનતારા અને રીટા. આ ત્રણેને એમણે વિદેશમાં ભણાવી છે.

સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓને જે સ્થાન અપાયું છે તેથી નહિ, પણ આપકર્મે પોતાની બધી સ્થિતિ અને સ્થાન પ્રાપ્ત કરનાર એ એક તેજસ્વી ભારતીય નારી હતાં.

-બિ.ટાં.

## ખ્યાતનામ સ્થપતિ બાલકૃષ્ણ દોશીને માનદ્ ડૉક્ટરેટ

અમેરિકાની યુનિવર્સિટી ઑવ પેન્સિલ્વાનિયાએ પોતાની શતાબ્દીના ઉજવણી પ્રસંગે અમદાવાદના ખ્યાતનામ સ્થપતિ બાલકૃષ્ણ દોશીને 'ડૉક્ટર ઑવ ફાઈન આર્ટ્સ'ની માનદ્ ઉપાધિ એનાયત કરી છે. આવું જ બીજું પાન તેમને બલ્ગેરિઆના સોફિયામાં આવેલ 'ઇન્ટરનેશનલ એકેડેમી ઑવ આર્કિટેક્ચર' દ્વારા પણ રૌપ્ય ચંદ્રક સાથે અપાયું છે. ૧૯૮૮ના 'વિશ્વ ગુર્જરી'ના એવોર્ડ સાથે ૧૯૫૮થી ૯૦ દરમિયાન રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય સંસ્થાઓ દ્વારા એમને પંદરથી યે વધુ એવોર્ડ્ઝ અને પદવીઓ અપાઈ છે.

શ્રી દોશીએ 'વાસ્તુશિલ્પ' નામની સંસ્થા સ્થાપી સ્થાપત્યક્ષેત્રે ઉમદા કામગીરી કરી છે. ભારતમાં સ્થાપત્યક્ષેત્રે ભારતીય રહનસહન અને કળાકૌશલને લક્ષમાં રાખીને કામ કરવાના તેઓ હિમાયતી છે, અને આ ક્ષેત્રે પણ સંશોધનો કરતા રહેવાના તેઓ આગ્રહી છે.

## શિયાળો, શરદી અને સૂંઠ

શિયાળામાં ઘણાંને શરદીની ફરિયાદ રહે છે. એના માટે સસ્તો અને સચોટ ઉપચાર સૂંઠનો ગણાયો છે. સૂંઠને વિવિધ રીતે શરદીનાશક તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. કેટલાક પ્રયોગો આ રહ્યા :

૧. એક વાડકી પાણીમાં ચપટી સૂંઠ નાખી, ખૂબ ઊકાળી ને પાણી ઠંડું પડે ત્યારે રોજના પીવાના પાણીમાં તે મેળવીને પીવું.
૨. ચાહ, કોફી, ઉકાળો વગેરે પાણીમાં કપદીઠ ૨ ગ્રામ સૂંઠ નાખીને તે પીવું.
૩. એક ચમચી દહીં લઈ તેમાં એક ચમચી ઘંઉનો લોટ નાખી રતાશ પકડે ત્યાં સુધી શેકવો. પછી તેમાં પ્રમાણસર ગોળનું પાણી નાખી ઉકાળો. તેમાં ૨ થી ૪ ગ્રામા સૂંઠનો ભૂકો નાખી ગરમ ગરમ સુખડી તૈયાર થાય તે રોજ સવારે નરણા કોઠે ૨૦-૨૫ દિવસ ખાવાનું રાખો.
૪. સૂંઠ, ગોળ અને ઘી સરખા પ્રમાણમાં લઈ નાના આમળા જેવડી ગોળી બનાવી રોજ સવારે નરણા કોઠે લેવી.
૫. શરદીથી માથું દુખતું હોય ત્યારે સૂંઠને પાણીમાં પીસીને કપાળે તેનો લેપ કરવાથી દુખાવો ઓછો થશે.
૬. સૂંઠને દૂધમાં સારી પેઠે પીસીને જે દ્રાવણ બને તેનાં બબ્બે ટીપાં નાકમાં નાખવાથી ગળતા નાકમાં રાહત થશે.

સૂંઠ, આમ, શરદીનો શત્રુ છે. તેને તમારો મિત્ર બનાવો. **(સંકલિત)**

અનુસંધાન) સાહિત્ય સંપર્ક (પૃ.૨૮૯ પરથી

પત્રકારત્વ - સિદ્ધાંત અને અધ્યયન : પત્રકારત્વ શબ્દના ઉદ્ભવથી માંડી અખબારી સ્વાતંત્ર્યની આધુનિક વિભાવના સુધીના વ્યાપને આવરી લેતું સંશોધન-જન્ય સામગ્રી-સજજ અને એથી પત્રકારત્વના વિદ્યાર્થીઓ તથા પત્રકારત્વના વિવિધ અંગો વિષે સમજ પામવાના ઇચ્છુકોને માટે માહિતીપ્રદ ઉપયોગી પુસ્તક. લેખક : ડૉ. ચંદ્રકાન્ત મહેતા. (પ્રકાશક : ભૂમિ પ્રકાશન, ૨૭૫૯/૨, જીવણ કમળશીની પોળના નાકે, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. પૃ. ૧૫૮, કિં. રૂ. ૩૫.)

ગામ વિનાનો ગામેતી, અજડ હોય દીવાન;
રંજાડે રૈયતને જે, ચાર દિ'ના મે'માન.

● ઈંગ્લૅન્ડના એક વિખ્યાત નટ સર હેન્રી ઈર્વિંગ કમાણી અને કીર્તિના શિખરે પહોંચ્યા બાદ એક મિત્રે તેને લખ્યું કે, 'કપરી ગરીબી અને મહેનતના તમારી કારકિર્દીના આરંભના સમયમાં તમે તમારી ઘર-માલિક બાઈને એક પત્ર લખીને એક શિલિંગ ઉછીનો માગ્યો હતો. એ પત્ર મહાપુરુષોના હસ્તાક્ષરો વેચનારને ત્યાંથી ખરીદી લીધો છે. તમે કહો તો તેનો નાશ કરી નાખું. ઉત્તરમાં ઈર્વિંગે લખ્યું કે, 'એ પત્ર સાચવી રાખજો. હું તો તેના માટે મગરૂર છું.'

● સમાનાર્થી કહેવતો : ગરીબ માણસની સ્થિતિ વિષે-અકર્મીનો પડિયો કાણો/દુકાળમાં અધિક માસ/દુઃખતી આંખે ઝોકો વાગે/નબળી વાડને છીંડાં ઘણાં/દાઝ્યા ઉપર ડામ અને પડ્યા ઉપર પાટુ/ દૂબળા ઢોરને બગાઈઓ ઘણી/દૂબળો જેઠ દિયરમાં લેખાય/નીચી બોરડી સહુ ખંખેરે/ગરીબકી ઔરત સબકી ભાભી.

આ જ અર્થનો એક દોહરો -

સબળાથી સૌ કોઈ બીએ, નબળાને જ નડાય,
વાઘ તણો માગે નહિ, ભોગ ભવાની માય.

● ગણિતગમ્મત :

૧ થી ૯ સુધીના આંકડા ચઢતા ક્રમમાં એવી રીતે ગોઠવો કે જેથી જવાબ ૧૦૦ આવે.

(અ) ૧૨+૩૪+(૫×૬)+૭+૮+૯ = ૧૦૦

(બ) (૧+૨)×૩+૪-(૫×૬)+(૭+૮)×૯ = ૧૦૦

**(મનુભાઈ દેસાઈ)**

● ઑસ્ટ્રેલિઆના કિવી પક્ષીની ચાંચ એટલી સ્પર્શગ્રાહી-સેન્સિટિવ-હોય છે કે ઊંડે જમીનની અંદરથી પણ તે ઈયળ વગેરે જેવા જીવજંતુને ખોળી કાઢે છે.

● દક્ષિણ-પૂર્વ એશિયામાં અમુક અબાબીલ (કિવ સ્વીફ્ટ્સ) પક્ષીઓ પોતાની લાળમાંથી માળો બાંધે છે. ચીનાઓ તે માળાનો સૂપ બનાવીને પીએ છે.


● અમેરિકન સંયુક્ત રાજ્યો- યુ.એસ.એ.માં આઠ જેટલાં નગરો 'રોમ' નામથી ઓળખાય છે.

● આપણા હાથની આંગળીઓમાંની મધ્યમા આંગળીનો નખ અન્ય ચાર આંગળીના નખ કરતાં વધુ ઝડપે અને અંગૂઠાનો નખ અન્ય કરતાં ધીમી ગતિએ વધે છે.

● 'ઈનિએક' નામે પહેલા ડિજિટલ કમ્પ્યૂટરનો ૧૯૪૬માં વિકાસ થયો ત્યારે તેનું વજન ૩૦ ટન હતું અને તેમાં ૧૮૦૦૦ જેટલી વૅક્યુમ ટ્યૂબનો ઉપયોગ થયો હતો.

● ૧૮મી સદીમાં આયરલૅન્ડમાં 'ધ અર્લ ઑવ વેસ્ટપૉટલૅન્ડ' નામનો એક એવો અમલદાર હતો જેની જમણી આંખ તેની ડાબી આંખ કરતાં બેવડી મોટી હતી.

● પ્રાચીન રોમના આ એક સિક્કા ઉપર બળદનું આલેખન એટલા માટે છે કે ત્યારે આ સિક્કાનું મૂલ્ય એક બળદની કિંમત બરાબરનું હતું.



● ૮૭ વર્ષના એક આદમીએ ડૉક્ટરને કહ્યું, 'સાહેબ, આવતા અઠવાડિયે એક છોકરી સાથે મારાં લગ્ન છે.'

'તમે ગાંડા થયા છો? અરે, આ લગ્ન જીવલેણ બન રહેશે.'

'જેવા નસીબ, કન્યા મરી જાય એમાં હું શું કરી શકું ?'

● પ્રાથમિક સારવાર અંગેના એક પુસ્તકનું પ્રકરણ : લાગણીના કોઈ પ્રભાવમાં આવ્યા વિના મોંએથી કૃત્રિમ શ્વાસ આપવાની રીત.

● સોડા બાઈકાર્બ અને વેસેલીનનો મલમ કરીને તૈયાર રાખવાથી અકસ્માત દાઝ્યા ઉપર તુરત કામ લાગશે. દઝાયું હોય ત્યાં જાડો જાડો થર તુરત લગાવી દેવાથી ફોલ્લો ઊપડશે નહિ.



● કલાકણિકા : ગ્રીક પુરાણકથાઓ કાલ્પનિક પ્રાણી શિમેરાની જેવા વિવિધ પ્રાણીની દેહાકૃતિવાળા આ સ્ફિંક્સનું ભાસ્કર્ય એસીરિયન કળાનો એક નમૂનો છે. એમાં નારીના મસ્તક સાથેની સિંહણ દર્શાવી છે. આવાં સ્ફિંક્સ ક્યારેક ભય પમાડવા, ક્યારેક અનિષ્ટના દેવતા યા ક્યારેક ફંટાતા માર્ગ પરના રખેવાળ તરીકે મુકાતા હોવાની માન્યતા છે.

## ક્ષમાપ્રાર્થના

છેલ્લા ત્રણેક મહિનાથી અમદાવાદમાં વારંવાર અશાંતિ ઊભી થતી રહી છે. તેને કારણે અવાર-નવાર શહેર કરફ્યુગ્રસ્ત બન્યું છે. આને પરિણામે 'કુમાર'ના અંકોનું મુદ્રણ સમયસર થઈ શકયું નથી. આ પરિસ્થિતિને ખ્યાલમાં રાખી સહુ ગ્રાહકો 'કુમાર'ના પ્રકાશનમાં થતી રહેલી આકસ્મિક અનિયમિતતાને સમજશે એવી શ્રદ્ધા સાથે એમને પડેલી તકલીફ માટે ક્ષમાપ્રાર્થી છીએ. -તંત્રી

# કુમાર અંક ૭૪૫થી ૭૫૫ - વર્ષ ૬૩માનું

# વાર્ષિક સાંકળિયું


**ચિત્રો** — પૂર્ણરંગી મુખચિત્ર

આઈરિસીઝ (વાન ગોહ) ઑક્ટો.
કાશ્મીરનો શિકારો (છ.જાદવ) માર્ચ-એપ્રિલ
ગિરનાર (રવિશંકર પંડિત) માર્ચ-એપ્રિલ
હોડીઓ (યજ્ઞેશ્વર શુકલ) ઑગસ્ટ

**એકરંગી, રેખાંકન, શિલ્પ વગેરે**

ઊંટસવાર (યજ્ઞેશ્વર શુક્લ) મે-જૂન
કેરાકોટનું શિવાલય (ફોટો.રા.રાઠોડ) નવે.
ગોકુલ ઉપર ઇન્દ્રનો પ્રકોપ સપ્ટે.
ગોપિકાઓ (નાથદ્વારા શૈલી) ઑગ.
ગ્રીષ્મ (વાસુદેવ સ્માર્ત) મે-જૂન
ચામરધારિણી (દિદારગંજ યક્ષ) જાન્યુ.
જિસસના જન્મની વધાઈ (આંદ્રેઇ વાની) ડિસે.
જનની અને જાતક (જગત મહેતા) નવે.
ધરતીની પુત્રી (બી. પ્રભા) ફેબ્રુ.
નંદી જાન્યુ.
પારિજાત (છ.જાદવ) મા.-એ.
બુધ્ધ-જન્મ ફેબ્રુ.
ભંગીગેટ (સૂર્યકાન્ત પટેલ) જાન્યુ.
ભરતનાટ્યમ્ (શ્રાવણ ચાવડા) ઑક્ટો.
યક્ષિણી અંબિકા સપ્ટે.
યજ્ઞેશ્વરની કલાકૃતિઓ મે-જૂન
શ્રીલંકાના દૈત્યનું મહોરું ડિસે.
સખ્ય (હેમેન્દ્ર શાહ) મા.-એ

**કાવ્યો**

અનામી તરુ (જગદીશ ત્રિવેદી) ૨૫૫
આકાશ (ભાનુપ્રસાદ ત્રિવેદી) ૧૮૪
આદમી (બેન્યાઝ ધ્રોલવી) ૨૨૩
ઉપેક્ષિતા (મણિલાલ પટેલ) ૨૫૫
એ આષાઢી (જયંત પાઠક) ૧૧૪
ઘણાં વર્ષે (કિશોરસિંહ સોલંકી) ૫૩
છે (શ્યામ સાધુ) ૫૩
ઝરમરું છું (ચિનુ મોદી) ૧૧૪
દૂર છતાંયે પાસે (ચંદ્રકાન્ત શેઠ) ૧૧૪
ન માનવને મળે (ગોરખ) ૨૯
પુછાવો છો ને (દિરા.મોઢ) ૧
બને છે (હર્ષદ ચંદારાણા) ૧૮૪
બે અંજની (મનોજ ખંડેરિયા) ૧૮૪
બે પૂર્ણિમા (ઉશનસ) ૨૨૩
ભજન (સુધાંશુ) ૧
મરણ નામની ઊંઘ (ઉશનસ) ૧૪૯
રળજી (રાજેશ પંડ્યા) ૨૯
રે અંતર (ગીતા પરીખ) ૧૪૯
લાગે તે લખવું (સુરેશ દલાલ) ૧૮૪
વાજશું વગર સાજે (રાજેન્દ્ર શુક્લ) ૧૪૯
વાર્ધક્ય (જયન્ત પાઠક) ૨૫૫
વિલક્ષણ પ્રતીતિ (રાજેન્દ્ર શાહ) ૨૨૩
શબ્દવેધ (કૃષ્ણ દવે) ૨૫૫
સામિપ્ય (રાજેશ પંડ્યા) ૮૯
સુધન્ય ! અહીં અશ્વ... (ભાનુપ્રસાદ પંડ્યા) ૧૧૪
હવે કયારે...(વિનોદ જોશી) ૧૪૭
હાઈકુ (હરિહર જોષી) ૧૮૪
હે શબ્દ ! (જિ.કા.વ્યાસ) ૮૯

**જીવનપરિચય**

કેરી નેશન (બિ.) ૮૧
છગનલાલ જાદવ, સ્વ. (બિ.) ૫૭
જિદ્દુ કૃષ્ણમૂર્તિ (બબાભાઈ પટેલ) ૧૮૫
પિથીઆસ (બિ.) ૩૦
ફિરોઝ દાવર, પ્રો.(કમલા પરીખ) ૨૨૪
બોરીસ પાસ્તરનાક (રંજના દ્વિવેદી) ૧૪૯
યજ્ઞેશ્વર શુકલ, સ્વ.(બિ.) ૯૧
વી. શાંતારામ (બિ.ટાં.) ૨૫૬
સચલ સરમસ્ત (જયંત રેલવાણી) ૨
હો ચી મીન (ધીરુ પરીખ) ૧૧૫

**વાર્તા-નાટિકા**

ઉપાધ્યાયનું લૉકેટ (સુકન્યા ઝવેરી) ૯,૩૩
કથાસરિત્સાગર (કનુભાઈ જાની) ૧૨૨, ૧૬૮, ૧૯૫, ૨૩૩, ૨૮૦
ગુલાબવાડી (ભગીરથ બ્રહ્મભટ્ટ) ૫૯
ચકલીઘર (યોસેફ મૅકવાન) ૨૨૯
ડ્યૂએલ (સુકન્યા ઝવેરી) ૭૪
ધુમલગઢની હંટિંગ લોજ (સુકન્યા) ૧૦૭
નિર્મૂળ (ભગીરથ બ્રહ્મભટ્ટ) ૩૭
પરસ્પર (ભગવતીકુમાર શર્મા) ૧૨૦
પ્રતિશોધ (રઘુવીર ચૌધરી) ૧૬૩
ફરેબી (જનક ત્રિવેદી) ૧૫૩
બીજી જ વાત (અશોકપુરી ગોસ્વામી) ૨૬૧
મરણખત (હરિકૃષ્ણ પાઠક) ૧૯૦
રાજા મિડાસ (ચિનુ મોદી) ૨૬૯
? (ભગીરથ બ્રહ્મભટ્ટ) ૯૭

**ચરિત્રનિબંધ**

આનંદશર્મન્ (આનંદશર્મન્) ૪૩
કનુ એસ.ટી. (આનંદશર્મન્) ૧૯

**લઘુકથા**

ઓળખપત્ર (બેલા રાવલ) ૧૫
જવાબ આવ્યો (મનુભાઈ દેસાઈ) ૨૩૦
તંતુ (રમેશ ત્રિવેદી) ૨૬૪
પ્રશ્ન (મુકુન્દ દે. ભટ્ટ) ૩૮
બરાબર ઇકોતેર (વિનોદ ભટ્ટ) ૧૨૮
બા-વચી (ભગીરથ બ્રહ્મભટ્ટ) ૧૮૯
રામ (મુકુંદ દે. ભટ્ટ) ૨૦૩
સંવાદ (મુકુંદ ભટ્ટ) ૨૦
સાવ અચાનક (પ્રફુલ્લ રાવલ) ૧૬૭
સ્વપ્નલોક (બેલા રાવલ) ૫૩

**લેખો - ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ**

અંબાપુરની વાવ ૮૩
જળપ્રલય અને પુરાતત્ત્વ (હસમુખ વ્યાસ) ૧૮૭
દીદારગંજ યક્ષી (વી.વી.ગણાત્રા) ૧૮
શ્રવણનાં માતાપિતા (રાયજાદા) ૨૬
સૃષ્ટિસર્જનની કથાઓ (કનુભાઈ જાની) ૧૯૭

**પ્રકીર્ણ**

અંગ્રેજી સાહિત્યનું આચમન (મધુસુદન પારેખ)
રેસ્ટોરેશન ૧૭૨
રેસ્ટોરેશન કોમેડિ ૨૦૬, ૨૪૩
ઊર્મિલ કોમેડિ ૨૮૨
આરોગ્યસૂત્ર (પુનર્વસુ) ૧૩૮, ૧૫૨, ૧૯૯, ૨૩૦, ૨૭૭
ઈશાવાસ્ય ઉપનિષદ્ (રાજેન્દ્ર શાહ) ૨૧૨, ૨૩૬, ૨૬૮
ઉ.ગુજ.માં પતંગિયાં (રજની ત્રિવેદી) ૧૧૧
ઉત્તર ધ્રુવની આરપાર (બિ.)
કસોટી ૯૦
ક્રિકેટ (કુમારપાળ દેસાઈ)
ક્રિકેટનું પરોઢ - ૧ ૧૩૦
બેટ - ૨ ૧૭૫
બૂટ અને કૅપ - ૩ ૨૧૦
ગ્રીપ, સ્ટાન્સ અને એકાગ્રતા - ૪ ૨૪૧
બૅક લિફ્ટ અને ફૂટવર્ક ૨૭૬
ક્રિકેટ મરી ગયું રે લોલ (ચં.ચી.મહેતા) ૧૩૯
ખાલીપો (લાભશંકર ઠાકર) ૧૪૦
ગાયત્રીમંત્ર (રાજેન્દ્ર શાહ) ૧૨૫
જાણો છો? ૪૮
ટેલિવિઝન (હસમુખ બારાડી) ૨૧, ૮૧

દૃષ્ટિની કમાલ (સુશ્રુત પટેલ) ૧૨૬
નાથદ્વારા ચિત્રશૈલી...(અમિત અંબાલાલ) ૧૩૨
નિષ્ફળતા પણ...(વિનોદ ભટ્ટ) ૨૦૫
પતંગિયાંનું સ્થળાંતર (રજની ત્રિવેદી) ૮૫
પક્ષીપ્રાણીની આત્મરક્ષા (ક.રામાનુજ) ૧૩૫
પરિવર્તનના પંથે (સચ્ચિદાનંદ) ૧૨૪
પ્રદૂષણ અને પ્રાણીઓ (ડૉ. નગીન મોદી) ૨૯૦
પૈસો કદી જેલમાં...(વિનોદ ભટ્ટ) ૨૩૧
બ્રિટનની ટપાલસેવા ૪૬
ભારતરત્ન (ભરતકુમાર ઠાકર) ૨૪૫
મેઘદૂત (ગૌ.પટેલ, ક.દવે) ૧૪૩
ભ્રાંતિમૂલક ન્યૂટ્રિનો (છો. સુથાર) ૨૮૯
વાન ગોહ અને યુતિ (સુશ્રુત પટેલ) ૨૦૦
વી. શાન્તારામ (પીયૂષ વ્યાસ) ૨૮૫
સાઠ હજાર વર્ષ... (સુશ્રુત પટેલ) ૨૮૭
સુખ એટલે...(વિનોદ ભટ્ટ) ૨૭૮
સુપરનોવા '૧૯૮૭-એ' (સુશ્રુત પટેલ) ૬૧, ૯૨
સૂફી સંપ્રદાય (સં.) ૪

**પ્રવાસ**

અમેરિકન દૃશ્યાવલિ (ભોળાભાઈ પટેલ)
ગ્રાન્ડ કેન્યન - ૧ ૧૫૯
સહસ્રદ્વીપ ઉદ્યાન - ૨ ૧૩૬
ફિંગર લેક્સ વિસ્તાર - ૩ ૧૯૨
ફિંગર લેક્સ - હજી હજી - ૪ ૨૩૭
નાયગરા - ૫ ૨૬૫

હિમાલયનાં સંસ્મરણો (ન. પારેખ)
યમુનોત્રીની યાત્રા ૧૩
યમુનોત્રીનાં દર્શન ૩૯
ગંગોત્રીની યાત્રા ૬૯

**વિભાગીય લેખો** **કલાવાર્તા**

નંદુ પંડ્યા (જયંત સિદ્ધપુરા) ૧૭૭
મધુભાઈ ચાંપાનેરિયા (સિદ્ધપુરા) ૨૪૦
રસિકપ્રિયા ૯૦
વાન ગોહની સંવત્સરસદી (બિ.) ૨૧૩
શ્યાવક્ષ ચાવડા, સ્વ. (બિ.) ૨૧૩
સુધાબેન દેસાઈ (બંસીલાલ) ૪૪
સૂર્યકાન્ત પટેલ (નટુભાઈ પરીખ) ૧૭

**સાહિત્ય સંપર્ક**

અવલોકનો અને સ્વીકારનોંધ ૧૩૯, ૨૧૭, ૨૪૯,
ઈરવિંગ વોલેસ (ધી.પ.) ૭૮
ઓક્તાવિઓ પાઝ (ધી.પ.)
કુર્રતુલ ઐન હૈદર (મોહંમદ કુરેશી) ૧૪૨
ધનસુખલાલ મહેતા (ધી.પ.) ૨૧૬
નગીનદાસ પારેખને એવોર્ડ (ધી.પ.) ૧૭૮
પેટ્રિક વ્હાઈટની વિદાય (ધી.પ.) ૨૪૮
લૉરેન્સ ડરેલ (ધી.પ.) ૨૯૨

**માધુકરી** **કાવ્યકંડિકા**

ઈસુની ઉક્તિ (મકરન્દ દવે) ૨૯૩

આવી રે દિવાળી (બાદરાયણ) ૨૧૯
બે દિવસની અમે રાહ...(ઉ.જોશી) ૧૪૪
મેહુલિયો વંન વંન (રાજેન્દ્ર શાહ) ૧૮૧
સૂર્ય પણ અસ્પષ્ટ (ઇન્દ્રકુમાર ત્રિવેદી) ૨૫૦

**પરિચય અને અવસાન નોંધ**

પીંગળશી ગઢવી (બળવંત જાની) ૨૫૦
બાલકૃષ્ણ દોશી (બિ.ટાં.) ૨૯૬
મધુકર રાંદેરિયા (ધી.પ.) ૨૧૯
મોરેવિયાનો વિલય (સુરેશ શુક્લ) ૨૫૧
મોર્ટિમર વ્હીલર (બિ.ટાં.) ૨૯૩
વિજયલક્ષ્મી પંડિત (બિ.ટાં.) ૨૯૫
હરીન્દ્ર ચટ્ટોપાધ્યાય (બિ.) ૧૪૪

**પ્રકીર્ણ**

ચાર પૈડાંના સંચાલનવાળી... ૨૫૧
જળોમાંથી નવી દવા ૨૫૨
તેર જીવનસૂત્રો ૨૧૯
નાઈટિનોલ ૨૨૦
પર્યાવરણનું જોખમ ૧૮૧
ભાવિ ગ્રંથાલય ૧૮૧
વીરનગરનું નેત્ર-ચિકિત્સાલય (અ.યાજ્ઞિક) ૧૮૧
શહેરો અને સેનિટેશન (સૂર્યકાન્ત પરીખ) ૨૨૭
શિયાળો, શરદી, સૂંઠ ૨૯૬
સર્વધર્મસમભાવ (ગાંધીજી) ૨૫૨


## 'કુમાર'ના નવાં પ્રકાશનો

૧૯૯૧થી 'કુમાર'ના જૂના અંકોમાંથી કાવ્ય, વાર્તા, ચરિત્ર વગેરેનું ચયન કરી ગ્રંથરૂપે તે પ્રકટ કરવાનું વિચારાયું છે.

પ્રથમ તબક્કે 'કુમાર'ના પ્રથમ બે દાયકાની સામગ્રીમાંથી કાવ્ય, વાર્તા અને ચરિત્ર એમ ત્રણ પુસ્તકોનો એક સંપુટ મે ૧૯૯૧માં પ્રકટ થશે.

આગોતરા ગ્રાહક બનવાની તેમજ અન્ય વિગતોની વિસ્તૃત માહિતી હવે પછી પ્રકટ કરીશું.

-તંત્રી

## સૂચના

- સર્જકે કૃતિને છેડે પોતાનું પૂરું નામ-સરનામું લખવું.
- અંદરના બિડાણને ચીટકી ન જાય તે રીતે પરબીડિયું બીડવું.
- વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર વ્યવસ્થાપકને ઉદ્દેશીને જ કરવો.

## યોગાસનો